ડોશીમાની વાતો



KUMAR PRINTERY, AHMEDABAD

ડોસીમાની વાતો

શ્રી. ઝવેરચંદ મેઘાણીનાં લખેલાં બીજાં પુસ્તકો

સૌરાષ્ટ્રની રસધાર ભાગ ૧થી ૫		૭—૮—૦
સોરઠી બહારવટીઆ	ભ. ૧ થી ૩	૩—૮—૦
રઢીઆળી રાત	ભા. ૧ થી ૩	૨—૦—૦
ચુંદડી	ભા. ૧ થી ૨	૧—૬—૦
યુગવંદના		૨—૦—૦
નિરંજન		૨—૦—૦
પુરાતન જ્યોત		૧—૮—૦
કંકાવટી ભા. ૧ થી ૨		૧—૧૦—૦
દાદાજીની વાતો		૦—૮—૦
ડોસીમાની વાતો		૦—૮—૦
વેણીના ફૂલ		૦—૮—૦
કિલ્લોલ		૦—૮—૦
સોરઠી ગીતકથાઓ		૧—૦—૦
સોરઠી સંતો		૦—૧૨—૦
રાણો પ્રતાપ		૧—૪—૦
સોરઠ તારાં વહેતા પાણી		૨—૮—૦
વંઠેલા અને બીજાં નાટકો		૧—૦—૦
સત્યની શોધમાં		૧—૦—૦
ચિતાના અંગારા		૦—૪—૦
જેલ ઑફિસની બારી		૧—૦—૦
પ્રતિમાઓ		૧—૪—૦
પલકારા		૧—૮—૦

: મળવાનું મુખ્ય સ્થળ :

આર. આર. શેઠની કું. બુકસેલર્સ

કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ

ડોસીમાની વાતો

લેખક

ઝવેરચંદ મેઘાણી

: પ્રકાશક :
આર. આર. શેઠની કં.
બુકસેલર્સ એન્ડ પબ્લિશર્સ
કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ

આવૃત્તિ પાંચમી
તા. : ૧૫ : ૧૨ : ૩૭
પ્રત : ૧૧૫૦

પહેલી આવૃત્તિ : નવેમ્બર ૧૯૨૩
બીજી આવૃત્તિ : માર્ચ ૧૯૨૬
ત્રીજી આવૃત્તિ : ફેબ્રુઆરી ૧૯૨૮
ચોથી આવૃત્તિ : ડીસેમ્બર ૧૯૩૨

મૂલ્ય ૦–૮–૦

: : મુદ્રક : :
નાગરદાસ મોહનલાલ
સ્વાધીન મુદ્રણાલય
સૌરાષ્ટ્ર રોડ : રાણપુર

નિવેદન : પાંચમી આવૃત્તિનું

આ પુસ્તકનું લખાણ હું ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર'માં જોડાવા આવ્યો ત્યારે સાથે લઈ આવ્યો હતો. મારા લેખક-જીવનની વ્હેલી પરોડનું આ સર્જન આજે પાંચમી આવૃત્તિ નિહાળે છે. ઘણા વખતથી એની ચાલુ માગ છતાં એ અપ્રકટ રહ્યું હતું.

રાણપુર
૩-૧-૩૮

ઝવેરચંદ મેઘાણી

ડોસીમાની વાતો

સાંકળીયું

ઈલા

એક માળીને દીકરી હતી. તેનું નામ ઇલા. ગરીબ ઘરની છોકરી છતાં ઇલા તો રૂપરૂપનો ભંડાર. સવારે છાબડી લઇને બગીચે ફૂલ વીણે, ને ફૂલમાંથી આખો દિવસ બેઠી બેઠી માળા ગૂંથે. સાંજે એના ભાઇ-બાપ એ માળા વેચી આવે, ને એ પૈસામાંથી ગરીબ ઘરનું ખરચ નીકળે.

એક દિવસ બગીચામાં આવીને ઇલા જુએ તો ફૂલ ન મળે. પાડોશી લઇ ગયેલાં. ઇલાની આંખોમાં પાણી આવ્યાં. હવે શી રીતે તે દિવસનું ગુજરાન થશે ? કોઇને ઇલાએ ગાળો દીધી નહિ. એ તો તળાવને કાંઠે ગઇ. તળાવની અંદર ઘણાએ રાતાં ને ધોળાં કમળ ખીલેલાં: કેમ જાણે હંસ બેઠાં હોય! વાંકી વળીને ઇલા ફુલ તોડવા લાગી. છાબડી છલોછલ ભરીને જ્યાં ઉભી થાય ત્યાં તો કોઇ બોલ્યું, "ઇલા!"

પાછી ફરીને ઇલા જુએ ત્યાં તો પાણીમાં એક મોટો સાપ બેઠેલો. ઇલા ચમકીને ઉભી રહી. એને બીક લાગી. પણ સાપની માનવીના જેવી વાચા જોઇને એના મનમાં કૌતુક થયું. ફરીવાર સાપ બોલ્યો, “ડરીશ મા, ઇલા! હું એક રાજકુમાર છું. એક મુનિનો શાપથી, સર્પ બનીને આ સરોવરમાં રહું છું. મારાથી માણસો બીએ છે, ને કોઇ આ કિનારે આવતાં નથી. અરેરે! કેવાં માણસનાં મન! હું તો કોઇને જરાય કનડતો નથી. પાણીની અંદર એક મોટો મહેલ છે. એ મહેલમાં જઇને હું માનવીનું રૂપ લઉં છું. મહેલ-માંથી નીકળતાં જ મારે સાપ બની જવું પડે. માછલાંની ને દેડકાંની વાતો મારાથી સમજાય છે. એ બધાંની સાથે એક બે વાતો કરીને મન હળવું કરૂં, પણ ગમે તેમ તો યે એ બધાં તો માછલાં ખરાંને! ને હું તો માનવી. એની સાથે વાતો કરીને કાંઇ જીવાય? એટલે જ તને કાંઇક કહેવાનું મન થાય છે. તું તે સમજી શકીશ ઇલા?”

ઇલાનું મ્હોં ઉઘડયું. એ બોલી, “શું કહો છો?”

સાપ બોલ્યો, “મારી સાથે તું વિવાહ કર. તને હું મારી રાણી બનાવીશ કેટલાં કેટલાં મણિમાણેક ને કેટલાં કેટલાં હીરામોતી તારા હાથમાં સોંપીશ. સુંદર ઇલા! ચાલ મારી સાથે.”

સાપની વાત સાંભળીને ઇલાને અફસોસ થયો. મનમાં થયું કે એની સાથે પાણીની અંદર જાઉં ને જોઇ તો આવું

કે કેવું એનું રૂપ છે, કેવીક એની ધનદોલત છે, ને કેવોક એનો ઘરસંસાર છે. અરેરે! એ બિચારાથી એકલા શી રીતે જીવાતું હશે?

પણ એને બીક લાગી. કાંઇયે બોલ્યા વિના એ ઘેર ચાલી ગઇ. બીજે દિવસે પાછી ઇલા તળાવની પાળે આવી. કમળનાં ફૂલ ગઇ કાલે ખૂબ ખપેલાં. પણ ફક્ત કાંઇ ફૂલને માટે ઇલા નહોતી આવી, એના મનમાં હતું કે ફરી વાર એ સાપ મળશે.

તે દિવસે પણ સાપ આવ્યો ને બોલ્યો, "આવો, આવો, ઇલા! મારી રાણી! પધારો!"

કેવો દયામણો એનો અવાજ! બે ડગલાં આગળ ચાલીને ઇલા પાછી થંભી ગઇ. પણ ત્રીજે દિવસે તો ઇલાને બીક લાગી જ નહિ. સાપે આવીને બોલાવી કે "ઇલા!" ત્યાં તો તરત છાબડી ફેંકી દઇને ઇલા પાણીમાં પડી. ઇલાને પીઠ ઉપર બેસાડીને સાપ પાણીમાં ચાલ્યો ગયો.

પાણીની અંદર મોટો રાજમહેલ. પણ એમાં કોઇ યે માનવી નહિ. નોકર, ચાકર બધાંય માછલાં. નવા રાણીજી આવ્યાં, એટલે માછલાં તો આનંદમાં ને આનંદમાં નાચવા મંડયાં.

સાપે આવીને માનવીનું રૂપ લીધું. એવું રૂપ તો ઇલાએ કોઇ દિવસ નહોતું જોયું. એના મનમાં થયું કે અરેરે!

કેવો કઠોર મુનિ! કયાં છે એ મુનિ! એને પગે પડીને હું મારા પતિનો શાપ ટાળું. સાપે કહ્યું, "એ મુનિ તો હિમાલયમાં ગયા. ત્યાંથી પાછા નહિ આવે."

સાપને ઘેર દિવસ સુખમાં ચાલ્યા જાય છે. ઇલાને બે દીકરા ને એક દીકરી થયાં છે. છોકરાં તો જાણે ચંદ્રના કટકા! ઇલાના મનમાં થયું કે આહા! આવાં રૂપ શું કોઇની નજરે નહિ પડે?

ઇલાને ભાઇ–બાપ સાંભર્યાં. એણે સાપને કહ્યું, "ઘણાંયે વરસ થયાં મારે પિયર નથી ગઇ. એક વાર જઇ આવું. મનમાં કોણ જાણે કેવું ય થાય છે."

એ સાંભળીને સાપની છાતી થરથરી ઉઠી. એ બોલ્યો, "ના, ના, ઇલા! મારી વ્હાલી! જઇશ મા?"

ઇલા બોલી, "જઇને જ ચાલી આવીશ. સાત દિવસની મુદત કરૂં છું. અહીં મારે ચાય તેટલું સુખ હોય, પણ માબાપ તો સાંભરે ને!"

સાપ ચાલ્યો, "તું જા, પણ છોકરાંને તો નહિ મોકલું." ઇલાએ કહ્યું, "એ તે કાંઇ ઠીક લાગે? આવાં ચંદ્રમાં સરખાં છોકરાં! મારાં માબાપ એને જોવે તો ખરાં!"

સાપ કહે, "ભલે જા, પણ બરાબર સાત દિવસમાં જ પાછી વળજે. મને એકલાં ગમશે નહિ હો! પાછી આવ

ત્યારે તળાવની પાળે આવીને બોલાવજે કે 'રાજકુમાર!' જો હું જીવતો હઇશ તો પીઠ ઉપર બેસાડીને લઇ જઇશ. અને સાદ કરીને તને જો દેખાય કે તળાવનું પાણી રાતું થઇ ગયું છે તો જાણજે કે હું મરી ગયો છું. બીજું, આંહીની કશી યે વાત ત્યાં કહીશ મા. જરા પણ નહિ, નહિ તો ભુંડું થવાનું."

ઇલા કહે, "નહિ કહું."

છીપલીની ગાડીમાં બેસીને છોકરાં સાથે ઇલા તળાવની પાળે આવી. કેટલું યે જવાહીર સાથે લેતી આવી: અપરંપાર મણિ, માણેક, પરવાળાં ને મોતી.

સાપ વળાવા આવ્યો. એની આંખોમાં આંસુ આવ્યાં. "તમે રડો મા. હું સાચે જ સાત દિવસમાં પાછી આવી પહોંચીશ." એમ કહીને અરધી હસતી ને અરધી રડતી ઇલા છોકરાંને લઇને પોતાને પિયર ચાલી ગઇ.

ઇલાના ભાઇ–બાપ ગાંડા ગાંડા થઇ ગયા. એ બોલ્યા, "અરે ઇલા! તું ક્યાં હતી? આટલી બધી માયા તને ક્યાંથી મળી? કયા દેશના રાજકુમાર સાથે પરણી?" ઇલાએ લગારે વાત કરી નહિ.

પછી ભાઇઓ ઇલાના છોકરાંને આઘે લઇ જઇને છાના-માનાં પૂછવા લાગ્યા કે "કયા રાજાને ઘેર તમે અવતર્યાં? ક્યાં આવ્યું એ રાજ? કયે માર્ગે થઇને ત્યાં જવાય?"

પણ છોકરાં કાંઇએ બોલ્યાં નહિ. એટલે છોકરાંને ડારો દીધો. તો યે તે કાંઇ બોલ્યાં નહિ. પછી એને ખૂબ માર માર્યો. એટલાં બધાં માર્યાં કે બાળકોથી ખમાયું નહિ, તેઓ બધું માની ગયાં.

ઇલાના ભાઇઓએ તળાવની પાળે જઇને સાદ કર્યો : "નાગકુમાર!" ત્યાં સાપ દેખાણો. સાપને કાંઠે ખેંચી લઇને ખૂબ માર મારીને ઠાર કરી દીધો. ભાઇઓ છાનામાના ઘેર આવ્યા. મનમાં લાગ્યું કે આ સાપને હાથે કોઇક દિવસ આપણી બ્હેન મરી જાત.

સાત દિવસ વીતી ગયા. સાંજ પડી ગઇ હતી. ગરીબ ભાઇઓને ધન દોલત આપીને ઇલા બાળકોની સાથે તળાવની પાળે આવી. પાળ ઉપરનાં ઝાડનાં પાંદડાં ધ્રૂજતાં હતાં. પવન સુ સુ અવાજ કરતો હતો. ઇલાનું હૈયું બીકમાં ને બીકમાં ધ્રૂજી ઉઠયું.

ઇલાએ સાદ પાડયો, "નાગકુમાર!"

તળાવનું પાણી કંપી ઉઠયું. ઇલાએ જોયું ત્યાં તો પાણી લોહી જેવું રાતું થઇ ગયું. કોઇ આવ્યું નહિ. ઇલા માથું પછાડીને મરી ગઇ. છોકરાં પણ "મા, મા," કરતાં મર્યાં.

ફુલરાણી

એક હતી ડોશી.

એને દીકરો દીકરી કંઇ નહિ. એના મનમાં થાય કે અરેરે ! મારે એક દીકરો હોત તો કેવું સારૂં થાત ! મંદિરમાં જઇને ડોશી રોજ પ્રાર્થના કરે કે, 'હે ભગવાન ! એકાદ સંતાન આપો ને !" એક દિવસ ભગવાન તુષ્ટમાન થઇને ડોશીના સ્વપ્નામાં આવ્યા. આવીને કહે કે "ડોશી ! મંદિરનાં પગથીયા પાસે એક બી પડ્યું છે તે લઇને તારી વાડીમાં વાવજે. એમાંથી કંઇક નીકળશે."

ડોશીએ તો જઇને જોયું, ત્યાં સાચેસાચ મંદિરના પગથીયા આગળ બી પડેલું. એણે એ બીને પોતાની વાડીમાં વાવ્યું, રોજ ઉઠીને જાય ને પાણી પાય. એક દિવસ ત્યાં કોંટો ફૂટયો. બીજે દિવસે પાંદડાં નીકળ્યાં. એમ રોજ ડોશી સવારે ઉઠીને ત્યાં જાય, ને રોજ ઝાડ મોટું થાય.

એક દિવસ ડોશી જઇને જુએ તો એક ધોળી ધોળી કળી ફૂટેલી. ડોશીની નજર આગળ જ એ કળી ઉઘડી,

ને અંદર જુવે તો કળીના કેશર ઉપર ફૂલ સરખી એક સુંદર છોકરી ઉભેલી. એક આંગળી જેટલી જ લાંબી છોકરી. ડોશી તો રાજી થઇ ગઇ, ને એને ઘેર લઇ ગઇ. એનું નામ પાડયું પુલરાણી. એક છીપલીમાં ડોશી ગુલાબના ફૂલની પાંખડીઓ પાથરે, ને રોજ એમાં પુલરાણીને સૂવાડે.

એક દિવસ રાતે ડોશી પુલરાણીને ફૂલના બિછાનામાં પોઢાડીને સુઇ ગયેલી. ઘરનાં બારણાં બંધ હતાં, પણ ઘરની ખાળમાં થઇને એક મોટો ડેડકો અંદર આવ્યો. પુલરાણીને જોઇને દેડકાના મનમાં થયું કે "વાહ કેવી રૂપાળી કન્યા ! આને મારે ઘેર લઇ જાઉં તો છોકરાં બહુ રાજી થશે." એમ ધારીને એણે તો આખી છીપલી મોઢામાં ઉપાડી, અને લઇ ગયો પોતાને ઘેર.

તળાવની પાળે એક ઉંડું ભોંણ હતું. એમાં દેડકો રહેતો. ઘેર આવ્યો ત્યાં તો કચ્ચાં બચ્ચાં "ડ્રાંઉં ડ્રાંઉં ! કરતાં દોડ્યાં આવ્યાં. બાપા કહે કે "ખબરદાર ! કોઇ બોલશો નહિ. આ છોકરી જાગી ઉઠશે. સવારે બધાં ય એની સાથે રમજો."

સવાર પડયું. પુલરાણી જાગી. જુએ ત્યાં તો ઘોર અંધારૂં, ટાઢું બરફ જેવું, અને ચારે બાજુ "ડ્રાંઉં ડ્રાંઉં !" લફ લફ કરતાં રાક્ષસ જેવાં પ્રાણી દોડાદોડ કરે છે, અને એની સામે મોટા મોટા ડોળા ફાડીને જોઇ રહ્યાં છે. છોકરી

બિચારી બહુ જ હેબતાઇ ગઇ, ને રોવા લાગી. એને રડતી ભાળીને ડેડકાને દયા આવી. તળાવની પાળ પાસે એક કમળનું ઝાડ હતું. એ કમળનાં પાંદડાં ઉપર લાવીને ફુલરાણીને બેસાડી.

ચારે તરફ આસમાની સરોવર : રાતાં રાતાં કમળ ખીલેલાં હતાં અને લીલાં પાંદડાંનું આસન હતું. તો યે ફુલરાણી રડતી રહે નહિ.

એને રડતી સાંભળીને સરોવરનાં માછલાં ભેળાં થયાં, અને પૂછ્યું કે "શું કામ રડે છે, નાની બહેન !"

ફુલરાણી કહે કે "મને અહીંથી જવા દો."

માછલાંએ ભેળાં થઇને એ પાંદડાંની ડાંડલી કાપી નાખી એટલે પાંદડું તો તરતું તરતું ચાલી નીકળ્યું. ફુલરાણી પણ ઉપર જ બેઠેલી. ચાલતાં ચાલતાં તળાવની સામી પાળે પહોંચી. ત્યાં કેટલું યે ઘાસ ઉગેલું. એને ઝાલીને ધીરે ધીરે ફુલરાણી કાંઠે ઉતરી.

કાંઠે ઉતરવા જાય છે ત્યાં એક નોળીઓ દોડતો આવ્યો અને ફુલરાણીને ઉપાડીને ઝાડની બખોલમાં લઇ ગયો. નોળીઓ જઇને માને કહે, "મા ! મા ! જો તો હું કેવું મઝાનું પ્રાણી લાવ્યો છું ! મારે તો એની સાથે પરણવું છે."

મા કહે, "અરરર ! એની સાથે પરણાય ? એને તો બે જ પગ. એને પૂંછડી યે નહિ, એને શરીરે રૂવાં નહિ. છોડી દે, છોડી દે. એવી કદરૂપીને કોણ પરણે ?"

માએ કહ્યું એટલે એ બિચારો શું કરે ? પુલરાણીને પાછો એ નીચે મૂકી આવ્યો.

પુલરાણી આખા દિવસની ભૂખી હતી. એની ફૂલ જેવી કાયા કરમાઇ ગયેલી. ત્યાં તો પડખે જ એણે એક ઉંદરનું દર જોયું. ડોશીને ઘેર ઉંદર જોયેલા, એટલે તે બહુ ડરી નહિ. એણે દર પાસે જઇને પૂછયું, "અંદર કોણ છે ? મને કંઇ ખાવાનું દેશો ?"

એ સાંભળીને એક બુઢ્ઢી ઉંદરડી બહાર આવી. છોકરીને જોઇને એ ડોશીને તો બહુ હેત આવ્યું. તરત જ એને અંદર લઇ ગઇ.

ત્યાર પછી પુલરાણી તો ત્યાં જ રહેતી. ઉંદરડી જ્યારે બહાર ચારો લેવા જાય, ત્યારે પુલરાણી ઘરને સાવરણીથી વાળી નાખે, પડખે ઘાસ ઉગેલું એમાંથી તરણાં લાવીને પથારી પાથરી રાખે, અને ઉંદરડી જે ખાવાનું લાવે તે બેઉ જણાં મળીને ખાય. ઉંદરડીને કોઇ સગું નહોતું. ફક્ત એક છછું-દરો કોઇ કોઇ વાર જતો આવતો.

પુલરાણી રોજ તરણાં લેવા જતી ત્યારે ત્યાં એક પંખી પડેલું જોતી. પહેલાં તો એને એ પંખીની બીક લાગી. પણ એણે જોયું કે પંખીની પાંખ તૂટેલી છે, એટલે પછી એણે જઇને પંખીની ચારે તરફ તરણાંનું સુંવાળું બિછાનું કરી આપ્યું, એને દરમાંથી ખાવાનું લાવીને ખવરાવ્યું

પછી તો રોજ ઉંદરડી જ્યારે બહાર જાય ત્યારે ફુલરાણી પંખી પાસે આવે, બિછાનું કરી આપે ને ખવરાવે. એમ કરતા બેઉ જણાંનો જીવ મળી ગયો. ધીરે ધીરે પંખીની તૂટલી પાંખ સારી થઇ ગઇ. તો પણ પંખી રોજ ત્યાં જ રહેતું. ફુલરાણીને છોડીને બહુ આઘે એ જાય નહિ.

એક દિવસ ઉંદરડી ક્યાંઇકથી નવાં નવાં લૂગડાંના કટકા ઉપાડી લાવી.

ફુલરાણીએ પૂછ્યું કે " આને શું કરશો ? "

ઉંદરડી બોલી, " આ પહેરાવીને તને પરણાવશું. તારે માટે એક વર ગોતી કાઢયો છે. આ મારો ભત્રીજો છછુંદરો જોયો છેને ? એ કેવો હુશિયાર છે ! એનું ઘર તો આપણા ઘરથી દસ ગણું મોટું, ને એના કોઠારમાં એટલું તો ખાવાનું છે કે એક વરસ સુધી ખુટે નહિ. વળી રૂપાળો કેવો ! આવું મઝાનું મખમલ જેવું કાળું ચામડું તો કોઇ ઉંદરને ન હોય. અને એના શરીરની સુગંધ કેવી ! અત્તર ગુલાબ પણ કુચ્ચા."

ઉંદરડી મનમાં બહુ જ હરખાઇ ગઇ, પણ ફુલરાણી તો માથે લૂગડું ઓઢીને રોવા લાગી. ઉંદરડી ખીજાઇને બોલી, "ચુપ કર ! જો રોઇશ તો કાન ખચકાવી નાખીશ."

સાંજ પડી, એટલે ફુલરાણી છાનીમાની બહાર નીકળી, ને પંખી ભાઇની પાસે ગઇ. બધી વાત સાંભળીને પંખીભાઇ બોલ્યો, "ચાલ, હું તને મારી પીઠ ઉપર બેસારીને આઘે આઘે લઇ જાઉં"

પછી એને લઈને પંખી ઉડવા લાગ્યું. રાત પડી. આકાશમાં ચંદ્રમાં ઉગતો હતો. પંખીભાઇ અને પુલરાણી એક બગીચા ઉપર થઈને જતાં હતાં. નીચે જ્યાં નજર કરે ત્યાં તો જોયું કે બગીચામાં એક ઠેકાણે અપરંપાર રૂપાળા ફૂલ હતાં. કાન માંડીને સાંભળ્યું તો એમ લાગ્યું કે તે ઠેકાણેથી બંસીના સૂર આવે છે. પુલરાણીએ કહ્યું "ચાલોને, જોઈએ તો ખરાં કે ત્યાં શું થાય છે?"

પંખીભાઇએ એને લઈને ધીરે ધીરે એક સુંદર ફૂલ ઉપર ઉતારી, પુલરાણીએ જોયું તો બધાય ફૂલ ઉપર પોતાના જેવું જ એક પ્રાણી બેઠેલું. અને એ બધાંને પતંગીઆના જેવી રૂપાળી પાંખો. કોઇ બંસી બજાવે છે, કોઇ ગાયન કરે છે, કોઇ નાચી રહ્યાં છે. પુલરાણીને જોતાં જ એ બધાં એની પાસે આવ્યાં ને બોલ્યા :

"તમને અમારાં રાણીજી બનાવશું. તમે બધા કરતા વધુ રૂપાળા છો."

પછી બધાંએ એને માથે મુગટ પહેરાવી દીધો, અને નાની નાની બે રૂપેરી પાંખો એની કમર ઉપર ચોડી દીધી. આખી રાત બધાં રાણીજીની આસ પાસ નાચ્યાં. પરોડિયું થયું ત્યાં તો રાણીજીને ઉપાડીને એ બધી પરીઓ પોતાને દેશ લઇ ચાલી. પંખીભાઇને પણ સાથે લઇ લીધો.

૨૨૯૩૯

ખેલવતી કન્યા

એક હતો રાજા. તેને સાત દીકરા. છ પરણેલા, એક નાનો દીકરો કુંવારો.

નાનો કુંવર રોજ ભણવા જાય ત્યારે મોટી પાંચ ભાભીઓ આશિષ આપે કે “ તમારે સોનાની લેખણ થજો.” નાની ભાભી આશિષ આપે કે, “ તમને ખેલવતી કન્યા મળજો. ”

નાનો કુંવર નાની ભાભીને પૂછે છે કે “હેં ભાભી ! ખેલવતી કન્યા કયાં હશે ? ” ભાભી કહે કે, “ આંહીથી સાત દરિયા આવે, ત્યાર પછી એક દેશ આવે. એ દેશમાં એક તળાવ. એ તળાપમાં ખેલવતી કન્યા રહે છે.”

એક દિવસ વહેલો ઉઠીને કુંવર મંડયો ચાલવા. ચાલતાં ચાલતાં સાત દરિયા વળોટીને આવ્યો એ તળાવ પાસે. તળાવની પાળે એક ઋષિની ઝૂંપડી હતી. ઋષિને કુંવર પગે લાગ્યો. કુંવરની કોમળ કાયા જોઇને ઋષિએ એને પૂછ્યું.

"તું ક્યાંથી આવ્યો. બેટા? આંહી કેમ આવ્યો?"

કુંવર કહે. "આવ્યો છું તો બેલવતી કન્યાને પરણવા."

ઋષિ કહે "જો, આ સામે તળાવ. આ તળાવની વચ્ચે એક ટાપુ છે. ટાપુની ઉપર બેલફળનું ઝાડ છે. એ ઝાડ ઉપર એક જ બેલફળ ટીંગાય છે. એમાં સૂતી છે બેલવતી કન્યા. એ ઝાડની આસપાસ રાક્ષસોની ચોકી છે. તારે તળાવમાં પડીને એક જ શ્વાસે ટાપુ ઉપર પહોંચવાનું. ત્યાં એક બકરૂં બાંધ્યું છે તે પેલા રાક્ષસોની આગળ મુકવાનું, રાક્ષસો બકરૂં ખાવા માંડશે, એટલે ઝાડ ઉપર ચડીને બેલનું ફળ તું તોડી લેજે. પછી પાછો પાણીમાં પડીને આંહી આવજે. પણ ધ્યાન રાખજે, આ બધું કામ એક શ્વાસે કરવાનું છે. શ્વાસ નીચો મેલીશ તો રાક્ષસો તને ખાઇ જશે."

રાજકુંવર હિમ્મત હાર્યો નહિ. એક શ્વાસે બેલફળ લઇને ઋષિ પાસે આવ્યો ઋષિએ કહ્યું, "બેટા, જા તારે દેશ. ઘેર જઇને એ ફળ ભાંગજે. અંદરથી રૂપાળી એક કન્યા નીકળશે. પણ ખબરદાર, રસ્તામાં ક્યાંય ફળ ભાંગીશ મા."

કુંવર પાછો ચાલ્યો, સાંજ પડી, ને એક સરોવર આવ્યું. આખા દિવસનો થાકયો પાકયો હતો. મનમાં થયું કે લે ને આંહી જ આરામ કરૂં.

રૂપાળું સરોવર. કાંઠે લીલાં ઝાડ ઉભેલાં. પંખી બધાં

કલ્લોલ કરી રહ્યાં છે. પણ કુંવરની ધીરજ તે કેમ રહે? એને એકલું ગમતું નહોતું. મનમાં થયું કે ઋષિ મહારાજે નકામી ના પાડી છે આ ફળ ભાંગીને પેલી કન્યાને બહાર કાઢું તો વાતોચીતો થાય. આનંદ પડે ને રાત નીકળી જાય.

કુંવરે ફળ ભાંગ્યું. અંદરથી બેલવતી નીકળી. રૂપ રૂપના ભંડાર. કુંવર કહે કે "રાણીજી! હું થાકી ગયો છું." કન્યા કહે, "મારા ખોળામાં માથું રાખો, ને પોઢી જાવ."

માથું રાખીને કુંવર પોઢી ગયો. બેલવતી તો એ, પોઢેલા પતિનું મ્હોં જોતી જાય, ને મનમાં મલકાતી જાય,

એટલામાં એક લુહારની બાયડી બેડું લઈને ગામમાંથી પાણી ભરવા આવી. બેલવતીને પૂછ્યું. "તમે કોણ છો, બાઇ! આ તમારે શું થાય?"

બેલવતી કહે "આ રાજકુમાર છે. એની સાથે મારા લગ્ન થવાનાં."

એ સાંભળતાં લુહારની બાયડીની દાનત બગડી. કપટ કરીને તે બોલી, "બાપુ! તમે તો સુખીઆં છો. ભગવાન તમારૂં ભલું કરજો. હું તો અભાગણી માંદી મરૂં છું. મારી સાસુએ પરાણે પાણી ભરવા મેલી છે. અરેરે! હું આ તળાવમાંથી આખું બેડું શી રીતે બહાર કાઢીશ?" એમ કહીને એણે ખોટું ખોટું રોવા માંડયું.

બેલવતીને દયા આવી. એ બોલી "બ્હેન, લ્યો હું તમને બેડું ભરી આવી દઉં." એમ કહીને, પોતાના સ્વામીના માથા નીચે રેશમી લુગડાં મુકયાં, ને બેડું લઇને તળાવમાં ઉતરી. લુહારની બાયડી છાનીમાની પાછળ પાછળ ગઇ, ને બેલવતી જ્યાં પાણી ભરવા જાય, ત્યાં તો એક ધક્કો માર્યો, એટલે બેલવતી તળાવમાં ડુબી ગઇ.

લુહારની બાયડીએ આવીને રાજકુંવરનું માથું પોતાના ખોળામાં લઇ લીધું. રાજકુંવર જાગીને જુએ છે ત્યાં તો રૂપાળી બેલવતીને બદલે કદરૂપી, કાળી કાળી બાઇ બેઠી છે. એના મનમાં થયું કે અરેરે! ઋષિ મહારાજનું કહેવું ન માન્યું. રસ્તામાં બેલવતીને બહાર કાઢી, એટલે જ બેલવતીનું રૂપ ફરી ગયું લાગે છે. પણ હવે શું થાય? હાય! હાય! મેં શા માટે આ ફળ રસ્તામાં ભાંગ્યું?

એને લઇને કુંવર દેશમાં ગયો. ત્યાં એની સાથે પરણ્યો. કુંવરને શી ખબર કે આ બેલવતી નહિ પણ લુહારની બાયડી છે!

આમ કરતાં કરતાં ઘણા દિવસ વીતી ગયા. ઇશ્વરને કરવું છે, તે સાતે ભાઇઓ એક દિવસ શિકાર કરતા કરતા એ જ તળાવની પાળે આવ્યા, જ્યાં બેલવતીને ધકકો દઇને એ પાપણી બાઇએ ડુબાવેલી. તળાવની અંદર જોયું તો એક કમળનું ફૂલ ઉઘડેલું. ઓહો! કેવો રાતો રંગ! કેવી મીઠી સુગંધ! એવડું મોટું કમળ તો કયાં ય ન હોય.

એને જોઇને નાનો કુમાર કહે, "ગમે તેમ થાય, પણ મારે એ કમળ જોઇએ."

મોટા ભાઇઓ કહે, "ના, ના, લઇશ મા. નક્કી એ કોઇ રાક્ષસી માયાનું ફૂલ હશે! કમળનું ફૂલ આવડું મોટું હોય જ નહિ."

પણ નાનો કુંવર કંઇ સમજે? એણે તો તળાવની પાળે જઇને ધનુષ્ય લાંબુ કર્યું. કમળ ધનુષ્યમાં આવ્યું, એટલે ખેંચ્યું. ત્યાં તો ડાંડલી ને ફૂલ બધું ય બહાર નીકળ્યું. ફૂલ હાથમાં આવ્યું તે વખતે જ એક પંખી ગાયન ગાતું ગાતું કુંવરને માથેથી ઉડી ગયું.

બધાય કુંવર પાછા ઘેર ગયાં: છ રાજકુંવર તો ભાત-ભાતનાં જનાવર, ને ભાતભાતનાં પંખી લઇ ગયા. નાના કુંવરના હાથમાં તો આ એક જ રાતુંચોળ કમળનું ફૂલ.

ફૂલ લાવીને કુંવરે પોતાના મહેલમાં ફુલદાનીની અંદર ગોઠવ્યું. એક દિવસ કુંવર ઘેર નહિ. લુહારની બાયડી ફૂલને જોતાં જ ધ્રૂજી ઉઠી. એણે ફૂલની પાંખડીઓ વીંખીને બારીમાંથી બગીચાના ઉકરડા ઉપર નાંખી દીધી. રાજકુંવર ઘેર આવ્યો. ફૂલ જોયું નહિ. એને બધી ખબર પડી. એની આંખમાં આંસુ ભરાઇ આવ્યાં. રાણીને કહે કે "અરેરે! બેલવતી! તું કેવી કઠોર હૈયાની! આવું સુંદર ફૂલ છૂંદી નાખતાં તારી છાતી કાં થરથરી નહિ? એણે તારૂં શું બગાડયું હતું?"

થોડા દિવસ થયા, ત્યાં તો એ ઉકરડા ઉપર એક મોટું મોટું બેલનું ઝાડ થયું. એ ઝાડ ઉપર એક ફળ ટીંગાતું હતું. માળી આવીને એ ફળ તોડી ગયો. ઘેર જઈને જ્યાં ભાંગે ત્યાં તો માંહેથી એક રૂપાળી કન્યા નીકળી. માળીને કાંઈ બાળક નહોતું. એ તો રાજી રાજી થઇ ગયો, ને બહુ જ લાડ કરીને એ કન્યાને ઉછેરવા લાગ્યો.

પેલી બનાવટી રાણીને ખબર પડી કે માળીને ઘેર એક દેવાંગના જેવી દીકરી છે. એ છોકરીને જોતાં જ રાણીના હૈયામાં ફાળ પડી. ઢોંગ કરીને રાણી માંદી પડી. વૈદો હકીમો ઘણા ય તેડાવ્યા, પણ રાણીને સારૂં થાય નહિ. એક દિવસ રાણી કુમારને કહે કે, "રાત્રે મને સ્વપ્નામાં માતાજીએ દર્શન દીધાં અને કહ્યું કે માળીના ઘરમાં એક દીકરી છે. એને મારીને એના લોહીથી ન્હાઇશ તો જ તારો રોગ જાશે."

રાજકુંવરે તરત જ હુકમ કર્યો કે "લઇ આવો એ છોકરીનું લોહી." માણસો તલવાર લઇ છુટ્યાં. છોકરીને મારીને લોહીનું ઠામ ભરી લાવ્યા. બનાવટી રાણીએ એ લોહીથી સ્નાન કર્યું, એટલે એનો રોગ મટ્યો. એ છોકરીનો બાપ ચોધાર આંસુએ રોયો.

એમ દિવસ ચાલ્યા જતા હતા. રાજકુમારનું મન ક્યાં યે જંપતું નહોતું. હાય રે ! આટલી આટલી ચીજો લાવી આપું તો યે રાણીનું મન માને નહિ. જે માગે તે આપું તો યે રાણી ખીજાતી રહે.

ઉદાસ રાજકુંવર એક દિવસ જંગલમાં નીકળ્યો. ચાલતાં ચાલતાં એક નદીને કાંઠે આવ્યો. ત્યાં તો એક મોટો મ્હેલ જોયો. પણ અંદર કોઇ માનવી ન મળે. રાજકુંવર મેડી ઉપર ચડયો. અગાશીમાં જાય ત્યાં તો કોણ જાણે કયાંથી બે પંખી આવીને કઠેડા ઉપર બેઠાં. બહુ સુંદર પંખી! મેઘધનુષ્યના સાતે રંગ કેમ જાણે એની પાંખમાં રમી રહ્યા હોય! અને વાહ! પંખી માણસનાં જેવાં ગીત ગાય! પંખી શું ગાયન ગાતાં હતાં?

પંખી ગાતાં હતાં બેલવતી કન્યાની વાત. રાજકુંવરે કેવી રીતે રાક્ષસોના ઝાડ ઉપરથી બેલફળ લીધું, પછી કેવો તે તળાવની પાળે સૂતેલો, લુહારની બાયડીએ કેવું કપટ કરીને બેલવતીને પાણીમાં ડુબાવી, પછી રાજકુંવર કેવી રીતે એ કમળ લઇ ગયો, અને ત્યાર પછી જે જે બનેલું તે બધું પંખીએ ગાયું. બધી જૂની વાત ગાઇ બતાવી. રાજકુંવરની આંખમાં પાણી આવ્યાં. એણે પૂછયું," રે પંખી! કયાં હશે એ બેલવતી કન્યા?"

પંખી બોલ્યાં, "રાજકુમાર! આંહીથી એક તીર ફેંકો, જ્યાં જઇને તીર પડશે ત્યાંથી પશ્ચિમ દિશામાં એક પહાડ છે. એ પહાડમાં હીરા મોતી જડેલા એક મહેલમાં એ બેલવતી એનાં માબાપ સાથે રહે છે. વરસે એક દિવસ આંહી આવીને રહે છે. છ મહિના પહેલાં આવેલ. છ મહિના વીત્યે આવશે. રાજાજી! આંહી રહેશો તો એને મળાશે."

છ મહિના સુધી રાજકુંવર ત્યાં રહ્યો. પંખીની સાથે વાતો કરતાં કરતાં વખત વીતી ગયો. છેલ્લી રાત પૂરી થઇ. પરો-ડીએ કુંવર જાગે ત્યાં તો આઘેથી વાંસળીનો સૂર સંભળાય છે. ચારે બાજુ ફુલની સુવાસ પથરાઈ રહી છે.

"આવી, એ આવી, મારી બેલવતી ! બેલવતી આવી પહોંચી."

એનો હાથ ઝાલીને કુંવર રડી પડયો ને બોલ્યો "મને માફ કરજે, વહાલી બેલવતી ! મને કશી ખબર નહોતી."

ઝળક ઝળક થતો પાલવ લઇને બેલવતીએ કુંવરની આંખો લૂછીને કહ્યું, "રાજકુમાર ! રડો ના ! મારા સોગંદ !"

બીજે દિવસે બેઉ જણાં રાજધાનીમાં ગયાં. રાજકુંવર બનાવટી રાણીને મારી નાખવા તલવાર લઇને દોડયો. બેલવતી આડી પડી. બનાવટી રાણી બેલવતીને પગે પડીને ચાલી ગઇ. ફરી વાર કુંવરે સાચી બેલવતીની સાથે લગ્ન કર્યું, ને બેઉ જણાં સુખમાં રહેવા લાગ્યાં.

સોનબાઈ

સાત ભાઇઓ હતા. સાત ભાઇ વચ્ચે એક જ નાની બ્હેન. બ્હેનનું નામ સોનબાઇ.

સોનબાઇ એનાં માબાપની બહુ જ માનીતી. સાત ભાઇ એના ઉપર પ્રાણ પાથરે છે. પણ સાત ભાભીઓથી સોનબાઇના લાડ ખમાતા નહોતા.

માબાપ ચાલ્યાં જાત્રા કરવા. દીકરાને બાપ કહે કે, "મારી સોનબાઇને કોચવશો મા હો !" સાતે વહુઓ છાનામાના દાંત ભીંસીને કહે કે "હો !"

માબાપ ચાલ્યાં ગયાં. નાનો દીકરો સાથે ગયો. મેડી ઉપર બેઠી બેઠી સોનબાઇ ઢીંગલે પોતીયે રમે. એક દિવસ રમતાં રમતાં એક પોતીયું નીચે પડી ગયું. સોનબાઇ એક ભાભીને કહે, "ભાભી ! ભાભી ! એ લુગડું દઇ જાઓને !"

ભાભી કહે : "ઓહો હો ! રાજકુંવરીબા ! તમારે પગે કાંઇ મેંદી નથી મેલી. નીચે ઉતરીને લઇ લ્યોને."

સોનબાઇની આંખમાં પાણી આવ્યા એને માબાપ સાંભર્યાં.

બીજો દિવસ થયો. છ ભાઇ સવારે ઉઠીને કામે ગયા.

ભાભી કહે, "સોનબાઇ, બેઠાં બેઠાં રોટલા ખાવા નહિ મળે. લ્યો આ બેડું, ભરી આનો પાણી." સોનબાઇ પાણી ગઇ. માથેથી બેડું પડી જાય, લુગડાં ભીંજાય, ને માર્ગે માણસો મશ્કરી કરે. માંડ માંડ સોનબાઇ બેડું ભરીને ઘેર આવી, ને ગોળામાં પાણી રેડયું. પાછી બીજું બેડું ભરવા ચાલી.

ભાભીએ ગોળાને પાણો માર્યો. એટલે નીચેથી ગોળો નંદવાઇ ગયો ને પાણી બધું ઢોળાઇ ગયું.

સોનબાઇ બીજી હેલ્ય ભરીને આવે ત્યાં તો ગોળામાં પાણી ન મળે. બીજી હેલ્ય રેડીને સોનબાઇ ત્રીજું બેડું ભરવા ચાલી. વળી આવીને જુએ તો ગોળામાં પાણી નહિ. નદી કાંઠે જઇને સોનબાઇ રોવા લાગી. એને રોતી સાંભળીને એક દેડકો એની પાસે આવ્યો. દેડકાએ પૂછયું. "તને શું થયું છે નાની બેન!"

સોઇનબાઇ કહે, "ભાભીએ ગોળો ફોડી નાખ્યો, પાણી ભરાતું નથી."

દેડકો સોનબાઈની સાથે એને ઘેર ગયો. જઇને ગોળામાં જ્યાં બાંકોરું હતું ત્યાં ભરાઇને બેઠો, પછી સોનબાઇએ પાણી રેડયું. આખો ગોળો ભરી દીધો. પાણીનું એક ટીપું યે દેડકાએ બહાર નીકળવા દીધું નહિ.

ભાભીએ દાંત ભીંસ્યા.

ત્રીજો દિવસ થયો. ભાઇઓ કામે ગયા. સોનબાઇને બોલાવીને બીજી ભાભી કહે, "લ્યો, આ કમોદ. ગણીને દાણા દઉં છું. જાઓ, કમોદ ખાંડીને ચોખા કાઢી આવો. એકે ય દાણો ઓછો થાશે, કે એકે ય દાણો ભાંગશે તો જીવ કાઢી નાખશું."

ઝાડ હેઠળ જઇને સોનબાઇ બેઠી બેઠી આંસુ પાડે છે. ત્યાં તો અપરંપાર ચકલીઓ આવી પહોંચી. ચકલીઓ કહે, "નાની બ્હેન, રડે છે શું કામ ?" સોનબાઇ કહે, "ભાભીએ કમોદ ખાંડવા દીધી છે. એકે ય દાણો ભાંગે કે એકે ય દાણો ઘટે, તો ભાભી જીવ કાઢી નાખે."

ચકલીઓ કહે, "અરે, એમાં તે શું !" એમ કહીને બધી ચકલીઓ વળગી પડી. ઘડીવારમાં તો બધા દાણા ફોલાઇ રહ્યા. એકે ય દાણો ભાંગ્યો નહિ. દાણા લઇને સોનબાઇ ઘેર આવી.

ભાભી કહે, "રાંડ, એક દાણો ઓછો થાય છે. તું ખાઇ ગઇ હઇશ. જા, લઇ આવ. લીધા વિના આવીશ નહિ."

સોનબાઇ ઝાડ હેઠળ જઇને રોવા લાગી. ચકલીઓ દોડી આવી. સોનબાઇએ બધી વાત કહી. ચકલીઓ કહે, "બાઇઓ, તપાસો સહુ પોતપોતાના મોઢાં." એક બુઢી

ચકલીની ચાંચમાં એક ચોખાનો દાણો રહી ગયેલો. સોનબાઇ એ દાણો લઇને ઘેર ગઇ. દાણો ભાભીને દીધો.

ભાભીએ દાંત ભીંસ્યા.

ચોથો દિવસ થયો. ભાઇઓ કામે ગયા. સોનબાઇને બોલાવીને ત્રીજી ભાભી કહે કે, "જા, આ એક ગાંસડી લૂગડાં ધોઇ આવ્ય. બગલાની પાંખ જેવાં ઉજળાં કરીને લાવજે, નહિ તો જીવ કાઢી નાખીશ."

એક ગાંસડી લુગડાં લઇને સોનબાઇ નદીકાંઠે જઇ, બેઠી બેઠી આંસુ પાડવા લાગી.

એને રોતી જોઇને અપરંપાર બગલાં આવ્યાં. બગલાં કહે, "નાની બ્હેન! શું કામ રડે છે?"

સોનબાઇ કહે "ભાભીએ ગાંસડી એક લૂગડાં દીધાં છે. બગલાંની પાંખ જેવા ઉજળાં કરવાનું કહ્યું છે, નહિ તો ભાભી જીવ લેશે."

બગલાં બોલ્યાં "એમાં શું? ચાલો ભાઇઓ, લઇ લ્યો અકેક લૂગડું ને ધોઇ નાખો."

થોડી વારમાં તો લૂગડાં બગલાંની પાંખ જેવા ઉજળાં ધોવાઇ રહ્યાં. લઇને સોનબાઇ ઘેર ગઇ.

ભાભી કહે, "એક લૂગડું ઘટે છે. રાંડ! તેં જ ચોરી લીધું હશે. જા, લઇને આવજે."

વળી સોનબાઇ નદીકાંઠે ગઇ. બગલાંને બધી વાત કહી. બગલાં કહે "ભાઇઓ, તપાસો પોતપોતાથી પાંખ." એક બુઢ્ઢા બગલાંની પાંખમાં લૂગડું ભરાઇ રહેલું એ લઇને સોનબાઇ ઘેર ગઇ.

ભાભીઓએ દાંત ભીંસ્યા.

પાંચમો દિવસ થયો. ભાઇઓ કામે ગયા. સોનબાઇને ચોથી ભાભી કહે કે, "જાઓ, વગડામાંથી છાણા લાકડાંનો ભારો લઇ આવો."

સોનબાઇ કહે, "ભાભી, ભારો બાંધવા દોરી દેશો ?" ભાભીએ દોરી દીધી નહિ. વગડામાં બેસીને સોનબાઇ આંસુ પાડે છે ત્યાં એક મોટો સરપ આવ્યો.

સરપ કહે, "નાની બ્હેન, રડે છે શું કામ ?" સોનબાઇ કહે, "ભાભીએ દોરી નથી દીધી. ભારો શી રીતે બાંધું ?"

સરપ કહે "બહેન, તારા ભારાને હું વીંટળાઇ વળીશ. તું ઘેરે જઇને ધીરે ધીરે ભારો નીચે મેલજે, એટલે મને વાગશે નહિ." સરપની દોરડી કરીને સોનબાઇ ઘરે ભારો લઇ ગઇ.

ભાભીઓએ દાંત ભીંસ્યા.

ભાભીઓની દાઝ તો મટી નહિ. એ તો રોજ રોજ પોતાના ધણીના કાન ભંભેર્યાં કરે, સોનબાઇનાં વાંકાં બોલ્યાં

કરે. એમ કરતાં કરતાં ભાઇઓને પણ સોનબાઇ ઉપર ખીજ ચડવા માંડી. ભાઇઓ વારે વારે સોનબાઇને વઢવા લાગ્યા.

એક દિવસ સોનબાઇને નહાવું હતું. એનાં બધાંય લૂગડાં ફાટી ગયેલા. નવાં લૂગડાં માગે તો ભાભીઓ કહે કે, "ડામ લે." સોનબાઇ બહુ જ રોઇ, એટલે પાંચમીભાભીએ પોતાની એક ચુંદડી દીધી ને કહ્યું કે, "રાંડ ! જો આ ચુંદડીને જરીકે ડાઘ પડશે તો જીવ કાઢી નાખીશ."

સોનબાઇ કહે, "ભાભી, હું ખૂબ સાચવીને રાખીશ." સોનબાઇ નહાવા બેઠી, એટલે ભાભીએ એ ચુંદડી ઉપર છાનામાના તેલના છાંટા છાંટયા.

નહાઇને સોનબાઇ જ્યાં જુવે ત્યાં તો ચુંદડી ઉપર તેલના ડાઘા ! રોતી રોતી એ બિચારી ભાભીની પાસે આવી. ભાભીએ બધી વાત ભાઇને કહી. ભાભી બોલ્યાં, "આ રાંડને નહિ મારી નાખો તો અમે ગળે ફાંસો ખાઇને મરશું." ભાઇઓને ખીજ ચડી, એણે સોનબાઇને મારી નાખી. ભાભીએ એ ચુંદડી સોનબાઇના લોહીમાં રંગી. પછી ભાઇઓ જઇને સોનબાઇને દાટી આવ્યા.

પણ સોનબાઇનો પાળેલો એક કૂતરો હતો. કૂતરો રોજ રોતો રોતો સોનબાઇને દાટેલી હતી તે જગ્યાએ જાય; એને મારે તો યે કૂતરો ત્યાં ગયા વિના ન રહે.

ભાભીઓના મનમાં થયું કે આ કૂતરો બધી વાત કહી દેશે. પછી કૂતરાને પણ મારી નાખીને ભાભીઓએ સોનબાઇની જોડે દાટયો.

થોડા દિવસ થયા. સોનબાઇને દાટેલી ત્યાં એક લીંબડો ઉગ્યો. કૂતરાને દાટેલો ત્યાં એક પીપળો ઉગ્યો. ઝાડ મોટાં થયાં.

જાત્રા કરીને માબાપ ચાલ્યાં આવતાં હતાં. રસ્તામાં લીંબડો પીપળો આવ્યા. નાનો દીકરો કહે કે "અહીં પોરો ખાઇએ."

"વાહ રે ! કેવાં રૂપાળાં ઝાડ !" એમ કહીને નાનો દીકરો લીંબડા પીપળાની ડાળ હલાવવા મંડયો. ત્યાં તો જમીનમાંથી જાણે કોઇ ગાવા લાગ્યું કેઃ

કોણ હલાવે લીંબડી ?
કોણ હલાવે પીપળી ?
ભાઇની મારેલ બે'નડી !
ભોજાઇની રંગેલ ચુંદડી !

નાનો ભાઇ તો હેબતાઇ ગયો. સોનબાઇના જેવો આ કોનો સાદ હશે ?

પછી લીંબડાની હેઠળ એણે ખોદયું. ત્યાં તો સોનબાઇ નીકળી. પીપળાની હેઠળ ખોદે ત્યાં સોનબાઇનો કૂતરો નીકળ્યો.

નાના ભાઇએ પોતાની એક જાંગ ચીરીને તેમાં સોનબાઇને સંતાડી, અને બીજી જાંગમાં કૂતરો સંતાડ્યો. બધાં ઘેર ગયાં.

માબાપે અને ન્હાના ભાઇએ પૂછ્યું "સોનબાઈ ક્યાં ?"

ભાભીઓ કહે કે "રમવાં ગયાં છે."

રાત પડી. સહુ જમવા બેઠાં. ભાઇ કહે "સોનબાઇને બોલાવોને."

ભાભીઓએ ગામમાંથી એક બાડી છોડીને હાજર કરીને કહ્યું "આ સોનબાઇ."

નાનો ભાઇ કહે, "આવી સોનબાઇ ? એની આંખ બાડી કેમ ?"

ભાભીઓ કહે, "તમે નહોતાં ત્યારે એક આંખ પુટી ગઇ છે. આટલાં બધાં વરસ થયાં તે સોનબાઇનું રૂપ બદલી ગયું છે."

હસીને ભાઇએ પોતાની જાંગમાંથી સાચી સોનબાઇને બહાર કાઢી, ભાભીઓનાં મોઢા ફળાં કાળાં શાહી જેવાં થઇ ગયાં.

બીજી જાંગમાંથી કૂતરો નીકળ્યો. ભાભીઓને મરવા જેવું થયું.

ભાઇ કહે, "આ રાંડોનાં નાક કાન કાપીને ઉંધે ગધેડે બેસાડીને ગામમાં ફેરવીશ."

સોનબાઇ આડી પડીને કહે કે, "ભાભીઓને કાંઈ કરો તો મારા સોગંદ."

ભાભીઓ તો રોતી રોતી સોનબાઇને પગે પડી. સોન-બાઈની આંખમાં પણ આંસુ આવ્યાં. છ ભાઈ ઘેર આવ્યા, બહુ જ ભોંઠા પડયા, માબાપના ખોળામાં માથું મૂકીને ખૂબ રડયા, સોનબાઇને પગે પડયા.

પછી બધાં એ વાત વિસરી ગયાં. સોનબાઇ મોટી થઈ એટલે પરણીને સાસરે ગઇ.

ભાઈ બહેન

બે હતાં ભાઇ બહેન. એની સગી મા મરી ગયેલી. નવી મા એ ભાઈ બહેનને બહુ દુઃખ દેતી.

એક દિવસ ભાઇ કહે, "જો બહેન, આપણી મા મરી ગઇ. બાપ પણ નથી. પણ માનું દુઃખ ખમાતું નથી. ચાલો આપણે ભાગી જઇએ." બહેને હા પાડી. ભાઇ બહેન હાથના આંકડા ભીડીને ઘેરથી બહાર નીકળ્યાં.

વરસાદ વરસે છે. પલળતાં પલળતાં બેય જણાં આઘે આઘે ક્યાંય ચાલ્યાં જાય છે. એમ કરતા સાંજ પડી. ત્યાં તો એક વનમાં તેઓ આવી પહોંચ્યાં. આખો દિવસ ખાધેલું નહિ, અને ખૂબ ચાલેલાં, એટલે બેઉને ઊંઘ આવતી હતી. એક ઝાડ હેઠળ જઇને ભાઇ બહેન ઉંઘી ગયાં.

જ્યાં ઉંઘ ઉડી ત્યાં તો સવાર પડી ગયેલું. તડકો ચડી ગયેલો. ભાઇ કહે, "બહેન! હું બહુ જ ભૂખ્યો ને તરસ્યો થયો છું. ચાલો, આટલામાં ક્યાંય નદી હોય તો જોઇએ."

હવે આંહી એને ઘેરે શું બન્યું ? એની નવી મા હતી ડાકણ. એ રાંડને ખબર પડી ગઇ કે છોકરાં મરી નથી ગયાં. એટલે તે છાનીમાની વનમાં આવીને વનમાં બધાં ઝરણામાં મંત્ર નાખી ગઇ. ભાઇ બહેન પાણી ગોતતાં ગોતતાં એક ઝરણાને કાંઠે આવ્યાં. ભાઇ જ્યાં પાણીનો ખોબો ભરીને પીવા જાય, ત્યાં તો બ્હેને ઝરણમાં કંઇક અવાજ સાંભળ્યો. પાણી ખળખળ કરતું જાણે બોલતું હતું કે "પીશો મા, પીશો મા, જે આ પાણી પીશે તે શિયાળ થઇ જાશે."

એ સાંભળીને બહેને ભાઇના ખોબામાંથી પાણી ઢાળી નાખ્યું ને કહ્યું કે "ભાઈ, ચાલો, બીજું ઝરણું ગોતીએ." થોડે આઘે જાય ત્યાં ઝરણું આવ્યું. કાંઠે બેસીને ભાઇ જ્યાં ખોબો ભરે છે, ત્યાં પાણીમાંથી જાણે કોઈ બોલ્યું કે "ખળ ખળ, ખળ ખળ. એ પાણી પીશો મા, પીશો મા, પીશો તો બકરું બની જાશો."

તરત જ બહેને ભાઇનો ખોબો ઢાળી નાખ્યો. એ બોલ્યો કે "હવે બીજે ઠેકાણે પાણી પીવા નહિ દે તો હું મરી જઇશ." થોડે આઘે જાય ત્યાં ત્રીજું ઝરણું આવ્યું. આછું આછું પાણી ચક ચક કરી રહ્યું છે. બહેન કાન માંડીને સાંભળે ત્યાં તો ઝરણાનું પાણી બોલે છે કે "પીશો મા, હરણ બની જશો." બહેન બિચારી ના પાડવા જાય છે ત્યાં તો ભાઇ ખોબો ભરીને પી ગયો; પીધું કે તરત હરણનું બચ્ચું બની ગયો.

બહેન બિચારી ખૂબ રોવા લાગી. પણ રોવાથી શું વળે? પોતાની ડોકમાંથી રૂપાની હાંસડી કાઢીને એણે હરણની ડોકે પહેરાવી દીધી. પછી ઘાસની લાંબી લાંબી સળીઓ લઇને એક દોરડું ગૂંથ્યું. દોરડું હરણને ગળે બાંધીને દોરતી દોરતી ચાલી.

આમ કરતાં કેટલેય આઘે ગઇ. ત્યાં જોયું તો ઘાસ અને પાંદડાંનું એક રૂપાળું ઘર હતું. પોતાના હરણભાઇને લઇને બહેન એ ઘરમાં રહેવા લાગી. વનમાંથી રોજ કુણાં કુણાં પાંદડા લાવીને હરણની પથારી કરે. કુણું ઘાસ લાવીને હરણને ખવરાવે, અને રાતે હરણની પીઠ ઉપર પોતાનું માથું રાખીને સૂઇ જાય.

એમ કરતાં કરતાં ઘણાં દિવસો વીત્યા. એક દિવસ વનમાં ડંકા ને નગારા વાગ્યાં, નિશાન દેખાયાં. અને એક ઘોડા ઉપર ચડીને રાજાનો કુંવર શિકાર કરવા આવ્યો. નગારા સાંભળીને હરણ બોલ્યું, "બહેન, હું રાજાના કુંવરને જોવા જાઉં?"

બહેન કહે, "ભલે, જા. પણ હુશીયાર રહેજે હો! પાછો આવ ને, ત્યારે કમાડ ખખડાવજે, ને કહેજે કે, નાની બહેન કમાડ ઉઘાડો, નહિ તો હું કમાડ નહિ ઉઘાડું હો!"

- હરણ કહે "હો!"

એમ કહીને હરણ રાજકુંવરને જોવા ગયો. રાજકુંવરે જોયું ત્યાં તો એક રૂપાળું હરણ ચાલ્યું જાય છે, ને એના

ગળામાં રૂપાની હાંસડી ચળકે છે. રાજાના માણસો પણ જોઈ રહ્યા. પણ જોતજોતામાં તો હરણ કયાંય સંતાઈ ગયું. કોઇ એને ગોતી શકયું નહિ.

બીજે દિવસે પણ નગારાં સાંભળીને હરણ જોવા ગયું, રાજાએ માણસો દોડાવ્યાં. હરણ તો છલંગ મારતું ભાગ્યું. માણસ કાંઇ હરણને ઝાલી શકે ? માણસોએ તીર ફેંકયાં. હરણના પગમાં તીર વાગ્યું. લોહી નીકળવા માંડયું. તો યે હરણ હાથમાં ન આવ્યું.

આખો દિવસ દોડાદોડ: આગળ હરણ, ને પાછળ રાજાનાં માણસો. સાંજ પડી ત્યાં હરણ પોતાના ઘર આગળ આવ્યું અને બોલ્યું કે "નાની બહેન, કમાડ ઉઘાડ." ત્યાં તો કમાડ ઉઘડયું; હરણ ઘરમાં ગયું કે કમાડ પાછું બંધ થઇ ગયું. કોણે ઉઘાડયું, કોણે બંધ કર્યું, એ કંઇ રાજાજીના માણસો ન સમજ્યાં.

માણસોએ રાજકુંવરની પાસે જઇ બધી વાત કરી. રાજકુંવરને બહુ નવાઇ લાગી. એ કહે, "કાલે હું જઇને તપાસ કરીશ. તમે કોઈ એને તીર મારશો મા."

હરણ ઘરમાં ગયું, એટલે બહેને એના પગ ઉપરથી લોહી ધોઇ નાખ્યું, ને એને પાંદડાંના સુંવાળા બિછાના ઉપર સુવાડી દીધું. હરણ નિરાંતે ઉંઘી ગયું.

બીજે દિવસે સવાર પડી ત્યાં તો રાજકુંવરની ઇશિરણ

વાગી. હરણ તો તૈયાર થયું, પણ બહેન બોલી, "ના, ભાઈ, કાલ તને તીર માર્યું'તું, આજ તને મારી નાખે તો ?"

હરણ બોલ્યું. "ના, બહેન! આજ હું બરાબર હુશીયાર રહીશ. બાપુ છો ને, મારી બહેન છો ને, મને આજનો દિવસ જવા દે. તારે પગે પડું."

બહેન બિચારી ભોળવાઇ ગઇ. એણે ભાઇને રજા દીધી.

એણે જોયું તો રાજકુંવર પોતે જ એની પાછળ પડયો. આખો દિવસ બેય જણાં દોડયા જ કરે. સાંજ પડયા પહેલા થોડેક વખતે પેલું ઘર રાજકુંવરને દેખાયું, એટલે એણે હરણને આઘેથી છોડી દીધું, ને પોતે એ ઘર આગળ ગયો. કમાડ ખખડાવીને રાજકુંવર બોલ્યો કે "નાની બહેન, કમાડ ઉઘાડ ને."

કમાડ ઉઘડયું. ઘરમાં જાય ત્યાં તો રાજકુંવરે હરણની બહેનને જોઇ. આવી રૂપાળી છોકરી એણે કદી નહોતી દેખી. છોકરીને પહેલવહેલાં તો રાજકુંવરને જોતાં બહુ જ બીક લાગી. પણ રાજકુંવર એની સાથે મીઠી મીઠી વાતો કરવા લાગ્યો. એ બોલ્યો, "ચાલ, હું તને મારા રાજમાં લઇ જઉં. ત્યાં જઇને તને મારી રાણી બનાવીશ. તું આવીશ ?"

છોડી કહે, "મારા હરણને મેલીને હું કેમ આવું ?"

રાજકુંવર કહે, "હરણને ય સાથે લઇ જશું."

છોડી કહે "તો ભલે."

સાંજ પડી. હરણ આવ્યું. પછી રાજકુંવર એ બેઉને લઇને પોતાના રાજમાં ગયો. ત્યાં ખૂબ ધામધુમ કરીને રાજકુંવર એ છોકરીને પરણ્યો.

પછી રાજમહેલમાં બેઉ ભાઇ બહેન બહુ સુખમાં રહેતાં હતાં. થોડા મહિના થયા ત્યાં તો રાણીને એક રૂપાળો દીકરો અવતર્યો. રાજકુંવર તે વખતે રાજમાં ન હતો. શિકારે ગયેલો.

એટલામાં એવું થયું કે આ ભાઇ બહેનની નવી માને બધી વાતની ખબર પડી ગઇ. એના મનમાં બહુ અદેખાઇ આવી. એને એક દીકરી હતી, તે બરાબર એ રાણીના જેવડી લાગતી.

માના મનમાં થયું કે મારી દીકરીને રાણી બનાવી દઉં. મા–દીકરી એ નગરીમાં આવ્યાં. બન્નેએ પોતાનાં રૂપ બદલી નાખ્યાં. પછી બેઉ જણાં દરબારગઢમાં જઇને દાસીની નોકરી કરવા લાગ્યાં. બિચારી રાણીને તો દયા આવી એટલે બન્નેને રાખ્યાં. એક દિવસ રાતે જ્યારે બધાં ઉંઘતાં હતાં ત્યારે એ રાંડ ડાકણે રાણીને મંત્ર મારીને હંસલી બનાવી બગીચાના તળાવમાં નાખી દીધી, અને પોતાની દીકરીને રાણીનો શણગાર પહેરાવી પથારીમાં સૂવાડી દીધી.

રાજાજી શિકારેથી પાછા આવ્યા. એણે સાંભળ્યું કે કુંવર અવતર્યા. બહુ જ ખુશી થઇને તે રાજમહેલમાં ગયા. ત્યાં પેલી ડાકણ આવીને બોલી કે "હમણાં રાણીને ઓરડે

જાશો મા. એને ઠીક નથી. વૈદ્યે કોઇને જવાની ના પાડી છે." રાજાજી બિચારા સમજ્યા કે વાત સાચી હશે.

તે દિવસે રાત પડી. અરધી રાત થઇ ત્યારે સિપાઇએ જોયું તો સરોવરમાં એક રૂપાળી ધોળી ધોળી હંસણી તરે છે. સિપાઇઓને જોઇને હંસણીએ પૂછ્યું કે "સિપાઇ ભાઇ, સિપાઇ ભાઇ, રાજાજી શું કરે છે?"

સિપાઇ બોલ્યો, "રાજાજી સૂતા છે."

હંસણી બોલી, "મારું હરણ શું કરે છે?"

સિપાઇ કહે "સૂતું છે."

હંસણી કહે "મારો કુંવર શું કરે છે?"

સિપાઇ કહે, "અંગુઠો ચૂસતો ચૂસતો પોઢી ગયો છે."

પછી હંસણી કહે કે "હું કાલે આવીશ." એમ કહીને એ ચાલી ગઇ.

સવારે ઉઠીને સિપાઇએ રાતે બનેલી બધી વાતચીત રાજાજીને કહી.

રાજાજી નવાઇ પામીને બોલ્યા, "એમ? એ શું સમજવું?"

બીજી રાતે રાજાજી એ સિપાઇની સાથે સરોવરને કાંઠે ગયા. અધરાત થઇ ત્યાં તો હંસણી આવી. આવીને પહેરાવાળાને પૂછવા લાગી કેઃ—

"ભાઇ ! રાજાજી શું કરે છે ?"

"મારું હરણ શું કરે છે ?"

"મારો કુંવર શું કરે છે ?"

હંસણી જવા મંડી ત્યાં રાજાજી આવીને ઉભા રહ્યા. રાજાને જોઇને હંસણી બોલી, "રાજાજી, તમારી તરવાર મારા માથા ઉપર ત્રણ વાર ફેરવો." રાજાએ તરવાર લઇને હંસણીના માથા ઉપર ત્રણ વાર ફેરવી ત્યાં તો હંસણી મટીને રાણી બની ગઇ. રાજાજી ચકિત થયા. એણે પૂછ્યું કે "આ શું ?" રાણીએ પોતાની નવી માની બધી વાત કરી. રાજાજી તો તરત જ તરવાર લઇને દોડયા અને પેલી ડાકણનો તથા એની છોકરીનો ચોટલો ઝાલીને મારવા તૈયાર થયા. રાણી રાજાજીનો પગ પકડીને બોલી.

"મારા સમ. મારશો મા. ગમે તેમ તો ય એ મારી મા છે, અને આ મારી બહેન છે.

રાજાજીએ ડાકણને કહ્યું, "આ હરણને માણસ બનાવી દે, નહિ તો તને મારી નાખું."

ડાકણે ધ્રૂજતાં ધ્રૂજતાં કાંઇક મંત્ર ભણ્યા, એટલે તરત એ હરણ મટીને રાણીનો નાનો ભાઇ બની ગયો.

પછી એ દુષ્ટ ડાકણને અને તેની છોડીને, માથાં મુંડાવી ચુનો ચોપડી, ઉંધે ગધેડે બેસારી કાઢી મુકયાં.

હેડકો ભરથાર

એક હતો રાજા; એને ત્રણ દીકરી હતી. ત્રણે રાજકુમારી બહુ રૂપાળી, તેમાં યે નાની રાજકુમારીનું રૂપ તો અસલ જાણે પરી જેવું.

રાજમહેલની પાસે એક વન હતું. એ વનમાં એક ઝરણું હતું, ઉનાળાના દિવસમાં રાજાની નાની કુંવરી એ ઝરણાને કાંઠે આવીને ઝાડને છાંયડે બેસતી; બેસીને સોનાનો એક નાનો દડો લઇ રમતી.

એક દિવસ એ રમતી હતી ત્યાં તો એનો દડો હાથમાંથી સરી ગયો. અને દડતો દડતો ટપ દઇને ઝરણામાં પડયો. ત્યાં પાણી બહુ ઉંડું હતું. એમાં પડે તો માણસ ડૂબી જાય.

રાજકુમારી હવે શું કરે ? એની આંખમાંથી તો ટપ ટપ પાણી પડવાં માંડયાં. ખૂબ રોવા લાગી. રોતાં રોતાં એને એમ લાગ્યું કે જાણે એને કોઇ બોલાવે છે.

રાજકુમારીએ ચારે તરફ જોયું, પણ કોઇ ન મળે. ફક્ત એક મોટો દેડકો પાણીનાંથી ડોકું કાઢીને આંખો મટમટાવતો એની સામે જોઇ રહ્યો હતો.

દેડકો બોલ્યો, "રાજકુમારી! ઓ રાજકુમારી શા માટે રૂવે છે?"

રાજકુમારી કહે, "મારો સોનાનો દડો પાણીમાં પડી ગયો છે."

દેડકો કહે, "હું તારો દડો પાણીમાંથી કાઢી દઉં તો મને શું આપીશ?"

રાજકુમારી કહે, "મારો ઝગમગતો પોશાક આપીશ, મારો ચકચકતો મુગટ આપીશ, મારી મોતીની માળા આપીશ, તું જે માગીશ તે હું આવીશ."

દેડકો બોલ્યો, "મારે તારો પોશાક બોશાક કંઇ નથી જોતાં. તું જો મને તારી સાથે રમવા દે, તારી સોનાની થાળીમાં તારી સાથે જમવા દે, તારી નાનકડી પથારીની અંદર તારી સાથે મને સૂવા દે, તો હું તારો સોનાનો દડો કાઢી આપું."

રાજકુમારી કહે "ભલે. તું જો મારો દડો કાઢી દે, તો તું જેમ કહીશ તેમ હું કરીશ."

રાજકુમારીના મનમાં તો એમ થયું કે "કેવો નાદાન!

દેડકો તે શું માણસની સાથે રહી શકે ? એ તો પાણીમાં બેઠો બેઠો ડ્રાંઉ ડ્રાંઉ કરી જાણે."

ત્યાં તો દેડકાએ પાણીમાં ડુબકી મારી. થોડી વારમાં તો એ સોનાનો દડો મ્હોંમાં લઇને બહાર આવ્યો. એના મનમાં તો હતું કે રાજકુમારી મારી સાથે કોણ જાણે કેવી મઝાની રમતો રમશે ! પણ રાજકુમારીએ તો જરા યે રમત કરી નહિ. એ તો દડો લઇને, રાજી થાતી થાતી રાજમહેલમાં દોડી ગઇ.

બીજે દિવસે રાજકુમારી રાજાજી પાસે બેઠી બેઠી સોનાની થાળીમાં ખાય છે, ત્યાં તો ધપ, ધપ, ધપ કરતું કોઇક નીસરણી ઉપર ચડતું હોય એમ લાગ્યું. કોઇક જાણે બારણાની પાસે આવીને બોલવા લાગ્યું કે–

"ન્હાની રાજકુમારી, ઓ ન્હાની રાજકુમારી બારણું ઉઘાડો ને !"

એ સાંભળીને રાજકુમારી બારણું ઉઘાડવા ગઇ. ઉઘાડીને જુએ ત્યાં તો, હાય હાય ! એ તો પેલો દેડકો ! એને જોતાં જ રાજકુમારીએ ઝટપટ બારણું વાસી દીધું. તે પોતાની જગ્યાએ બેસી ગઇ.

રાજાએ પૂછ્યું "કેમ બ્હેન, આટલી બધી કોની બીક લાગી ? શું કોઇ રાક્ષસ તને ઉપાડી જાવા આવ્યો છે ?"

એ બોલી, "ના બાપુ, રાક્ષસ નહિ. પણ એક દેડકો."

રાજા કહે, "તારી પાસે શા માટે આવ્યો છે ?"

રાજકુમારી બોલી, "બાપુ, કાલે વનમાં રમવા ગઇ હતી. ત્યાં ઝરણામાં મારો દડો પડી ગયેલો. એ દેડકે મારો દડો કાઢી આપ્યો ને મને કહ્યું કે "મારી સાથે રમત રમ, મને તારી થાળીમાં જમવા દે." મેં કહ્યું કે હો ! હું એમ કરીશ. મને શું ખબર કે વનમાંથી એ આંહી સુધી આવી પહોંચશે ?"

ફરી દેડકો બોલવા મંડયો, "ઓ ન્હાની રાજકુમારી, મને આવવા દે ! કાલ ઝરણાને કાંઠે તું શું બોલી હતી ? ભૂલી ગઇ ? ઝટ બારણું ઉઘાડ ને !"

ત્યારે રાજાએ કહ્યુ, "બેટા, તેં કહ્યું છે તો પછી બારણું ઉઘાડવું જોઇએ. આપણું વેણ કાંઇ ઉથાપાય ? આપણે તો રાજા કહેવાઇએ."

પછી તો રાજકુમારીને બારણું ઉઘાડવું પડયું.

બારણું ખોલ્યું ત્યાં તો પીટયો દેડકો ધપ ધપ કરતો ઘરમાં ચાલ્યો આવ્યો. પછી જઇને પાધરો એ તો રાજકુમારીની થાળી પાસે પહોંચ્યો. રાજકુમારીને એ ભાઇસાહેબ કહે કે "હું તો તારી સાથે જ જમીશ."

એ જોઇને રાજકુમારી તો આંખો મીંચી ગઈ, નાક દાબી દીધું, અને મ્હોં ફેરવીને બોલી, "હં....એ....એ !"

પણ રાજા કહે કે "ના, એમ કરાય નહિ. આપણે રાજા. આપણાથી વચન ભંગાય નહિ. તેણે તારા ઉપર કેટલો ઉપકાર કર્યો છે!"

રાજકુમારી તો હોઠ અને મોઢું દબાવીને મૂંગી મૂંગી માંડ માંડ બેસી રહી, એણે જરા યે ખાધું નહિ, એટલામાં દેડકાજી તો થાળીમાંથી બધું ચટ કરી ગયા, પછી ખાઇ પીને દેડકો બોલ્યો કે "હાશ! મારૂં પેટ ખૂબ ભરાઇ ગયું. હવે મને તારી પથારીમાં સૂવાડી દે."

એ સાંભળીને રાજકુમારી તો રોવા જ મંડી. એને બહુ જ સૂગ ચડતી હતી. પણ શું કરે? રાજાજીની બીકથી કશું બોલાયું નહિ. પછી દેડકાને ઝાલીને પોતાના ઓરડામાં લઇ ગઇ. અને એને એક ખૂણામાં બેસાડીને પોતે પલંગ ઉપર સૂતી.

ત્યાં તો વળી દેડકો બોલ્યો કે "હાં, એમ નહિ ચાલે, મને તારા પલંગમાં સૂવા દે."

રાજકુમારીએ રોતાં રોતાં ઉઠીને દેડકાની સામે જોયું. એને પલંગ ઉપર સૂવાડીને પંપાળવા લાગી. એનો હાથ દેડકાના શરીર ઉપર હતો, અને એની આંખો હતી આકાશ સામે. થોડી વાર થઇ ત્યાં તો એના હાથને કાંઇક સુંવાળું સુંવાળું ને મોટું મોટું લાગવા મંડયું.

આંખ ફેરવીને રાજકુમારી જ્યાં દેડકા સામે જુએ ત્યાં તો "વાહ રે! પથારી પર દેડકો નહિ, પણ એક રૂપાળો માનવી. એના શરીર ઉપર રેશમી પોશાક, એના માથા ઉપર મુગટ, એના કાનમાં કુંડળ ઝળક ઝળક થાય. ને એના ગળામાં સુગંધી ગુલાબની માળા.

એ માનવીને એક ડાકણે મંત્ર મારી દેડકો બનાવી દીધેલો. પણ રાજકુમારીના હાથમાં એવું સત હતું કે થોડી વાર હાથ પંપાળ્યો ત્યાં તો દેડકો પાછો માનવી બની ગયો.

બન્ને જણાં મીઠી મીઠી વાતો કરતાં રાજાજી પાસે ગયાં. રાજાજીએ બેઉનાં લગ્ન કર્યાં. એ માનવીનો પિતા સોદાગર હતો, તે દેશમાં ખબર મોકલ્યા. ત્યાંથી ધોળા ધોળા ઘોડાનો રથ આવ્યો. ઘોડાને માથે રૂપાળાં પીંછાની કલગી ફરફતી હતી.

શરણાઇ વાગી, ઢોલ નગારાં વાગ્યાં, અને સોદાગર રાજકુમારીને લઇને પોતાનાં રાજમાં ચાલ્યો ગયો.

સાચો સપૂત

રાજમહેલમાં રાણી એક દીવસ બેઠેલી. એની આંખો-માંથી આંસુ ચાલ્યાં જતાં હતાં.

રાજાજી આવી ચડ્યા. પૂછ્યું કે "રાણીજી, રોવું શીદ આવે છે?"

રાણી બોલ્યાં, "જુઓ, સામેના ગોખલામાં ચકલા-ચકલીનો માળો જોયો? એ માળામાં બે નાનાં બચ્ચાં છે. ચકલો બેઠો બેઠો જોયા કરે છે."

રાજા પૂછે છે. "એ ચકલી બચ્ચાંને શાં માટે મારે છે?"

રાણી બોલ્યાં, "ચકલાની સગી મા મરી ગઇ છે. આ ચકલી તો એની નવી મા."

"તેથી તમને શું થયું?"

રાણી કહે, "રાજાજી, હું મરી જઇશ, પછી મારાં બચ્ચાંની પણ આવી દશા થશે, એવું મનમાં થાય છે. માટે મને રડવું આવ્યું."

રાજા કહે, "ઘેલી રાણી ! એવું તે કાંઇ બને ? હું શું એ ચકલા જેવો નિર્દય છું ?"

રાણી કહે, "રાજાજી, વાત કરવી સહેલ છે."

રાજાએ રાણી આગળ સોગંદ ખાધા કે "ફરીવાર કદી હું પરણીશ જ નહિ."

રાણી માંદાં પડયાં. મરવું હતું તે દિવસે રાજાને પડખે બેસાડીને રાણી કહે કે, "તમારો કોલ સંભારજો હો ! મારા કુંવરકુંવરીની સંભાળ રાખજો." એટલું બોલીને રાણી મરી ગયાં.

રાજાએ પંદર દિવસ શોક પાળ્યો. મોટાં મોટાં રાજની કુંવરીઓનાં કહેણ આવ્યાં. રાજાજીએ પરણી લીધું.

નવી મા ઘરમાં આવી. રાણી રાજાના કાન ભંભેરવા લાગી. રાજાજી તો પોતાનું વચન વિસરી ગયા. કુંવર અને કુંવરીને દુઃખનો પાર ન રહ્યો.

ભાઇ બહેન જ્યારે બહુ જ મૂંઝાય ત્યારે શું કરે ? રાજ-મહેલમાં એનો એક રખેવાળ હતો; એનું નામ ભૈરવ. ભાઈ બહેન એ ભૈરવભાઇની પાસે જઇને બેસે અને આંસુ ખેરે.

રાણીએ રાજાના કાન ભંભેર્યા. બીજે દિવસે ભૈરવભાઇની નોકરી તૂટી ગઇ. કુંવર કુંવરીને છાતીએ ચાંપીને ભૈરવ ખૂબ રોયો. પછી ચાલી નીકળ્યો.

એમ કરતાં થોડાંક વરસો વીત્યાં.

એક દિવસ મધરાત હતી. તે વખતે રાણીના ઓરડામાં એક બુઢ્ઢો પુરૂષ ઉભેલો. એ પુરૂષ રાજાનો વજીર હતો. બેય જણાં શી વાત કરતાં હતાં ?

રાણી કહે, "જુઓ આ હીરામાણેકનો ઢગલો. તમારે જોઇતો હોય તો મારૂં એક કામ કરો."

વજીર કહે, "શું કામ ?"

રાણી કહે, "ખૂન."

વજીર કહે, "કોનું ?"

રાણી કહે, "રાજકુમારનું"

વજીર તો ચમકી ઉઠયો, ને બોલ્યો કે "અરેરે ! રાણી માતા ! એ કુંવરને તો મેં મારે બે હાથે રમાડયો છે. એ જ હાથે હું એને મારૂં ?"

રાણી બોલી. "નહિ મારો તો હું તમારો પ્રાણ લઇશ."

ધ્રૂજતો ધ્રૂજતો વજીર બોલ્યો, "શી રીતે મારૂં ?"

રાણી કહે, "આ કટારથી."

વજીર ધ્રૂજી ઉઠયો. એ બોલ્યો કે "ના, ના, કટાર મારતાં મારો હાથ થરથરે. હું એને ઝેર પાઇને મારીશ."

રાજકુમારી આ બધી વાત સાંભળી ગઇ. એ તો દોડતી દોડતી જંગલમાં ગઇ. ત્યાં એક શંકરનું દેવળ હતું. રાજકુમારી શંકરની સ્તુતિ કરવા લાગી.

ત્યાં તો એક પુરૂષ ત્યાં આવી પહોંચ્યો. એનું મોઢું બહુ વિકરાળ. માથે મોટા મોટા વાળ, લાંબી દાઢી અને રાતી રાતી આંખો. રાજકુમારી તો દોડીને એને વળગી પડી ને બોલી "ભૈરવભાઇ, ઓ ભૈરવભાઇ !"

એ પુરૂષ પૂછે છે કે "અરે છોડી, તું કોણુ છો ? તું મને ઓળખતી નથી ? હું તો આ જંગલનો બ્હારવટીઓ છું. તને મારી બીક નથી લાગતી ?"

રાજકુમારી બોલી, "ના ! તું ખોટું બોલે છે, તું તો મારો ભૈરવભાઇ ! પાંચ વરસ પહેલાં અમે ભાઇબહેન તારા ખોળામાં રમતાં તે તું ભૂલી ગયો, ભૈરવભાઇ ?"

ભૈરવ ગળગળો થઇ ગયો. એણે પૂછ્યું, "બ્હેન, ભાઇ ક્યાં છે ? એને કેમ છે ?"

રાજકુમારી રોઇ પડી ને બોલી કે "ભાઇને તો આજ આ મંદિરે લાવીને મારી નાખશે."

બધી વાત સાંભળીને ભૈરવ મંદિરમાં સંતાયો. રાત પડી ત્યાં રાજકુમારને લઇને વજીર આવી પહોંચ્યો.

વજીર કહે; "રાજકુંવર, લ્યો આ શરબત પી જાઓ."

રાજકુંવર બોલ્યો, વજીરજી, હું જાણું છું કે એ શરબત નથી, ઝેર છે. છતાં લાવો પી જાઉં."

એમ કહીને રાજકુંવર પ્યાલો હોઠે માંડે છે; ત્યાં તો વજીરે પ્યાલો ઝૂંટવી લીધો ને પોતે પી ગયો. વજીરને ઝેર ચડયું. જમીન પર એ પડી ગયો. મરતાં મરતાં બોલ્યો કે "રાજકુંવર, આંહીથી પરદેશમાં ભાગી જજો. નહિ તો તમારો પ્રાણ જશે."

રાજકુંવર અને ભૈરવ મળ્યા. ત્રણે જણાં પરદેશ ઉપડ્યાં. રસ્તામાં રાત પડી. ઉજ્જડ જંગલ હતું, બહેનભાઇના પગમાં કાંટા વાગતા જાય છે, શરીરે ઉઝરડા પડે છે, ભૈરવની આંગળીએ વળગીને બેઉ ચાલ્યાં જાય છે.

એવામાં વરૂઓનું એક ટોળું દોડતું આવે છે. ભૈરવભાઇ પાસે એક તલવાર. પણ એકલો કેટલાં વરૂને મારી શકે ? પછી એણે કહ્યું, "તમે ભાઇબહેન ભાગો. મને એકલાને મરવા દો."

પોતાની તલવારથી ભૈરવે પોતાના શરીરમાંથી માંસના લોચા કાપ્યા. કાપી કાપીને વરૂઓનાં મોં આગર ફેંકતો જાય ને ભાગતો જાય. વરૂઓ માંસ ખાવા રોકાય, ત્યાં ત્રણે જણાં આઘાં આઘાં નીકળી જાય. વળી વરૂઓ દોડતાં દોડતાં આવી પહોંચે. ફરીવાર ભૈરવ પોતાનું માંસ કાપીને નાખે. એમ કરતાં ભૈરવે આખું શરીર વરૂને ખવરાવ્યું. અને રાજકુંવર તથા રાજકુંવરી દૂર દૂર નીકળી ગયાં.

સવાર પડયું. એક મોટી નગરી આવી. એ નગરીના રાજાએ એક મોટું મંદિર બંધાવેલું. પણ મંદિર ઉપર સોનાનું ઇંડું ચડાવવું હતું તે કેમેય ચડે નહિ, વાંકું વળી જાય. રાજાને બ્રાહ્મણો કહે કે "કોઇ બત્રીસલક્ષણા માણસનો ભોગ આપો."

રાજકુંવર ત્યાં આવી ચડયો. બ્રાહ્મણો કહે "આ જ બત્રીસલક્ષણો માણસ. આપી દો એનો ભોગ."

રાજકુંવર કહે, "મને મારો છો શા સારૂ ? જીવતો રહીને જ હું એ ઇંડું ચડાવી દઇશ." એમ કહીને એણે દોરી ખેંચી. ઇંડું વાંકું હતું તે સીધું થઇને ચડી ગયું. માણસો વાહ વાહ કરવા લાગ્યાં.

ભાઇ બહેન ત્યાંથી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં બીજી એક નગરી આવી. તે દિવસે તે નગરીની રાજકુમારીનો સ્વયંવર થતો હતો. દેશ દેશના રાજાઓ ભેગા થયા હતા.

બહુ મોટી સભા ભરાયેલી, બધા રાજાઓ વચ્ચે હાથણી ઉપર બેસીને રાજકુંવરી આવી પહોંચી. હાથણીની સૂંઢમાં કળશ ભર્યો હતો. રાજાજીએ હાથણીને કહ્યું કે "હે દેવી ! જે રાજાની ઉપર તું કળશ ઢોળીશ તેને મારી દીકરી પરણાવીશ ને અરધું રાજપાટ આપીશ."

હાથણી આખી સભામાં ફરી વળી, પણ કોઇના ઉપર એનું મન ઠર્યું નહિ. ચાલતી ચાલતી હાથણી મંડપની

બહાર ગઈ, ત્યાં એણે કળશ ઢોળ્યો. કોના ઉપર ? એક ભિખારી જેવા છોકરા ઉપર. આ છોકરો તે આપણો રાજકુમાર.

બધા ય બોલી ઉઠ્યા. "હાથણી ભૂલી, હાથણી ભૂલી. આ ભિખારીની સાથે કંઈ રાજકુમારી પરણે ખરી કે ?"

બધા કહે કે "હાથીને બોલાવો."

હાથી ઉપર ચડીને રાજકુમારી આવી. હાથી પણ આખા મંડપમાં ફરીને બહાર ગયો. પેલા રાજકુંવરને ભિખારી માનીને આઘો કાઢી મૂકેલો, હાથી ત્યાં પહોંચ્યો. ને એના ઉપર કળશ ઢોળ્યો.

રાજકુમારી પોતાના બાપને કહે, "બાપુ મારા નસીબમાં ગમે તે માંડયું હોય, હું તો એ ભિખારીની સાથે જ પરણવાની. બીજા મારા ભાઈ બાપ."

પછી બેઉ પરણ્યાં. રાજકુંવર અરધા રાજપાટનો ધણી બન્યો છે, અને લીલા લહેર કરે છે. પોતાની બ્હેનને એણે એ રાજાના ભાઈ વેરે પરણાવી છે.

પણ રાજકુમારના મનમાં સુખ નહોતું. એને એનો દેશ સાંભરતો. પોતાના બુઢ્ઢા બાપુ સાંભરતા. કોઈ કોઈ દિવસ એની આંખમાં પાણી આવતાં. પછી એણે પોતાના સસરાની રજા માગી. કહ્યું કે છ મહિને પાછો આવીશ.

રાજાએ દીકરીને તૈયાર કરી. બાર ગાઉમાં ગાડાં ચાલે એટલો કરીઆવર દીધો. હાથી ઘોડા દીધા. ડંકા નિશાન દીધાં. આખો રસાલો લઇને કુંવર રાણી સાથે બાપને ગામ ચાલ્યો.

આંહી તો બાપુ બુઢ્ઢા થઇ ગયા છે. કુંવર અને કુંવરી ચાલ્યાં ગયાં, ત્યારે થોડાએક દિવસ ઠીક લાગ્યું નહોતું રાણી એને રીઝવ્યા કરે. પણ દેવના બાળક જેવાં પોતાના એ છોકરાને કાંઇ ભૂલાય ? રાજા તો ઝુરી ઝુરીને રાત દિવસ કાઢે. રાણી ઘણું યે મનાવે, છોકરાંનાં વાંકાં બોલે. પણ રાજાનું મન માને નહિ. એણે રાણી સાથે અબોલા લીધા.

રાજ્યના કામમાં રાજાનું મન ઠરતું નહિ. આખો રાજ-કારભાર બગડયો. સારા માણસો ભાગી ગયા. ખરાબ માણ-સોનું જોર વધ્યું. ખજાના ખાલી થયા. પરદેશના રાજાએ લૂંટી લૂંટીને રાજને ટાળી નાખ્યું.

રાજાજી તો ઝંખે કે "કયાં હશે મારા કુંવર ને કુંવરી ? એને કોણ ખવરાવતું હશે ? કોણ સૂવાડતું હશે ?"

એક દિવસ સાંજ પડી. આકાશમાં ધળના ગોટેગોટા ઉડે છે. ચાકરો આવીને કહે કે કોઇ પરદેશી રાજા ચડી આવે છે, એની સાથે અપરંપાર સેના છે.

રાજાની પાસે સેના નહિ, હથીયાર નહિ, રાજા શું કરે ? મોઢામાં ખડનું તરણું લીધું, હાથમાં અવળી તરવાર ઝાલી. અને એ તો પરદેશી રાજાને શરણે ચાલ્યો.

પરદેશી રાજાએ આ જોયું. જોતાં જ એ સામો દોડયો. દોડીને બુઢ્ઢા રાજાના પગમાં પડી ગયો, ને બોલી ઉઠયો: "બાપુ, બાપુ, મને પાપમાં કાં નાખો ?"

રાજાએ કુંવરને ઓળખ્યો. કુંવરને છાતી સાથે દાબીને રાજાજી ખૂબ રડ્યા. કુંવરની આંખમાં પણ આંસુ માય નહિ.

ગાજતે વાજતે બધા નગરમાં ગયા. કુંવરને જોવા આખું ગામ જાણે હલકી ઉઠયું.

નવી માને ખબર પડી. એના પેટમાં તો ફાળ પડી. એણે તાંસળી ભરીને અફીણ ઘોળ્યું. જ્યાં મોઢે માંડવા જાય છે ત્યાં તો કુંવર પહોંચ્યો. તાંસળી પડાવી લીધી. માના ખોળામાં માથું મેલીને કુંવર ખૂબ રડયો. માનું હૈયુ ઉભરાઇ આવ્યું. મા માફી માગવા મંડયા. કુંવર કહે, "માડી ! કાંઇ બોલો તો તમને ઇશ્વરની આણ."

કુંવર ગાદીએ બેઠો. રાજા રાણી વનમાં તપ કરવા ગયાં. રાજ આખું આબાદ થયું. ખાધું પીધું રાજ કીધું.

સોનાની પુતળી

એક હતી રાજકુમારી. એનું નામ હીરા. પોતે બહુ રૂપાળી. પોતાના રૂપનો એને બહુ જ અહંકાર. કોઇની વાત સાંભળે નહિ, મનમાં આવે તેમ કરે અને રાતદિવસ શણગાર જ સજ્યા કરે.

એને સાત સખી હતી. એક સખી અંબોડો બાંધી આપે, બીજી સખી હાથપગ ચીતરી આપે, ત્રીજી સખી શણગાર સજી આપે, ચોથી સખી અરીસો ધરીને ઉભી રહે, પાંચમી પંખો ઢાળે, છઠ્ઠી વાજું વગાડે, ને સાતમી નાચ કરે. સાતે જણી મળીને હીરાને મોઢે હીરાનાં વખાણ જ કર્યા કરે. પહેલી સખી કહેઃ—

"આહા, કુંવરીબા તો જાણે કંચનની પૂતળી."

બીજી બોલે કેઃ—

"વાહ, એનો રંગ તો જાણે ચોખા સોના સરખો."

ત્રીજી ટાપસી પૂરે કેઃ—

"આહા ! બાનું નાક તો જાણે બંસી !"

ચોથી ચડાવી મારે કે:—

"અરે, બાની આંગળી તો અસલ જાણે ચંપાની કળી !"

અને પાંચમી બોલે કે:—

"બહેન ! તમારી આંખો તો બરાબર હીરાના જ કટકા !"

આવું આવું સાંભળીને કુંવરીબા તો મદમાં ને મદમાં ફુલાયા કરે.

એનો મદ તો એટલો બધો ચડયો કે પછી પરીઓથી સહેવાયું નહિ. પરીઓને મનમાં થયું કે આને કાંઇક શિખામણ દેવી જોઇએ.

સોનાના અરીસા સામે ઉભી ઉભી રાજકુંવરી પોતાનું મોઢું જોતી હતી. ત્યાં તો અચાનક અરીસામાં કોઇનું મોઢું દેખાયું. પાછી ફરીને કુંવરી જુવે ત્યાં તો એક પરી ઉભેલી. પરી બોલી, "હીરા તું રૂપાળી છો, પણ આટલો મદ રાખ નહિ. એથી તારૂં સારૂં નથી થવાનું."

રાજકુંવરી કહે, "મારૂં રૂપ તારાથી દેખી શકાતું નથી, એટલે જ મારી સાથે વઢવાડ કરવા આવી લાગે છે ખરૂં ને ?"

પરી કહે, "ના, જેને આટલો બધો અહંકાર હોય, તેનું સારૂં થાય જ નહિ. માટે હું તો તને ચેતવવા આવી છું, બહેન !"

આટલું બોલીને પરી ચાલી ગઈ.

પછી તો હીરાનો મદ કયાં યે માય નહિ. એના મનમાં એમ થયું કે હું એટલી બધી રૂપાળી કે પરીઓ પણ મારી અદેખાઇ કરે !

હીરાની પાસે ઘેરો વળીને સાત સખીઓ બેસે ને એનાં ખોટે ખોટાં વખાણ કરે !

એક જણી કહે, "કુંવરીબાના હોઠ તો અસલ પરવાળા જેવાં જ !"

બીજી બોલે, "બાના દાંત તો જાણે અસલ મોતી જેવા !"

બધી વાતો સાંભળીને હીરા તો હસ્યા જ કરે.

એકાએક એક સખી બોલી, "અરે, આ શું ! બાના દાંત સાચોસાચ મોતી જેવા કેમ લાગે છે ?"

વાત ખરી હતી. રાજકુંવરીના રાતા મોઢાની અંદર એકેય દાંત ન મળે. દાંતને બદલે ગોળ ગોળ મોતીની બે હાર ચળક ચળક થાય છે. સખીઓ સમજી ગઇ કે આ કામ પેલી પરીનું હશે. એને મનમાં ફાળ પડી, પણ રાજકુમારીને મોઢે કોઇ બોલ્યું નહિ. હીરા તો મનમાં બહુ જ રાજી થઇ. એણે વિચાર્યું કે "ખાવાપીવામાં લગાર અડચણ તો આવશે. પણ એની કાંઇ ફીકર નહિ. મોતીના દાંત તો નસીબદારને જ મળે."

એક દિવસ સવારે હીરા પથારીમાંથી ઉઠતી નથી. એની સાતે સખીઓ ઉઠાડે છે. પણ હીરા તો પડખું ફેરવીને કહે કે "ઓહો, હેરાન કરો મા બાપુ, અત્યારમાં ઉઠીને શું કરવું છે!"

સખીઓ કહે, "તમને અત્યાર લાગે છે. પણ જુઓ તો ખરાં, કેટલું ટાણું થઇ ગયું છે?"

હીરા કહે, "કાં? હજી તો અંધારૂં છે."

સખીઓને લાગ્યું કે હીરા ઉંઘમાં ને ઉંઘમાં આમ બોલે છે. એટલે એને ઢંઢોળીને કહ્યું, "આમ જુઓ તો, તડકા કેટલા બધા ચડી ગયા છે?"

ત્યારે પછી હીરાના પેટમાં ફાળ પડી. એ તો આંખો ઉઘાડીને જોતી હતી. પણ અજવાળું દેખાતું જ નહોતું. બે હાથે આંખ ચોળીને ફરીથી જોયું. તો યે અંધારૂં ઘોર! હાય, હાય, એ આંધળી બની ગઇ હતી!

રાજાના મહેલમાં તો પોકાર થઇ ગયો. વૈદ્યને બોલાવવા માણસો દોડયાં.

વૈદ્ય આવીને જુએ ત્યાં તો આંખો એવી ને એવી જ. ઉલટી વધુ ચકચક થતી હતી. કેમ જાણે આંખો સળગી ઉઠી હોય ને! વૈદ્યે આંખો ઉપર ધીરે ધીરે ફુંક મારી. પણ હીરાની આંખ જેમ હતી તેમજ રહી. બીડાઇ ન ગઇ. પછી

વૈદ્યે આંખમાં આંગળી નાખી તો યે આંખો હલી ચલી નહિ. પછી અંદર છરી ઘોંચી પણ આંખ ઉપર છરીનો ડાઘ પણ પડયો નહિ. આંખોને બદલે હીરાના બે કટકા બની ગયા છે!

આંખો ગઇ, એટલે પહેલાં તો રાજકુંવરીને બહુ જ વસમું લાગ્યું. પણ સાત સખીઓ કહેવા લાગી કે "એમાં શું થઇ ગયું? તમે ભાળશો નહિ તો અમે તમારૂં બધું કામ કરી દેશું. પણ તમારી આંખો કેવી રૂપાળી બની ગઇ છે! કેવી ચળકે છે! એની શી વાત કરવી, બા?" રાજકુંવરી બહુ રાજી થઇ. એને તો રૂપાળા થવું હતું! બીજી કાંઇ યે વાત નહિ.

વળી એક દિવસ સવારે ઉઠીને હીરા બોલવા જાય, પણ બોલાયું નહિ. ફરીવાર વૈદ્ય આવ્યા. ખુબ તપાસીને વૈદ્ય બોલ્યા કે "કુંવરીબાની જીભ અને હોઠ બધાં ય પરવાળાંના બની ગયા છે."

મૂંગા થવું એ તો ખરેખર બહુ જ વસમું. પણ સાત સખીઓ હીરાને કહે, "ઓહો બા! રાતા રાતા પરવાળાના હોઠની અંદર મોતીના દાણા જેવા દાંત કેવા શોભીતા લાગે છે! તમારા જેવી સુંદરી હવે તો આખા જગતમાં ન મળે."

ધીરે ધીરે રેશમ જેવા કાળા એના વાળ પણ સાચે સાચ રેશમના જ થઇ ગયા, ને એની આંગળીઓ પણ ચંપાની કળીઓ બની ગઇ. પછી પરીઓએ વિચાર્યું કે ચાલો, ફરીવાર હીરાની પાસે જઇએ. હવે કદાચ એનો મદ ઉતરી ગયો હશે.

સોનાના આસન ઉપર હીરા બેઠી છે. સાત સખીઓ એને વીંટળાઇ વળી છે. એ વખતે પરીએ આવીને હીરાને પૂછ્યું, "હીરા ! હવે તને કાંઇ અક્કલ આવી કે ? તારો ગર્વ ઉતર્યો કે ? બોલ, મને જવાબ દેવો હશે તો તારાથી બોલી શકાશે."

ક્રોધમાં હીરાનું મોઢું રાતું ચોળ થઇ ગયું. રાડ પાડીને હીરા બોલી, "હું કદી યે તારી પાસે હાર કબૂલ કરવાની નથી. મારા મહેલમાંથી હમણાં ચાલી જા !"

પરી કહે, "ઓહો ! હજીએ આટલો મદ ? ઠીક, તને બધાં ય કંચનની પુતળી કહીને બોલાવે છે, તો હવે સાચે-સાચ તું કંચનની પુતળી જ બની જા !"

ત્યાં તો જોતજોતામાં રાજકુંવરીનો રંગ સોના જેવો થઇ ગયો ને આખું શરીર ચળક ચળક થવા માંડયું. ધીરે ધીરે એના હાથ પગ પણ કઠણ બની ગયા. હીરા સોનાની પુતળી બની ગઇ.

રાજમહેલમાં, એક સૌથી સુંદર ઓરડાની અંદર એ સોનાની પુતળીને બેસાડી રાખી. એને જોઇને બધાંયને બીક લાગતી. પછી એ દેશમાં માણસો અભિમાન કરતાં જ મટી ગયાં.

નિર્દય અપ્સરા

નાનું સરખું એક શહેર, અને તેમાં એક રૂપાળો રાજ-મહેલ. પુનમનો દિવસ હતો. મધરાત જામી હતી. તે વખતે એ રાજમહેલની ઉપર આકાશમાં એક વિમાન આંટા મારતું હતું. એ વિમાનની અંદર ટોકરીઓના ઝંકાર થતા હતા.

કોનું એ વિમાન ? કેમ ત્યાં થંભ્યું હતું ?

દેવલોકની એક અપ્સરા એ વિમાનમાં બેસીને ઇંદ્રરાજાની કચેરીમાં જતી હતી. જતાં જતાં આ શહેર ઉપર વિમાન આવ્યું. અપ્સરાએ આઘેથી જોયું. રાજા અને રાણી રાજ-મહેલની અગાસી માં સૂતાં હતાં.

ઓહો ! મૃત્યુલોકની અંદર આવાં સુખી માનવી રહેતાં હશે ? આ રાજા રાણી કેવી મીઠી નીંદરમાં પોઢ્યાં છે ! હાય ! હું અપ્સરા, પણ આવું સુખ મારા નસીબમાં કયાંથી હોય ?

આવું આવું એ અપ્સરાના મનમાં થવા લાગ્યું. એનાં મનમાં રાણીના સુખની અદેખાઇ આવી. તુરત જ એણે

વિમાનને અગાશી ઉપર ઉતાર્યું અને રાજાને ઉંઘમાં ને ઉંઘમાં ઉપાડી લીધો. રાણીને એકલી મૂકીને વિમાન આકાશમાં ઉડયું.

સવાર પડયું. રાણી જાગી. જુએ તો રાજા ન મળે. રાજા બહાર ગયા હશે! દરબારમાં ગયા હશે! એમ વાટ જોતાં જોતાં બપોર થયા. સાંજ પડી. પણ રાજાજી આવ્યા નહિ. રાણીના પેટમાં ફાળ પડી. દસે દિશામાં માણુસો દોડાવ્યાં. પણ રાજાનો પત્તો મળે નહિ.

ઘણા દિવસ વાટ જોઇને રાણી ચાલી નીકળી. સાથે કોઇ માણુસ નહિ, કયાં જવું તે તો ખબર નહોતી. ડુંગરા વટાવ્યાં, વને વન વીંધ્યાં, નદી તળાવ જોયાં. ઝાડવે ઝાડવે તપાસ કરતી જાય કે કયાં ય રાજા મળે!

એમ કરતાં કરતાં એક અઘોર જંગલ આવ્યું. ત્યાં કોઇ માણુસ ન મળે. એ જંગલની અંદર એક ઉંચો ઉંચો કોઠો. કોઠાના દરવાજા બંધ. અને ઉપર ચઢાય એવું કયાંઇ નહોતું, પણ કોઠાની દિવાલ ઉપર ઝાડના વેલા ચડેલા એ વાત રાણીને યાદ આવી. વેલાને ઝાલીને રાણી ધીરે ધીરે ચડવા લાગી. વચમાં એમ થાય કે જાણે હમણાં વેલો તૂટશે! નીચે નજર કરે તો ચકરી આવે. જાણે પડી કે પડશે! પણ રાણી તો ભગવાનનું નામ લેતી લેતી છેવટે કોઠા ઉપર પહોંચી.

ઉપર જાય ત્યાં તો રૂપાળા ઓરડા જોયા. ચારે તરફ ભાત ભાતની શોભા જોઇ. પણ ઓરડાને તાળાં દીધેલાં. જોતાં જોતાં એની નજર એક ચાવીના ઝુમખા ઉપર પડી. ચાવી લઇને એ પહેલો ઓરડો ઉઘાડવા લાગી. ઉઘાડતી જાય ને એની છાતી થરથર ધ્રુજતી જાય. ઉઘાડીને જુએ તો જાત જાતના સુંદર મેવા અને મીઠાઇ. બીજો ઓરડો ઉઘાડયો. અંદર જુએ તો જાત જાતનાં ફૂલ અને તેલ અત્તર. એના જેવી સુગંધ મૃત્યુલોકની અંદર રાણીએ કોઇ દિવસ નહોતી જોઇ. એ બંધ કરીને ત્રીજો ઓરડો ઉઘાડે ત્યાં તે જાત જાતના પોશાક. એવા કિમ્મતી પોશાક તો પરીઓ જ પહેરી શકે.

એમ કરતાં કરતાં સાતમો ઓરડો જ્યાં ઉઘાડે ત્યાં તો રાણી થંભી ગઇ. એના મોઢા ઉપરથી લોહી ઉડી ગયું. એનાથી ચીસ પડાઇ ગઇ. એણે શું જોયું ?

રૂપાળા એક પલંગ ઉપર એનો સ્વામી, પેલો રાજા પડયો છે. મોઢું સુકાઇ ગયું છે, શરીર તદ્દન દુબળું પડી ગયું છે, રાજા બેભાન બનીને સૂતેલો છે.

રાણી રોતી રોતી રાજાના શરીર ઉપર હાથ ફેરવતી હતી. ત્યાં તો "ઘરરર" ઘરરર" એવો અવાજ સંભળાયો. આકાશમાંથી એક વિમાન ઉતરવા લાગ્યું. રાણીએ તો તરત જ ઓરડો બંધ કરી દીધો અને ચાવી જ્યાં હતી ત્યાં મૂકીને પોતે સંતાઇ ગઇ.

વિમાન કોઠા ઉપર ઉતર્યું. અંદરથી એક અપ્સરા બહાર નીકળી. રાજાને ઉપાડી જનાર તે જ આ અપ્સરા. રાત પડી ગઇ હતી. અપ્સરા આવી ત્યાં તો આખા કોઠાની અંદર એની મેળે દીવા થઇ ગયા.

અપ્સરાએ એક પછી એક ઓરડા ઉઘાડયા. ખાધું પીધું, શણગાર સજ્યા. ફૂલની માળા પહેરી, માથે સુગંધી તેલ લગાવ્યાં, અને સાતમાં ઓરડાની અંદર ગઇ. જઇને સૂતેલા રાજાને પગે કાળો દોરો બાંધ્યો હતો તે છોડી નાખ્યો. રાજા ઉંઘમાંથી ઝબકી ઉઠયો. વિલાપ કરતો કરતો રાજા કહે છે કે "રે અપ્સરા! મેં તારો શો અપરાધ કર્યો છે? તું મને આંહી લાવી છો, પણ મારી વહાલી રાણી શી રીતે દિવસો વીતાવતી હશે? એ મરી ગઇ હશે કે જીવતી હશે?"

અપ્સરા બોલી, "રાજા? એ રાણીને હવે ભૂલી જા. મારી સાથે લગ્ન કર. જો મારૂં રૂપ, મારી માયા, મારી શોભા."

રાજા તો ઝંખે છે કે "મારી રાણી વિના બીજું કંઇ ન જોઇએ."

અપ્સરા કહે, "હું તને નહિ છોડું. તું નહિ માને તો તને રીબાવી રીબાવીને મારીશ."

આખી રાત આવી રીતે અપ્સરા મનાવે ને ધમકાવે. પણ રાજા માને નહિ. સવાર થયું એટલે ફરીવાર રાજાને પગે

કાળો દોરો બાંધ્યો. રાજા બેભાન બનીને પલંગમાં પડયો. અપ્સરા વિમાનમાં બેસીને ઈંદ્રલોકમાં ચાલી ગઇ.

આખી રાત રાણીએ છાનીમાની આ વાતો સાંભળી. પોતાના સ્વામીનું દુઃખ જોઇને એનું હૈયું ફાટી જતું હતું. એના મનમાં થયું કે "ઓહો ! કેવો મારા પતિનો પ્રેમ ! અપ્સરા ઉપર પણ મોહ્યો નહિ ! વાહ રે મારા પતિ !"

પછી દિવસ આથમ્યો એટલે રાણી સાતમા ઓરડામાં ગઇ. રાજાને ઉઠાડવો શી રીતે ? શરીર ઉપર હાથ ફેરવતાં એના પગના અંગુઠા ઉપર કાળો દોરો જોયો. રાણીએ દોરો છોડયો. તુરત જ રાજા જાગ્યો અને રાણી સામે જોઇ રહ્યો. પણ ઘણા દિવસની ભૂખને લીધે એને બરાબર દેખાયું નહિ.

રાણી કહે, "ઓળખો છો ?"

રાજાએ રાણીનો સાદ ઓળખ્યો. બેઉ જણાં ભેટી પડ્યાં. રાજા રાણીને કહે કે "વ્હાલી રાણી ! તમે આંહીથી ભાગી જાઓ. અપ્સરા તમને મારી નાખશે. મારી આશા રાખશો નહિ."

રાણી કહે "મરીશ તો તમારી પાસે જ મરીશ. તમને સાથે લીધા વગર આંહીથી નથી ખસવાની."

રાજા કહે, "રાણીજી, હું શી રીતે આવું ? મારા શરીરમાં જોર નથી. આટલા દિવસ થયા મને ખવરાવ્યું નથી. આ કોઠા ઉપરથી કેમ નીચે ઉતરાય ?"

રાણી બોલી, "તમને હું ખાવાનું આપું. હમણા થોડાં દિવસ તમે ખાઓ પીઓ. તમારા શરીરમાં જોર આવશે ત્યારે આપણે ભાગી જશું. પણ હું એકલી તો હવે જઇ રહી."

પછી રાણીએ પહેલા ઓરડામાંથી મેવો ને મીઠાઇ આણ્યાં. રાજાને ખવાડયાં. સાંજ પડી, વિમાન ગાજ્યું, દીવા પ્રગટ થયા, એટલે રાજાને પગે દોરો બાંધીને રાણી સંતાઇ ગઇ.

આવી રીતે રોજ સાંજરે અપ્સરા આવે ને પહેલે દિવસે જેમ કર્યું હતું તે પ્રમાણે કરે. પણ રાજા તો એકનો બે થાય જ નહિ. એટલે અપ્સરા એને મૂર્છામાં નાખીને સવારે પાછી ચાલી જાય. અને સવાર પડે કે તુરત રાણી રાજા પાસે આવે, ખવરાવે, પીવરાવે ને આનંદ કરાવે. સાંજે પાછી સંતાઇ જાય.

એમ કરતાં થોડા દિવસ વીત્યા. અપ્સરાએ જોયું કે આ રાજાના શરીરમાં હવે નવું જોર આવતું જાય છે. આમાં કાંઇક ભેદ હશે. ગમે તેમ હોય પણ રાજાને કયાં-ઇકિથી ખાવાનું પહોંચે છે! અપ્સરા બરાબર તપાસ રાખવા લાગી.

રાજાને તો હવે દિવસનો આરામ નથી મળતો. રાત આખી પણ જાગવું પડે છે. દિવસે રાણી જગાડે ને રાતે

અપ્સરા જગાડે. એવા થાકથી એક દિવસ રાતે રાજાને ઝોલું આવી ગયું અને તુરત જ અપ્સરા ચેતી ગઇ. એના મનમાં થયું કે નક્કી અહીં કોઇ માનવી રહે છે. સવાર પડયું કે તરત રાજાને પગે દોરો બાંધીને વિમાનમાં નાખ્યો અને ઘરરર! કરતું વિમાનને આકાશમાં હાંકી મૂકયું. પેલી રાણી દોડતી દોડતી બહાર આવી ને બૂમો પાડવા લાગી. ઓ રાજા! ઓ મારા સ્વામીનાથ! પણ કોણ જવાબ આપે?

માંડ માંડ હાથમાં આવેલો રાજા હવે તો ગયો, ફરી મળવાનો નથી, એમ માનીને રાણી હિંમત હારી બેઠી. રખડતી રખડતી એક સરોવર ઉપર જઇને ઉભી. અંદર પડીને મરવા જાય છે ત્યાં તો અંદર હંસનાં બે બચ્ચાં બેઠેલાં જોયાં. એ બચ્ચાં માનવીની વાચામાં કહેવા લાગ્યાં કે "બ્હેન, આ સરોવરમાં અમે તને આપઘાત કરવા નહિ દઇએ. જો પેલા અમારાં માબાપ આવે. એમને પૂછીને પડજે."

હંસ અને હંસલી આવ્યાં.

રાણી બોલી, "હે રાજહંસ, હવે મને મરવા દો, મારા પતિ વિના હું શીદને જીવું?"

હંસ–હંસણી બોલ્યાં, "હે દુઃખીઆરી રાણી! તારો રાજા હજુ જીવે છે, તે કયાં છે એની અમને ખબર છે. અમારી પીઠ ઉપર બેસી જા. અમે તને એ દેશમાં ઉતારી દેશું

રાણી હંસની પીઠ ઉપર બેઠી. હંસ હંસણી ઉડયાં. મોટા મોટા ડુંગર અને મોટા દરિયા વળોટીને ગાંધર્વ-લોકમાં પહોંચ્યાં. રાણીને ત્યાં ઉતારી.

હંસ બોલ્યો "રાણી બહેન! સાંભળો. આંહી એક ગાંધર્વ છે. એને એક દીકરી હતી. તે ઘણાં વરસો થયાં ખોવાઇ ગઇ છે. તમે ત્યાં જજો ને કહેજો કે 'હું તમારી દીકરી છું.' પછી તે તમને નાચગાન શીખવશે ને ઈંદ્રની સભામાં લઇ જશે, ઈંદ્ર ભગવાનને તમારા નાચથી રાજી કરજો અને એ વરદાન આપે ત્યારે તમારા પતિની માગણી કરજો. તમારા પતિને હરણ કરી જનારી અપ્સરા પણ ત્યાં જ હશે."

એમ કહીને હંસ હંસણી ઉડી ગયાં.

રાણી ગાંધર્વ પાસે ગઇ.

રાણી કહે, "બાપુ! મને ઓળખો છો?"

ગાંધર્વ કહે "તું કોણ?"

રાણી કહે, "હું તમારી દીકરી."

પછી ગાંધર્વે નામ નિશાન પૂછી જોયાં તો બરાબર વાત મળતી આવી. ગાંધર્વ બિચારો દીકરીને જોઇ ગાંડો ગાંડો થઇ ગયો. દીકરીને નાચગાન શીખવવા મંડયો. થોડા દિવસમાં તો રાણી બહુ જ સરસ કળાઓ શીખી ગઇ.

પછી ગાંધર્વ પોતાની દીકરીને ઇંદ્રની સભામાં લઇ ગયો. એના મનમાં એમ કે મારી દીકરીને સારાં નાચગાન કરાવીને ઈંદ્રની મહેરબાની મેળવી લઉં. સહુથી સરસ નાચ કરનારી પેલી અપ્સરા હતી. એ અપ્સરા નાચે છે અને ગાંધર્વ વાજીંત્ર બજાવે છે. ગાંધર્વ જાણીજોઇને વાજીંત્ર તાલ બહાર વગાડતો ગયો, એટલે અપ્સરાનો નાચ ખરાબ થવા માંડયો. ઈંદ્રનું મન બહુ જ નારાજ થયું.

પછી ગાંધર્વે રાણીને હાજર કરી નાચ કરાવ્યો. એવો તો અલૌકિક નાચ કે ઈંદ્ર કહે, "બેટા ! માગ, માગ !"

રાણી બોલી, "માગું મારા સ્વામીનાથને !"

ઈંદ્ર કાંઇ સમજી શકયા નહિ. પછી રાણીએ પોતાની આખી કથની કહી સંભળાવી. પેલી અપ્સરાને પણ ઓળખાવી.

ઈંદ્રે કોપ કરીને અપ્સરાને પૂછયું, "સાચી વાત ?"

અપ્સરા શરમાઇને નીચું જોઇ ગઇ.

ઈંદ્રે શાપ દીધો કે "હે નિર્દય મનની અપ્સરા ! જા, તું મૃત્યલોકમાં જન્મજે. તને પણ તારા પતિનો વિયોગ થશે."

રાજાને કચેરીમાં હાજર કર્યો. ઈંદ્ર મહારાજે રાજા રાણી બેઉને આશીર્વાદ દીધા, ઘણી ઘણી ભેટો આપી, અને વિમાનમાં બેસાડીને એમને ગામ મોકલી દીધાં.

હસમુખી

એક હતો સોદાગર. એ સોદાગરને ત્રણ દીકરી હતી. મોટી બે બહેનો દેખાવમાં રૂપાળી, પણ એનાં મન બહુ ખારીલાં. આખો દિવસ બેઠી બેઠી બેઉ જણીઓ નવા નવા શણગાર સજ્યા કરે. નાની દીકરી, જેવી રૂપાળી તેવીજ ગુણવાન. એનું મ્હોં તો સદાય હસતું ને હસતું. બધાંયને એના ઉપર બહુ હેત આવે. બધાએ એનું નામ પાડયું 'હસમુખી.'

સોદાગર બહુજ પૈસાદાર. એને ઘેર સાત સાત કોટડી દ્રવ્ય ભર્યું છે. મહામુલા માલ ભરી એનાં વહાણ દેશવિદેશમાં જાય છે.

એક વખત ખબર પડયા કે એનાં બધાં વહાણ દરિયામાં ડૂબી ગયાં. એ રાંક બની ગયો. મહેલ વેચીને નાની ઝુંપડીમાં રહેવા ગયો. ભાતભાતનાં ભોજનને બદલે જુવારનો રોટલો જ મળે.

મોટી બે બહેનોને તો બહુ જ ખીજ ચડી. એને કાંઈ સારૂં લાગે નહિ. આખો દિવસ કચકચ કર્યા જ કરે.

પણ નાની બ્હેન હસમુખીનું મ્હોં તો હસતું ને હસતું. આખો દિવસ ઘરનું કામકાજ કરે, રાંધણું કરે, વાળી ચોળીને ઘર ચોખ્ખું રાખે, પોતાના બાપુની સંભાળ રાખે ને રાતે પોતાની નાની મઝાની પથારીમાં સુખેથી ઉંઘી જાય. સવાર પડયું ન હોય ત્યાં તો ઉઠે ને કામકાજ કરવા માંડે. બાપને ય આ નાની દીકરી ઉપર બહુ જ હેત. પણ મોટી બે બહેનોથી એ ખમાય નહિ.

વળી ખબર આવ્યા કે એનું એક વહાણ હાથ આવ્યું છે. એ વહાણને લેવા જવામાં સોદાગરને પાછા આવતાં એક વરસ લાગશે. એણે દીકરીઓને પૂછયું :

"તમારે માટે કાંઇ લાવું ?"

મોટી દીકરી કહે કે "મારે માટે એક રૂપાળું ઓઢણું લાવજો."

વચેટ દીકરી કહે કે "મારે માટે એક મોતીની માળા લાવજો."

સહુથી નાની દીકરી હસમુખી રોતી રોતી કહે કે "બાપુ ! મારે બીજું કાંઇ નથી જોઇતું. તમે વ્હેલા વ્હેલા પાછા આવજો."

બાપુ કહે, "ના, બેટા! બીજી બહેનોએ કંઇક કંઇક મગાવ્યું છે. માટે તું પણ કાંઇક તો મંગાવ."

હસમુખી બોલી, "ઠીક ત્યારે, બાપુ! એક સફેદ ગુલાબનું ફૂલ લેતા લાવજો."

સોદાગર ગયો. પાછા વળવાનો વખત આવ્યો. મોટી દીકરી માટે ઓઢણું અને વચેટને માટે મોતીની માળા મળી; પણ ધોળું ગુલાબનું ફૂલ કયાંથી કાઢવું? એ દેશમાં તો ગુલાબ જ ન મળે. તો પછી સફેદ ગુલાબની શી વાત જ કરવી?

એમ વિચાર કરતો કરતો સોદાગર ઘોડે ચડીને બીજે ગામ જતો હતો એમાં એ રસ્તો ભૂલ્યો. એને બહુ જ થાક લાગ્યો. ઉંઘ પણ આવતી હતી. ફરતાં ફરતાં એણે એક મોટો મહેલ જોયો. એને એમ થયું કે ઓહો! વનમાં આવો મહેલ કયાંથી?

એણે તો મહેલને દરવાજે સાંકળ ખખડાવી. તુરત દરવાજો ઉઘડયો. ત્યાં કોઇ માનવી નહોતું. કોણે દરવાજો ખોલ્યો હશે એ કાંઇ સમજાયું નહિ.

સોદાગર જુએ ત્યાં તો હવામાં બે હાથ દેખાય છે. એ હાથ એને પગે લાગીને અંદર બોલાવે છે.

સોદાગર બોલ્યો "ઘોડાને એકલો મૂકીને શી રીતે આવું?"

ત્યાં તો કોણ જાણે ક્યાંથી બીજા બે હાથ આવ્યા અને લગામ ઝાલી ઘોડાને તબેલામાં લઇ ગયા. સોદાગરને થયું કે નક્કી આ તો ભૂતનું ઘર લાગે છે; પણ એને તો એવો થાક લાગેલો કે અંદર ગયા વિના ઉપાય નહોતો.

અંદર જાય ત્યાં તો બીજા બે હાથ આવીને એને ભોજનશાળામાં લઇ ગયા. ખુબ સારી મીઠાઇ, મેવા, શરબત ને મુખવાસ દીધાં. સોદાગર ખાવા મંડયો, જુએ ત્યાં તો ચારે તરફ કેટલાયે હાથ હવામાં ઉભેલા. કોઇ એને પંખો ઢાળે, કોઇ પીરસે, ને કોઇ શરબત લાવી આપે. પછી એને સૂવાના ઓરડામાં લઇ ગયા. જુએ તો બે હાથ બિછાનું કરે છે. બિછાનું એવું સુંવાળું કે સોદાગરને મીઠી ઉંઘ આવી ગઇ.

સવારે ઉઠીને ઘોડે ચડી એ ચાલવા લાગ્યો ત્યાં તો એણે એક રૂપાળી પુલવાડી જોઇ. એ પુલવાડીમાં ધોળાં ધોળાં સુંદર ગુલાબ ઉઘડેલાં. સોદાગરને એની નાની દીકરીનો સંદેશો સાંભર્યો. તરત એ ફૂલ તોડવા ગયો. જ્યાં તોડે ત્યાં મોટી ચીસ પડી. સોદાગરના હાથમાંથી ફૂલ પડી ગયાં. સામે જુએ તો એક વિકાળ સિંહ ! રાતી રાતી એની આંખો ! છરી જેવા એના દાંત ! એની જીભ તો લસ લસ થાતી હતી.

સિંહ કહે, "કેમ મારૂં ફૂલ તોડયું ? તને ખાઇ જાઉં."

સોદાગર કહે, "ભૂલ થઇ. આ વખતે માફ કરો. મારી નાની દીકરીએ મંગાવ્યાં છે, એટલે જ મેં તોડેલાં."

સિંહ બોલ્યો, "ઠીક, એક વાત કબૂલ કર તો જાવા દઉં. ઘેર જા ત્યારે તને જે પહેલું સામું મળે તેને એક મહિનાની અંદર આંહી મોકલી દેવું."

સોદાગરે વિચાર કર્યો કે ઘેર પહેલ વહેલું તો બીજું કોણ મળશે ? બારણામાં મારો કૂતરો બેઠો હશે. એને મોકલી દઇશ. એમ સમજીને એણે કહ્યું કે "બહુ સારૂં."

સિંહ કહે, "આ ફૂલ તારી દીકરી પાસે લઇ જા. એક મહિનો વીત્યે જ્યારે આંહી આવવું હોય, ત્યારે આ ફૂલ હાથમાં રાખજો ને મનમાં ચિંતવજો; એટલે તરત આંહી આવી પડશો."

સોદાગર ઘેર ગયો. દરવાજામાં જાય ત્યાં તો નાની દીકરી "બાપુ આવ્યા, બાપુ આવ્યા" કરતી દોડી આવી. બાપુને વળગી પડી.

બાપના મનમાં ફાળ પડી કે "હાય હાય ! શા સારૂ મેં સિંહનું વચન કબૂલ કર્યું ? આ દીકરીને મારાથી કેમ મોકલાશે ? એના કરતાં સિંહ મને જ ખાઇ ગયો હોત તો કેવું સારૂં થાત ?" સોદાગરની આંખમાંથી આંસુ પડવા લાગ્યાં.

હસમુખીએ પૂછ્યું. "બાપુ, શા સારૂ રડો છો ? શું થયું છે."

બાપુએ રોતાં રોતાં બધી વાત કહી.

હસમુખી બોલી કે "કાંઇ વાંધો નહિ. આપણું વચન કાંઇ આપણાથી ભંગાય ? બાપુ ! મને ત્યાં ખુશીથી લઇ જજો."

એક મહિનો વીતી ગયો. સોદાગરે વાત કાઢી જ નહિ, પણ હસમુખી કાંઇ ભૂલે ? એણે સંભારી આપ્યું. સોદાગર ખુબ રોયો પણ હસમુખી એકની બે થઇ જ નહિ. બન્ને જણાંએ હાથમાં ફૂલ લઇને ચિંતવન કર્યું, એટલે ઘડીવારમાં તો સિંહની ફૂલવાડીમાં પહોંચ્યાં, દરવાજે કોઇ માણસ નહોતું. પણ આગળની જેમ બે હાથ આવ્યા ને બાપ દીકરીને અંદર લઇ ગયા. પછી ઘણા હાથ આવ્યા અને બાપ દીકરીને જમાડી લીધું.

ત્યાં તો સિંહ આવ્યો, સોદાગરે એને પગે લાગીને કહ્યું, "આ મારી દીકરી."

સિંહ બોલ્યો, "તમે હવે તમારે ઘેર જાઓ. તમારી દીકરી આંહીં જ રહેશે. એની ચિંતા કરશો નહિ. એને આંહીં કાંઇ દુઃખ નહિ થાય."

સોદાગર દીકરીને એક બચ્ચી કરીને ચાલ્યો ગયો. હસમુખી તો એ ભૂતના મહેલમાં એકલી પડી. ઘણા હાથ એની પાસે હાજર રહે છે. એને જે જોઇએ તે આપે છે. હસમુખી નહાવાની ઓરડીમાં જાય ત્યાં તો પત્થરની કુંડીમાં સુગંધી ગુલાબજળ ભરેલાં, જાતજાતનાં રૂપાળાં તેલ પડેલાં,

અને જાતજાતનાં રંગબેરંગી ઓઢણાં ટાંગેલાં. ખાવાને વખતે ખાવાનું પણ તૈયાર. ખાવા બેસે તે વખતે મીઠાં મીઠાં વાજાં વાગવા માંડે. એક ઓરડામાં જુએ તો અપરંપાર રમકડાં, બીજા ઓરડામાં ચિત્રોની ચોપડીઓ, ત્રીજા ઓરડામાં લાલ પીળા ને વાદળી રંગનાં પંખી.

હસમુખીને આ બધુંય બહુજ ગમ્યું. પણ અરેરે ? આવી શોભા શું એકલાં જ જોયા કરવાની ?મારી સાથે બીજું કોઇ માનવી નહિ.

સાંજે સિંહ આવ્યો. સિંહ કહે, "તને વાર્તા કહું ?"

હસમુખી બ્હીતી બ્હીતી બોલી કે "ભલે !"

રાજી થઇને સિંહ વાર્તા કહેવા લાગ્યો. બહુ જ મઝાની વાર્તા. સિંહની મીઠી મીઠી બોલી સાંભળે ત્યારે હસમુખીને બહુ હેત આવે. પણ સિંહના મોઢા સામે જુએ ત્યાં હસમુખી બ્હી મરે. સિંહ થોડીક વાતો કરીને ચાલ્યો ગયો.

પછી તો રોજ સાંજે આવીને સિંહ વાર્તા કરે. ધીરે ધીરે હસમુખીની બ્હીક ઓછી થઇ. એને લાગ્યું કે સિંહનું મ્હોં ભલે ખરાબ હોય. પણ એનું મન બહુ જ પ્રેમાળ લાગે છે.

એક વાર સિંહ કહે કે "મારી સાથે પરણીશ ?"

હસમુખી તો આ સાંભળીને ધ્રસકે ધ્રુસકે રોવા લાગી. બિચારો સિંહ દીલગીર થઇને ચાલ્યો ગયો.

હસમુખીને એક દિવસ સ્વપ્ન આવ્યું કે પોતાને ઘેર એના બાપુ બહુ માંદા છે. એને બહુ જ શોક થયો. સાંજે સિંહને એણે વાત કરી.

સિંહ કહે, "લે આ ગુલાબ. હાથમાં રાખીને તારા ઘરનું ચિંત્વન કરજે. હમણાં પહોંચી જઇશ, પછી આવવાને વખતે પણ એમ જ કરજે. જલદી આવજે હો ! તારા વિના મારા દિવસ કેમ જાશે ?"

હસમુખી કહે "હું આઠ દિવસમાં જ આવીશ."

બીજે દિવસે એ ઘેર પહોંચી. ખરેખર એના બાપુ માંદા હતા. પણ હસમુખીને દેખીને એ સાજા થઇ ગયા.

હસમુખીએ પોતાની બે બહેનોને સિંહના ઘરની બધી વાત કહી સંભળાવી. એ સાંભળીને એ બે બહેનોના મનમાં બહુ જ ખાર થયો. એક દિવસ તેઓ છાનીમાની એના ઓરડામાંથી ગુલાબનું ફૂલ ચોરી લાવી. ફૂલ હાથમાં રાખીને ચિંત્વન કર્યું કે "અમને એ રૂપાળા રાજમહેલમાં લઇ જા."

ત્યાં તો એક ભયંકર અવાજ થયો. જાણે કોઇ રાક્ષસ ખાવા આવે છે. બેય જણીના હાથમાંથી ફૂલ પડી ગયાં ને બેય જણી ઘરમાં ભાગી ગઇ.

સાત સાત દિવસ વીતી ગયા. હસમુખીને જવાનો વખત થયો. એણે બાપુની રજા લીધી. પણ જુવે તો ફૂલ ન મળે. હસમુખી રોતી રોતી ફૂલ ગોતવા લાગી. બહાર જઇને જુવે ત્યાં સુકાઇ ગયેલું ગુલાબ પડેલું. હસમુખી જઇને એ ફૂલને અડકી ત્યાં તો આગળના જેવું જ તાજું ફૂલ બની ગયું. રાજી થઇને એ સિંહને ઘેર ચાલી ગઇ.

જઇને જુવે ત્યાં તો હાય ! હાય ! રૂપાળી પુલવાડી હતી ત્યાં બધું જંગલ થઇ ગયેલું; ઘરમાં જઇને જુવે તો બધું વીંખાયેલું પડેલું. આખું ઘર ઝાંખું ઝાંખું બની ગયેલું. પેલા હાથ તો કામ કરતા હતા, પણ એમાં જાણે જોર જ નહોતું. તે દિવસે ખાવાને વખતે વાજાં પણ ન વાગ્યાં. સાંજે સિંહ આવશે એમ લાગ્યું. પરંતુ અરેરે ! કદાચ એને બહુ જ ખોટું લાગ્યું હશે તો હું શું કરીશ ?

સાંજ પડી, પણ સિંહ તો આવ્યો નહિ ! આખી રાત હસમુખીને ઉંઘ આવી નહિ. એ તો આંસુડાં ઢાળતી જાય ને મનમાં વિચારતી જાય કે અરેરે ! એને રીસ ચઢી હશે ? કે એ માંદા પડયા હશે ? મેં અભાગણીએ શા સારૂ મોડું કર્યું ?

હસમુખી બગીચામાં જઇને સિંહને ગોતવા મંડી. એણે જોયું તો આઘે એક ઝાડ હેઠળ સિંહ સૂતેલો. સાવ મરવા જેવો થઇ ગયેલો. એની આંખમાંથી આંસુ પડતાં હતાં.

"હસમુખી એની પાસે જઇને રોતી રોતી કહેવા લાગી, "સિંહ! ઓ સિંહ! ઉઠો, ફરી વાર કદી હું આવું નહિ કરૂં. મારા સમ છે, ઉઠો ને ?"

સિંહે ગરીબડું મ્હોં કરીને હસમુખીને કહ્યું: "તું મારી સાથે પરણીશ ?"

હસમુખી બોલી: "એથી જો તમને સારૂં થતું હોય તો હું જરૂર પરણીશ."

અહાહા! આટલું હસમુખી બોલે ત્યાં ચોમેર વાજાં વાગવા લાગ્યાં, વાડી લીલીછમ બની ગઇ, પંખી ગીત ગાવા લાગ્યાં; અને સિંહ! હસમુખી જુએ તો સિંહ ન મળે. એને બદલે એક સોદાગર ઉભેલો.

સોદાગર બોલ્યો "આ મહેલ મારો છે. એક જાદુગરે આવીને મને સિંહ બનાવી દીધો. મારા માણસોના ફક્ત હાથ જ રહેવા દીધા. મને એણે કહેલું કે કોઇ ગુણીયલ કન્યા આવીને તને પરણવાની હા પાડશે, ત્યારે જ તું પાછો માનવી થઇ જઇશ."

ઘરમાં જઇને જુએ ત્યાં તો હાથ ન મળે. બધા નોકરચાકર કામ કરતા હતા. પછી સોદાગર હસમુખીને લઇને સસરાને ઘેર ગયો. એની વાત સાંભળીને પિતાએ બેઉનાં લગ્ન કર્યાં.

મયૂર રાજા

એક હતો રાજા અને એક હતી રાણી. એને બે નાના દીકરા હતા. થોડા વખત પછી એને એક રૂપાળી કુંવરી અવતરી. દેશના મોટા મોટા માણસોને અને બધી પરીઓને બોલાવીને રાજારાણીએ કુંવરીનું નામ પાડ્યું "મણિમાળા." બધાં જવા લાગ્યાં તે વખતે રાણીએ પરીઓને પૂછયું કે "મારી દીકરીનું નસીબ કેવું છે?" પરીને આ વાત કહેવાનું મન નહોતું. પણ રાણીએ બહુ જ આજીજી કરી. રાણી કેમે ય જાવા દે નહિ. એટલે પરીઓએ કહ્યું કે "તમારી કુંવરીને લીધે તમારા દીકરાઓને માથે બહુ દુઃખ પડશે. કદાચ એ દીકરા મરી યે જાય." રાણી તો આ વાત સાંભળીને કલ્પાંત કરવા લાગી. પણ એણે કોઇને કાંઇ કહ્યું નહિ.

ત્યારથી રાણી બરાબર ખાય નહિ, પીએ નહિ. છાનીમાની બેસી રહે.

રાજા કહે, "રાણીજી, બોલો, શું થયું છે તમને? મોઢું કેમ ઉતરી ગયું છે?"

રાણી ખોટું ખોટું કહે કે "તળાવમાં ન્હાવા ગઈ'તી ત્યાં એક જોડ હીરાની બંગડી પાણીમાં પડી ગઈ."

રાજાજી કહે, "બસ આજ વાત છે? બોલાવો સોનીને અને ઘડાવો બીજી છ જોડ હીરાની બંગડી."

છ જોડ હીરાની બંગડી ઘડાવી, તો યે રાણીજી ખાય નહિ, પીએ નહિ, રાતે પાણીએ રોયા કરે.

રાજા કહે. "રાણીજી, વળી શું થયું?"

રાણી કહે. "બગીચે ફરવા ગઈ'તી ત્યાં કાંટા ભરાણા ને સોનેરી સાડી ફાટી ગઈ."

તુરત જ રાજાએ હુકમ દીધો કે "બીજી પચાસ મણિ-મોતી–જડેલી સાડીઓ કરાવો." પચાસ સાડીઓ આવી.

તોયે રાણી ખાય નહિ, પીએ નહિ ડળક ડળક રોયા કરે. રાજાજી કહે "રાણીજી, ખરેખર તમે કંઈ વાત સંતાડી રાખી છે. સાચું કહો, શું થયું છે?" રાણીએ પરીઓની વાત કહી બતાવી. સાંભળીને રાજાને ફાળ પડી. એણે કહ્યું કે "કુંવરીને મારી નાખીએ." રાણી તો છાતીફાટ રોતી રોતી બોલી "ના, ના, એ બને નહિ," પછી બેય જણાંએ નક્કી કર્યું કે જંગલમાં એક કિલ્લો બંધાવીને એમાં મણિ-

માળાને રાખવી. રાજમહેલની પાછળ એક મોટું જંગલ હતું. ત્યાં મોટી મોટી દિવાલોવાળો એક કિલ્લો બંધાવ્યો. ને રાજકુંવરીને એમાં રાખી. રોજ સાંજે રાજા રાણી બે કુંવરને લઈને કુંવરીને મળી આવે.

એમ કરતાં ઘણાં વરસ વિત્યાં. રાજા રાણી મરી ગયાં. એટલે મોટો કુંવર ગાદીએ બેઠો છે. એક દિવસ એણે પોતાના ભાઈને કહ્યું, બહેન મણિમાળા બિચારી બહુ દુઃખી થાય છે. નાનપણથીજ આ કિલ્લામાં એને શા માટે પૂરી છે ? ચાલો આપણે એને અહીં લઇ આવીએ." એમ કહીને બન્ને જણા બહેનને તેડવા ચાલ્યા.

મણિમાળાનો આનંદ તો ક્યાંય માય નહિ. એને ભાઇઓ ઉપર ઘણું ઘણું હેત વછુટ્યું. પછી ત્રણે જણાં વનમાંથી રાજધાની તરફ ચાલી નીકળ્યાં.

રસ્તામાં કેટલાં કેટલાં ફળ ફૂલનાં ઝાડ ને કેવાં રૂપાળાં પંખી નજરે પડ્યાં ! મણિમાળાએ તો એવાં પંખી કોઇ દિવસ જોયેલાં નહિ. જોઇ જોઇને મણિમાળા હસતી જ જાય ને પૂછતી જાય કે આ શું ? "આનું નામ શું ?" પોતાની ધોળી બિલાડીને પણ સાથે જ તેડી લાવી છે. એક ઠેકાણે એણે જોયું તો એક મોર કળા કરીને નાચી રહ્યો છે. એનાં સુંદર પીછાં સૂરજનાં તેજમાં ચળક ચળક થાય છે. મણિ-માળા તો થંભીને ઉભી રહી. પછી બોલી. "ઓહો, કેવું

કૃપાળું પ્રાણી! આ શું કહેવાય?" ભાઇઓ કહે "એ એક જાતનું પંખી. એનું નામ મયુર." તુરત જ મણિમાળાએ હઠ લીધી કે "આ મયુર બહુ સુંદર. હું પરણું તો એ મયુરોના જ રાજાને. બીજા બધા મારા ભાઇ બાપ."

એના ભાઇઓ કહે, "અરે બહેન, ગાંડીના જેવી વાતો કાં કરે? માનવી તે વળી પંખીની સાથે પરણે ખરાં? મયુરોને તે વળી રાજા હોય? અને હોય તો પણ અમે એને કયાં ગોતવા જઇએ?" મણિમાળા તો એક જ વાત કહે કે "પરણું તો એ પંખીના રાજાને જ પરણું."

ભાઇઓએ નક્કી કર્યું કે, ચાલો ત્યારે, મયુર રાજાને ગોતીએ. બહેનને કહે કે "બહેન, અમે જાશું મયુર રાજાને ગોતવા. તું અહીં રહીને રાજપાટ સંભાળજે." પછી એ દેશના એક બહુ જ હુશિયાર ચિતારાની પાસે પોતાની બહેનની છબી ચીતરાવી. છબી એવી તો બની કે જાણે મણિમાળા પોતેજ બેઠી હોયને! હમણાં જાણે એ આંખનો પલકારો મારશે અને એના હોઠ ફફડશે! છબી લઇને બન્ને ભાઇ મોરને દેશ જવા નીકળ્યા.

પણ કયાં આવ્યો હશે એ મોરનો દેશ? કોને ખબર? બે ય જણા કેટલા કેટલા દેશ ભટકયા, કેટલા કેટલા પહાડ વળોટી ગયા, કેટલાં કેટલાં વન વીંધ્યાં, પણ કયાંય પત્તો મળે નહિ. બેય ભાઇ રસ્તે ચાલતા ચાલતા વિચાર કરે છે કે મયુરોનો રાજા નહિ મળે, તો તો આપણી બહેન પરણશે નહિ!

એટલામાં તો ભરરર! ભરરર! ભરરર! એવો અવાજ સંભળાયો. જુએ ત્યાં તો આકાશમાં ટીડડાંનાં ટોળે ટોળાં ચાલ્યાં, "ભાઇઓ, આંહી શું કામે આવ્યા છો?"

મોટો ભાઇ કહે, "મોર પંખીનો દેશ ક્યાં આવ્યો, ભાઇ?" ટીડ કહે, "ચાલો તમને એ દેશમાં લઇ જઇએ. પણ એ તો બહુ જ આઘે છે. તમારાથી પહોંચાશે?"

બેય ભાઇઓએ પોતાની બધી વાત કરી, એટલે ટીડ ભેગાં થયાં. એક ઝાડની ડાળ ભાંગી ને તેના ઉપર એ બે ભાઇઓને બેસાડયા, પછી ડાળ ઉપાડીને બે ભાઇઓને લઇ ટીડ મોર પંખીને દેશ ચાલ્યાં.

નેવું હજાર ગાઉ આઘે એ દેશ. ત્યાં જઇને જુએ તો ઠેકાણે ઠેકાણે મોર! ધરતી ઉપર મોર, આકાશમાં યે મોર. કોઇ મોર રમત કરે છે, કોઇ નાચે છે, અને બધા ય એવા ટહુકાર કરે છે કે ત્રણ ગાઉ આઘેથી પણ એ અવાજ સંભળાય. મોર-પંખીના દેશમાં તો આવ્યા, પણ એના રાજા આગળ શી રીતે જવાય? ટીડ બોલ્યાં કે "ચાલો તમને રાજા પાસે લઇ જઇએ."

રાજદરબારમાં જઇને જુએ ત્યાં તો, બરાબર માનવી જેવાં માનવી જ બેઠેલાં. એ માણસોનો પોશાક મોરપીછાંનો બનાવેલો. દેખાવ બહુ રૂપાળો. બધાયની અંદર વધુમાં વધુ સ્વરૂપવાન રાજા. રાજા સોનેરી મોર ઉપર બેઠેલા. એને માથે મોરપીંછનો મુગટ ઝળહળી રહ્યો છે.

નાનો રાજકુંવર રાજાને નમસ્કાર કરીને બોલ્યો, "અમે આપને એક ચીજ બતાવવા આવ્યા છીએ." એમ કહીને પોતાની બહેન મણિમાળાની છબી રાજાની આગળ ધરી. છબી જોઇને મયુર રાજા એટલા ખુશી થયા કે એ તો બોલવા મંડયા કે 'કેવું સુંદર! વાહ! કેવું સુંદર! માનવીને શું આટલું બધું રૂપ હોય?"

મણિમાળાના ભાઇ કહે, 'આ અમારી પોતાની બહેનની જ છબી. આ મારા મોટા ભાઇ છે. આપની જેમ એ પણ એક દેશના રાજા છે."

એ સાંભળીને મયુર રાજાએ બેઉ ભાઇની બહુ જ મહેમાનગતી કરી. પછી તે બોલ્યા કે "પરણું તો આપની બહેનને જ પરણું. બીજી બધી મા-બ્હેન. પણ યાદ રાખો, જો તમારી બહેનનું રૂપ બરાબર આ છબી જેવું નહિ હોય તો હું તમને મારી નાખીશ."

ભાઇઓ કહે "ભલે."

પછી બહેનને તેડવા પોતાના રાજમાં માણસો મોકલ્યાં.

ત્રણ દરિયા વળોટીને મયુર દેશનાં માણસો મણિમાળાને દેશ પહોંચ્યા. મણિમાળાને માટે એક સુંદર નૌકા સાથે લીધેલી. એ નૌકાની ચારે તરફ મોરનાં જ ચિત્રો. એમાં બેસીને મણિમાળા મોર પંખીના દેશ તરફ ચાલી નીકળી. સાથે પોતાની ધોળી બિલાડીને પણ લીધેલી.

બીજી એક બુઢ્ઢી દાઇ અને એ બુઢ્ઢીની એક દીકરી પણ સાથે હતી.

નૌકામાં બેસીને મણિમાળા વિચારે છે કે ઓહો! ક્યારે એ મોરપંખીના દેશમાં પહોંચું! બુઢ્ઢી દાઇના મનમાં થાય છે કે "મારી દીકરીને મયુર રાજાની રાણી કેવી રીતે કરૂં!" બુઢ્ઢીના પેટમાં આવી દાનત હતી એની મણિમાળાને શી ખબર?

એક દિવસ રાતે મણિમાળા સૂતી છે. એની સફેદ બિલાડી પણ એના પલંગ ઉપર સૂતેલી. એ સમયે બુઢ્ઢી દાઇ અને એની દીકરી બેઉ ઉઠયાં. બેઉ જણાએ રાજકુંવરીનો પલંગ ઉપાડયો ને નૌકામાંથી દરિયામાં મેલી દીધો. કોઇને ખબર પડી નહિ.

બીજે દિવસે નૌકા મોર પંખીને દેશ પહોંચી. રાજાજીએ પાલખી મોકલી, રસ્તામાં બેઉ બાજુ ઝાડ ઉપર હજારો મોર બેઠા બેઠા માથાં ઉપર ઉંચા કરીને જોઇ રહેલા કે આ કન્યા આવે! આ આપણા રાજાજીની રાણી આવે! એટલામાં ઝળક ઝળક થતો પોશાક પહેરીને બુઢ્ઢીની દીકરી નૌકામાંથી ઉતરી.

બધા મોર તો જોઇ રહ્યા.

એક મોર બોલ્યો, "શું જોઇને આ ડાકણે આવો રૂપાળો પોશાક પહેર્યો હશે?"

બીજો મોર બોલ્યો, "અરેરે! આપણાં રાણીજીની દાસી શું આટલી બધી કદરૂપી હશે?"

ત્રીજો મોર ચીસ પાડતો પાડતો આવ્યો કે "ભાઇઓ! એ જ આપણાં રાણીજી!"

એ સાંભળી બધા મોર "ઉકાવ, ઉકાવ" કરતા દુઃખની બુમો પાડવા લાગ્યા.

બુઢ્ઢીની છોકરીને બહુ જ ખીજ ચડી. એ બોલી કે "પીટયાઓ! પહેલાં એક વાર મને રાણી થઇ જવા દો. પછી તમારી વાત છે."

કન્યાનું રૂપ જોવા મયૂર રાજા પણ આવ્યા. એણે તો કન્યાને જોઈ કે તુરત એનું મોઢું રાતું ચોળ થયું. રાજા કહે કે "અરરર! મારી મશ્કરી! જાઓ. લઇ જાઓ એ બે ભાઇને બંદીખાનામાં, સાત દિવસ પછી ગરદન મારજો.

રાજકુમારો તો કાંઇએ ભેદ સમજ્યા નહિ અને અફસોસ કરવા લાગ્યા.

આ તરફ મણિમાળાનું શું થયું? એનો પલંગ તો તરતો તરતો ચાલ્યો. મણિમાળા અને એની બિલાડી બેઉ હજુ તો ઉંઘતાં હતાં, થોડીવારે બિલાડી જાગી, જુએ તો ચારે બાજુ પાણી! એ તો મ્યાંઉં મ્યાંઉં કરવા લાગી. પલંગની ચારે બાજુ મોટાં મોટાં માછલાં વીંટળાઇ વળ્યાં. ત્યાં તો રાજકુંવરી પણ જાગી. જુએ તો કયાં નૌકા? કયાં

એનાં માણસો ? ક્યાં પોતે ? પલંગ ઉપર પોતે એકલી એ પાણીમાં તણાતી જાય છે, ને ચારે તરફ મોટાં માછલાં ! એવાં મોટાં માછલાં કે આખા પલંગને ગળી જાય.

બે દિવસ સુધી પલંગ પાણીમાં તણાતો ગયો. છેવટે પલંગ એક મછવા સાથે ભટકાયો. મછવા ઉપર એક ડોસો બેઠેલો. હાથીદાંતની નકશીવાળા એ પલંગ ઉપર રેશમી પથારી અને એના ઉપર આવી દેવાંગના જેવી સ્ત્રી જોઇને ડોસાએ એને મછવા ઉપર લઇ લીધી, ખાવાનું આપ્યું. મણિમાળા ખાઇ પીને તાજી થઇ. એણે બધી વાત ડોસાને કહી. ડોસો કહે, "રડશો નહિ. આ એ જ મોર પંખીનો દેશ છે."

રાજકુમારી અને બિલાડી મછવામાં જ રહ્યાં.

રાજકુમારી રોજ બિલાડીને શહેરમાં મોકલે અને કહે કે "રાજાની થાળી ઉપાડી લાવજે."

બિલાડી રોજ દરબારમાં જાય. ખાવાની થાળી તૈયાર થાય, રાજાજી જમવા પધારે, ત્યાં તો બિલાડી થાળીને ઉપાડીને પલાયન કરી જાય. મછવામાં જઇને ત્રણે જણાં એ ભોજન જમે.

એક દિવસ ! બે દિવસ ! રાજાજીનો થાળ રોજ ગૂમ થવા લાગ્યો, રાજાજીને નવાઇ લાગી. એક દિવસ રસોયો સંતાઇ ગયો. બિલાડી થાળી ઉપાડીને ભાગી, એટલે રસોયો પાછળ પાછળ ચાલ્યો. મછવામાં સંતાઇને જુએ ત્યાં તો બધો ભેદ સમજાયો.

રાજાજીને એણે બધી વાત કરી. રાજાજીએ ત્રણે જણાંને તેડાવ્યાં. આંખો રાતીચોળ કરીને પેલા બુઢ્ઢાને ધમકાવવા જાય ત્યાં તો એની નજર રાજકુમારી ઉપરી પડી. રાજા હેબતાઇ ગયો. આ તો પેલી છબીમાં ચિતરેલી રાજકુમારી ! અરે ! છબીનાં કરતાં પણ કેટલું બધું રૂપાળું એનું મોઢું ! ટગર ! ટગર ! રાજા જોઇ રહ્યો. રાજકુમારી હસતી હસતી અબોલ ઉભી રહી.

રાજા કહે, "બોલો કુમારી ! કયો તમારો દેશ ? શી રીતે આંહી આવ્યાં ?"

મણિમાળાએ બધી વાત કહી. રાજાએ બંદીખાનામાંથી રાજકુમારોને તેડાવ્યા. આજે બરાબર સાતમો દિવસ છે. રાજકુમારોએ જાણ્યું કે હાય હાય ! મરવાનું ટાણું થઇ ગયું. ત્યાં તો માણસોએ આવીને સલામ કરી. ગાડીમાં બેસાડીને રાજા પાસે લઇ ગયા. જઇને જુએ ત્યાં તો બહેનને દેખી ! ત્રણે ભાંડુ ખૂબ રડ્યાં; પછી હસ્યાં.

મયુર રાજા પણ ત્રણે જણાંને પગે પડયો.

પછી તો ધામધુમ સાથે મયુર રાજા મણિમાળા સાથે પરણ્યા. અને પેલી બુઢ્ઢીની કદરૂપી છોડી ક્યાં ? એ તો ક્યાં યે પલાયન કરી ગઇ.

અજબ ચોર

એક હતો ચોર. એને એવું નીમ કે એક વરસમાં એક જ વાર ચોરી કરવી, બીજી વાર નહિ.

એક દિવસ એ ચાલ્યો ચોરી કરવા. રસ્તામાં એક નદી આવી. ત્યાં એ બેઠો. એટલામાં એક વાણીયો નીકળ્યો. વાણીયાને બહુ તરસ લાગેલી. ખોબો ભરીને જ્યાં પાણી પીવા જાય ત્યાં તો ચોરને જોયો. વાણીયાના પેટમાં ફાળ પડી. પાણી પૂરૂં પીધા વિના એ ઉઠયો.

ચોર કહે, "શેઠજી પૂરૂં પાણી તો પી લ્યો."

વાણીયો કહે, "બસ ભાઇ, મારે વધારે નથી પીવું."

ચોર કહે, "શેઠ, તમે ભડકો મા. હું તમને નથી લૂંટવાનો. વિશ્વાસ રાખો, ને પાણી પી લ્યો. મારે તો મોટી ચોરી કરવાની છે."

વાણીએ પાણી પીધું. ચોર કહે, "શેઠ! તમારી પાસે આ લાકડી છે, તે મને આપો. પૈસા દઉં,"

વાણીયાના મોઢા ઉપરથી લોહી ઉડી ગયું. એ બોલ્યો "ભાઇ મારાથી લાકડી વિના હલાય નહિ. લાકડીને ટેકેટેકે તો હું હાલું છું. આંહી વગડામાં બીજી લાકડી કયાંથી કાઢું ?"

ચોરે લાકડી ઝુંટવી લીધી. અને એને ચીરી ત્યાં તો માંહેથી ચાર રત્નો નીકળ્યાં.

દાંત કાઢીને ચોર કહે કે "શેઠજી, તમને મેં અભયવચન દીધેલું, તો યે તમે મારી પાસે ખોટું બોલ્યા ! લો તમારાં રત્ન. મારે એ ખપે નહિ. તમે કયે ગામ જાઓ છો ?"

શેઠ કહે "ઉજ્જેણી નગરી."

ચોર કહે, "ઉજ્જેણીના રાજા વીર વિક્રમને એટલું કહેજો કે આજ રાતે હું ચોરી કરવા આવીશ, માટે હુશિઆર રહે."

વાણીઆએ જઇને વીર વિક્રમને ખબર દીધા.

રાજા વીર વિક્રમ તો વિચારવા લાગ્યા કે ઓહો ! આવો બહાદૂર ચોર કોણ હશે ? આ ચોર તો સામેથી સમાચાર મોકલાવે છે !

રાજાએ હુકમ કર્યો કે આજ રાતે હું એકલો આખા નગરની ચોકી કરવાનો છું. માટે બધા સિપાઇને રાતે રજા આપવી. કોઇએ આજ રાતે જાગવાનું નથી. નગરના માણસોને પણ કહેજો કે નિરાંતે સૂઇ જાય.

રાજાજી તો દેવતાઇ પુરૂષ હતા. એના વચન ઉપર બધાને વિશ્વાસ. રાત પડી ચોકીદાર બધા પોતપોતાને ઘેર ગયા. ગામનાં માણુસો. પણ સૂઇ ગયાં. નગરના ગઢના દરવાજા દેવાઇ ગયા.

રાજાજી એકલા ચોરનો વેશ લઇને નગરની અંદર ગઢની રાંગે રાંગે ફરવા લાગ્યા. ફરતાં ફરતાં એક જગ્યાએ ઉભા રહ્યા. એને લાગ્યું કે આંહીથી ચોર ઉતરશે. ત્યાં તો બહારથી પેલો ચોર ગઢ ઉપર આવ્યો. ચોરે જોયું કે અંદર એક આદમી ઉભો છે. એટલે તે પાછો ઉતરવા મંડયો. ત્યાં તો રાજાએ સીસોટી મારી. ચોર એકબીજાને જોઇને સીસોટી મારે તેવી જ આ સીસોટી.

ચોર સમજ્યો કે આ કોઇ મારો જ ભાઇબંધ લાગે છે. એટલે એ અંદર આવ્યો. વિક્રમ રાજા કહે કે "ચાલ દોસ્ત, હું આ ગામનો ભોમીયો છું. તને સારાં ઠેકાણાં બતાવું."

બન્ને જણા ચાલ્યા. ચાલતાં ચાલતાં એક શાહુકારનું ઘર આવ્યું. રાજાએ અંદર જવાનો રસ્તો બતાવ્યો. ચોર અંદર જાય, ત્યાં શેઠ શેઠાણી ભર ઉંઘમાં સૂતેલાં. ચોર થોડીવાર ઉભો ત્યાં ઉંઘમાં ને ઉંઘમાં શેઠાણી બોલ્યાં કે "કોણ એ ભાઇ!"

આ સાંભળીને તરત ચોર બહાર નીકળ્યો. રાજાને કહે કે "ચાલો બીજે ઘેર. આંહી ખાતર નથી પાડવું."

રાજા કહે "કાં ?"

ચોર બોલ્યો, "શેઠાણીએ મને 'ભાઇ' કહ્યો. બહેનને તો કાંઇક દેવાય." એમ કહીને પાછો અંદર ગયો. પોતાની પાસે સોનાનો એક વેઢ હતો તે શેઠાણીની પથારીમાં મૂકી આવ્યો.

પછી બેઉ જણા બીજે ઠેકાણે પહોંચ્યા.

ચોર અંદર જાય ત્યાં શેઠાણી સૂતેલાં. ચોરનો હાથ એક મીઠાની ગુણ ઉપર પડયો. એના મનમાં એમ થયું કે આ શુકનની સાકર છે. એક ગાંગડો લઇને મોઢામાં મૂકે ત્યાં તો મીઠું. ચોર તરત બહાર નીકળ્યો.

રાજા કહે, "કેમ થયું?"

ચોર બોલ્યો, "ભાઇ! આ ઘરનું લૂણ (મીઠું) મારા પેટમાં પડયું. મારાથી લૂણહરામ થવાય નહિ. ચાલો બીજે ઘેર!"

રાજાને થયું કે "આ તે ચોર કે સંત?"

ત્રીજે ઘેર ગયા, રાજાએ રસ્તો દેખાડયો. ચોર અંદર જઇને અંધારામાં હાથ ફેરવે ત્યાં એક જુવારના કોથળામાં એનો હાથ પડયો. ચોર તરત બહાર નીકળ્યો ને રાજાને કહ્યું કે "ભાઇ! શુકન તો બહુ સારાં થયાં. જાર હાથમાં આવી. પણ જે ઘરમાં શુકન થયાં તે ઘરને કાંઇ લૂંટાય? એ શુકન તો હવે ફળવાનાં. ચાલો બીજે ઘેર."

રાજા કહે, "ચાલ, ત્યારે રાજમહેલ ફાડીએ."

બેઉ જણા ચાલ્યા રાજમહેલમાં. રાજમહેલની અંદર દાખલ થાય ત્યાં એક પણ ચોકીદાર ન જોયો,

ચોર પૂછે છે, "ભાઇ! આ તે શું? ગામમાં કોઇ ચોકીદાર જ નહિ! દરબારગઢમાં યે કોઇ માણસ નહિ. રાજા વીર વિક્રમનો બંદોબસ્ત તો બહુ વખણાય છે ને!"

રાજા કહે, "અરે ભાઇ! એ તો બહાર મોટી મોટી વાતો સંભળાતી હશે. આંહી તો આવું જ અંધેર ચાલે છે. રાજા કશું ધ્યાન નથી દેતા."

મહેલમાં રાણીજી હીંડોળાખાટ ઉપર સૂતેલાં. રાજા ચોરને કહે કે, "આ ખાટના પાયા સોનાના છે. પાયા લઇ લઇએ એટલે છોકરાંનાં છોકરાં બેઠાં બેઠાં ખાય."

પણ ખાટ શી રીતે કાઢવી? રાણીજી જાગી જશે તો?

પછી ચોર એ ખાટ હેઠળ ઉપરાઉપરી ગાદલાં ખડકવા મંડયો. ખાટને અડે એટલો મોટો ખડકલો કર્યો. પછી છરી લઇને ચારે તરફથી ખાટની પાટી કાપી નાંખી. એટલે રાણીજીનું શરીર, નીચે ગાદલાં હતાં તેના ઉપર રહી ગયું.

પછી ચોરે દાંત ભરાવીને ખાટને આંકડીયામાંથી ખેંચી લીધી. પછી એને વીંખીને ચાર પાયા જુદા કાઢયા. ચારે પાયા લઇને બન્ને જણાં પાછા ગઢની રાંગે પહોંચ્યા.

પેલો ચોર કહે, "લે ભાઇ! આ બે પાયા તારા ને બે મારા. સરખો ભાગ."

રાજા કહે, "હું એક જ પાયો લઇશ. મહેનત તો તારી છે."

ચોર કહે, "ના, તેં જ મને ઠેકાણું બતાવ્યું. તારી મહેનત પણ ઘણી છે."

ત્યાં તો ઝાડ ઉપરથી એક ચીબરી બોલી.

તુરત ચોરે રાજાને કહ્યું, "ઓળખ્યા તમને. શાબાશ છે, રાજા! માથે રહીને ચોરી કરાવી કે?"

રાજા હસી પડયા અને પૂછ્યું, "તેં શી રીતે જાણ્યું કે હું રાજા છું?"

ચોરે કહ્યું, "રાજાજી! હું પંખીની બોલી પણ સમજું છું. આ જે ચીબરી બોલી એનો અર્થ એમ થાય છે કે આ ચોરીના માલનો માલીક તો આંહી જ ઉભો છે!"

રાજાએ શાબાશી આપી. ચોરને પોતાના મહેલે લઇ ગયા. બીજે દિવસે મોટી કચેરી ભરીને ચોરને ઇનામ દીધું. એની નીતિનાં વખાણ કર્યાં. એને રાજમાં મોટી નોકરી દીધી.

ગૌરી

એક હતો રાજા. એને પૈસા બહુ વહાલા. પૈસા મળે તો બીજું કંઇ ન માગે. એની રાણી મરી ગયેલી. સંસારમાં એક દીકરી સિવાય એને બીજું કોઇ નહિ. એ કુંવરી એવી સુંદર કે દુનિયામાં એટલું રૂપાળું કોઇ નહિ. એના શરીરનો રંગ એવો ગોરો કે જાણે શરીરમાંથી તેજ નીકળતું હોય એવું લાગે, એટલે જ રાણીએ એનું નામ "ગૌરી" પાડેલું.

એ દેશમાં ઘુરઘુરી નામની એક બહુ જ કદરૂપી, કાળી કાળી, ખુંધવાળી, એક આંખે કાણી, એક પગે લંગડી, ને એક હાથે ઠુંઠી બાઇ રહેતી હતી. એ બાઇના મનમાં થતું કે મારા જેવી રૂપાળી બીજી કોઇ નહિ. માણસો જ્યારે બોલે કે રાજકુંવરી ગૌરી બહુ જ રૂપાળી છે, ત્યારે આ ઘુરઘુરીના મનમાં બહુ દાઝ થતી.

એક દિવસ રાજાજી ફરવા નીકળેલા. પાછા ફરતાં રસ્તામાં એને બહુ જ તરસ લાગી. સામે જ ઘુરઘુરીનું ઘર.

રાજા ત્યાં પાણી પીવા ગયા, ઘુરઘુરીએ તો "પધારો પધારો" કહીને રાજાને ઘરમાં બેસાડયા. ઘરમાં ચારે કોરે માટલાની માણ માંડેલી. ઘુરઘુરી સોનાનો પ્યાલો લઇને એક માટલામાંથી શરબત રેડવા જાય ત્યાં તો માટલામાંથી શરબતને બદલે રૂપીઆની ધાર થઇ. ઘુરઘુરી કહે, 'અરે ! અરે ! શરબતનું માટલું કયાં ગયું ?' એમ કહીને બીજા માટલામાંથી રેડવા લાગી. ત્યાં તો સોનામહોરની ધાર થઇ. વળી બીજામાંથી ધાર કરે તો હીરા નીકળી પડે. કોઇમાંથી ઝવેરાત ઝરે. પણ એકેયમાંથી શરબતની ધાર ન થઇ.

ઘુરઘુરી તો બૂમ પાડવા લાગી, "હાય, હાય ! મારૂં શરબતનું માટલું કોણ ચોરી ગયું ?" આ બધું ખોટે ખોટું. એ રાંડ જાણતી હતી કે રાજાને ધન બહુ વહાલું છે એટલેજ એણે શરબતનું માટલું જાણી જોઇને લીધું નહોતું. રાજા તો આટલી માયા જોઇને થંભી ગયો. પછી એ રાંડે શરબતનો પ્યાલો રાજાને પાયો અને બોલી કે "મારી સાથે પરણો તો આ બધી માયા તમને મળે."

એ સાંભળીને રાજાજી કુદકો મારીને ઉઠયા ને બોલ્યા કે "ચાલો, હમણાં જ વિવાહ કરીએ." ઘુરઘુરી કહે છે કે 'એમ નહિ. એક વાત રાખવી પડશે. જો હું તમારી સાથે પરણું તો તમારી દીકરી ગૌરીને તમારે મને સોંપવી. હું એને ફાવે તેમ કરૂં.' રાજાજી કહે કે 'ખુશીથી ખુશીથી, તું કહે તેમ.' ઘુરઘુરીની માયા જોઇને રાજાનું માથું ખસી ગયું હતું.

બીજે દિવસે સવારે રાજા ગૌરીને કહે કે "આજે શણ-ગાર સજો. આજ નવાં રાણી આવશે. હું આજ ઘુરઘુરીની સાથે પરણવાનો છું." ગૌરી જાણતી કે ઘુરઘુરી એને દેખી શકતી જ નહોતી. એણે પોતાની દાઇને કહ્યું કે 'મા, સાંભળ્યું કે ? આજ બાપુ ઘુરઘુરીને પરણવાના છે.' એમ કહીને તે રોવા લાગી.

રાણીજી આવે છે ! નવાં રાણીજી આવે છે ! એટલે બધાંય દોડાદોડ કરી રહ્યાં હતાં. રાજકુમારી તો એક લીલા રંગનું બનારસી ઓઢણું ઓઢીને બગીચાને એક ખૂણે છાની-માની બેઠી છે. થોડીવારમાં તેને લાગ્યું કે હીરા મોતીના પોશાકવાળો એક ઘોડેસ્વાર, એક બહુ જ સફેદ ઘોડો લઇને એની પાસે આવે છે. ઘોડેસ્વાર રાજકુમારીને પગે લાગીને બોલ્યો કે "મહારાજ તમને બોલાવે છે." ઘોડેસ્વારનું મોઢું રૂપાળું : લીલા રંગનો રેશમી પોશાક પહેરેલો : માથે ઝરીની ટોપીઃ એમ લાગે કે જાણે કોઇ રાજકુમાર. ગૌરી બોલી, "તમે કોણ છો ? તમને તો કોઇ દિવસ દેખેલ નથી."

ઘોડેસવાર કહે, "મારૂં નામ પ્રતાપ. પરીઓની રાણીને તમે બહુ વહાલાં છો, એટલે તમને આ ઘોડો દેવા મને મોકલ્યો છે, રાજકુમારી !"

પછી એ સુંદર ઘોડા ઉપર ચડીને ગૌરી નવાં રાણીને તેડવા ચાલી. એ દેશનો રિવાજ હતો, કે ઘોડે બેસાડીને કન્યાને તેડી લાવે અને વરને ઘેર વિવાહ થાય.

પોતે પરણવાની, રાણી થવાની, એટલે ઘુરઘુરી તો શણગાર સજવામાંથી નવરી જ શાની પડે! એક પગ લાંબો ને એક ટૂંકો. એટલે ટૂંકે પગે એક ચાંખડી બાંધીને બેઉ પગ સરખા કરી નાખ્યા. પછી રાતી બનારસી સાડી પહેરીને મોટો ઘુમટો તાણ્યો, એટલે મોઢું તો દેખાય નહિ. કોઇ જાણે કે કન્યા બહુ સ્વરૂપવાન હશે! પણ એની ખુંધનું શું કરવું? ઓઢણું ફેરવી ફેરવીને ઓઢે તોય ખુંધ દેખાયા વિના રહે નહિ.

કન્યાને તેડવા એક સોનેરી સામાનવાળો લાલ ઘોડો આવ્યો છે. સાથે બે સવાર આવ્યા છે. પણ ઘુરઘુરી એ ઘોડા ઉપર બેસે જ શેની? રાજકુમારી ગૌરીના ઘોડાને હીરામોતીનો સામાન જોઇને એ રાંડ બોલી, “હાં મારૂં આટલું મોટું અપમાન! આ છોકરીનો ઘોડો આવો રૂપાળો અને મારે માટે તો જાણે ગધેડું મોકલ્યું હોય ને!”

સાચેસાચ રાજકુમારીના ઘોડા આગળ ઘુરઘુરીનો ઘોડો ગધેડા જેવો જ લાગતો હતો. પછી રાજા સાહેબે કુંવરીનો ઘોડો રાણીને અપાવ્યો. રાણી કહે છે એ લીલા પોશાકવાળો સવાર પણ મારે જ જોઇએ. એમ કરતાં હાથી, ઘોડા, પાલખી શણગાર્યાં. નિશાન ઉડતાં જાય, શરણાઇ વાગતી જાય ને કન્યા ચાલી પરણવા, અચાનક કોણ જાણે શું થયું કે ઘુરઘુરીનો ઘોડો એને લઇને જંગલમાં છુટી નીકળ્યો. રોકયો રોકાય નહિ. ઘુરઘુરી બિચારી તો લસરી પડી ને

૭

ઘોડાનું પૂછડું પકડીને લટકવા માંડી. કાંટા ભરાયા, એની સાડી ચીરાઇ ગઇ અને એનું ચામડું પણ છોલાઇ ગયું, તોયે એણે ઘોડાની પૂછડી છોડી નહિ. રાજાનાં માણસો પાછળ છુટયાં. પણ એ દેવતાઇ ઘોડો કાંઈ હાથ આવે ?

આખો દિવસ રખડી રખડીને સાંજે ઘોડો રાજમહેલમાં આવીને ઉભો. ઘુરઘુરી તો ખૂબ રોઇ. પછી કહે કે "એ બધું આ છોકરીએ જ ઘોડાને શીખવેલું. રાજાને કહેજો કે મારે નથી પરણવું, હું તો આ ચાલી મારે ઘેર."

ત્યાં તો રાજા દોડતા આવ્યા. આવીને ઘુરઘુરીને કહે કે "માફ કર. હું હમણાં જ ગૌરીને તારી પાસે મોકલી દઉં છું. તારી મરજી પડે તેવી સજા તું એને કરજે."

રાજકુમારી ગૌરીને બહુ બીક લાગી, પણ પ્રતાપે એને કહ્યું, "બીશો મા, કુમારી ! પરીઓની રાણીને તમે બહુ વહાલાં છો."

પછી એક ઘરમાં એને પૂરીને ચાર દાસીઓએ એને ડાંગે ડાંગે ખૂબ મારી. પણ આહા ! કેવી નવાઇ ! એ ડાંગના મારાથી ગૌરીનાં લુગડાંના ચીરેચીરા થઇ ગયા, પણ એને શરીરે જરા યે વાગ્યું નહિ. એકે ય ડાઘ પણ ઉઠયો નહિ. ગૌરીને લાગ્યું કે પરીઓની રાણી મારી રક્ષા કરી રહી છે.

રાંડ ઘુરઘુરી તો રાણી થઇ. ગૌરીને મરજી પડે તેમ

દુઃખ આપે, તો યે એ રાંડને નિરાંત વળી નહિ. એક દિવસ રાતે ગૌરીને ઉંઘમાં ને ઉંઘમાં એણે જંગલમાં મોકલી દીધી. રાતમાં ગૌરી જાગી, ઘોર અંધારામાં એ છાતીફાટ રોવા લાગી, પણ ત્યાં એનું કોણ ?

ઘુરઘુરીએ રાજાને કહ્યું કે કાલે ગૌરી નદીએ રમવા ગયેલી ત્યાં પડીને તણાઇ ગઇ. એ સાંભળીને રાજાની આંખમાં પાણી આવ્યાં. નોકર ચાકર પણ રોવા લાગ્યા.

આ તરફ ગૌરી પોકાર કરે છે કે હે પરીઓની રાણી ! હું તમને ખરેખર જો વહાલી હોઉં તો મારી રક્ષા કરજો.

એટલામાં એ અંધારા વનમાં જાણે ઝાડને પાંદડે પાંદડે દીવા પ્રગટ્યા. સામે જુએ તો કાચનો એક સુંદર રાજમહેલ. થોડી વારમાં તો પેલો પ્રતાપ એક સોનાની ગાડીને બે હરણીયાં જોડીને આવી પહોંચ્યો. એ કહે કે "પધારો રાજકુમારી, પરીઓની રાણીએ તમને તેડવા આ ગાડી મોકલી છે."

હરણીયાંની ગાડીમાં બેસીને ગૌરી એ કાચના મહેલે જવા નીકળી. મહેલમાં જાય ત્યાં તો શરણાઇ વાગી અને ફૂલનો વરસાદ વરસ્યો. પરીઓની રાણી પોતે આવીને રાજકુમારીને અંદર લઇ ગઈ.

આવી રૂપાળી, અલૌકિક મેડી તો માનવીના દેશમાં ક્યાંય ન મળે. જોઇ જોઇને ગૌરી ચકિત બની જાય. નવાઈની વાત તો એ હતી કે એ મહેલની એક ભીંત ઉપર ગૌરીના

જીવતરની વાતો જ ચિતરેલી. જન્મી ત્યારથી આજ સુધી એના જીવતરમાં જે બનેલું તે બધુંય ચિતરેલું.

પરીઓની રાણી કહે, "તું મને બહુજ વહાલી છો, રાજકુમારી! એટલે જ તારાં ચિત્રો મેં ચિતર્યાં છે, તું આંહી રહેજે. આ પ્રતાપ મારો દીકરો, એની સાથે તને પરણાવીશ.

રાતે ગૌરીને ઉંઘ આવે નહિ. પરીઓને ઘેર અપરંપાર સુખ, પણ એનું હૈયું પોતાના બાપને મળવા ટળવળી રહ્યું છે. સવારે ઉઠીને ગૌરી રાણીને કહે કે "મને મારે દેશ મોકલી આપો. બાપુને જોયા વિના હું શી રીતે જીવું ?"

પ્રતાપ કહે, "જો, હું તને આંહી બેઠાં તારા બાપુ બતાવું." એમ કહીને એણે ગૌરીની આંખો મીંચાવી દીધી, અને એના જમણા હાથની ટચલી આંગળી દાબી, પછી પૂછ્યું કે "કાંઇ દેખાય છે, રાજકુમારી?"

ગૌરીએ જોયું તો એક ઓરડામાં એના બાપુ રડે છે ને 'ગૌરી, ગૌરી' ઝંખે છે. પેલી રાંડ ઘુરઘુરી પાસે ઉભી ઉભી બોલે છે કે "ગૌરી તો મરી ગઇ, એને કાં બોલાવો રાજા?"

આંખ ઉપરથી પ્રતાપનો હાથ ખસેડી રડતી રડતી એ બોલી, "કેવા કઠોર હૈયાના તમે? તમારે પાયે પડું, મને જાવા દો, બાપુ પાસે જાવા દો."

તુરત પ્રતાપ હરણની ગાડીમાં બેસાડીને ગૌરીને એના બાપને દેશ લઇ ગયો. નીચે ઉતારી ગૌરીને કહ્યું "અમારા

દેશથી જે માનવી ચાલ્યું જાય તે જીવતું ને જીવતું ફરીવાર ત્યાં આવી શકે નહિ. કબરમાં દટાય પછી જ ત્યાં આવે." એટલું કહીને પ્રતાપ ચાલ્યો ગયો.

ધીરે ધીરે ગૌરી મહેલમાં ચાલી. એને જોઇને રાજાએ ચીસ પાડી કે "ભૂત, ભૂત!" પણ પછી એ સમજ્યા કે આ તો જીવતી રાજકુંવરી ગારી છે, એટલે દીકરીને બાઝી પડ્યા ને રડવા લાગ્યા. ત્યાં તો પેલી ઘુરઘુરી આવી ને બોલી, "ઓહો! બેટા ગૌરી, તું કયાંથી માડી! તું શી રીતે આવી? નદીમાંથી તને કોણે ઉગારી? ચાલો, ચાલો, મારે ઓરડે." એમ કહીને એનો હાથ ઝાલીને એ રાંડ એને લઇ ગઇ. રાજા તો ટગર ટગર જોઇ રહ્યા, પણ એનાથી કાંઇ બોલાયું નહિ.

ઘુરઘુરીને એક ડાકણ બહેનપણી હતી. સાંજે ડાકણ આવી એટલે એને બધી વાત કરી, "આ ગારી તો પાછી જીવતી થઇ. ડાકણે સૂતરની આંટી દીધી અને કહ્યું કે આ સૂતર ઉખેળી દેવાનું કહેજે. કરોળીઆની જાળ જેવું ઝીણું સૂતર, હજાર હાથ લાંબું અને તદ્દન ગુંચવાઇ ગયેલું. ઘુરઘુરીએ સવારે ગૌરીને એ દીધું ને બોલી, "સાંજ સુધીમાં પૂરૂં નહિ કરે કે એમાંથી એકેય દોરો તૂટશે, તો પછી જોઇ લેજે, તારા શા હાલ થાય છે!"

ગૌરી શું કરે? સૂતર ઉકેલતી જાય, દોરા તૂટતા જાય

અને ટમટમ આંસુ પાડતી જાય. ત્યાં તો કોણ આવ્યું? આહાહા! આ તો પ્રતાપ! નીલમ જેવો લીલો લીલો એનો પોષાક! આવીને પ્રતાપે આખી આંટી ઉખેળી દીધી. પછી એ ચાલ્યો ગયો.

ઘુરઘરી આવીને જુએ ત્યાં તો સૂતર તૈયાર. તોયે ગૌરીનો ખોટો ખોટો વાંક કાઢીને બે ચાર ધપ્પા મારી દીધા.

બીજે દિવસે ડાકણને બોલાવી. ડાકણે આવીને એક ભારો પીછાં દીધાં ને બોલી, "ગૌરીને કહેજે કે આમાંથી ભાત ભાતના પંખીનાં પીછાંની નોખી નોખી ભારી બાંધી આપે."

ઘુરઘરીએ ગૌરીને એ કામ દીધું, ઓહોહો! કેટલાં બધાં પીછાં! રાતાં, લીલાં, આસમાની ને સોનેરી. એવાં પીછાંવાળાં પંખી ગૌરીએ ક્યાં જોયાં હતાં? પીછાંનો ભારો આઘે નાખીને રાજકુમારી રોવા લાગી. ત્યાં તો ભારાની અંદર ખડખડાટ શેનો થયો? ગૌરી જુએ તો અંદરથી પ્રતાપ નીકળ્યો. નીકળીને એણે પોતાની લાકડી પીછાં ઉપર ફેરવી. જોતજોતામાં તો રંગરંગનાં પીછાંની નોખી નોખી ઢગલી બની ગઇ, પ્રતાપ અલોપ થઇ ગયો.

સાંજે આવીને ઘુરઘુરી જુએ ત્યાં તો પીછાં બરાબર ગોઠવેલાં! એની ખીજનો તો પાર નહિ. વળી પાછી એ તો દોડી પેલી ડાકણ પાસે. ત્યાંથી એક નાની પેટી લઇ

આવી. ગૌરીને કહે કે "આ પેટી મારે ઘેર મેલી આવ. જોજે, એને તાળું નથી દીધું. રસ્તામાં ખબરદાર રહેજે કોઇ ખોલે નહિ."

એના મનમાં થયું કે પેટી ઉઘાડવાની ના પાડી છે એટલે નક્કી ગૌરી પેટી ઉઘાડવાની, ને ઉઘાડશે એટલે ખબર પડશે !

મોટા ખેતરમાં થઇને ગૌરી ચાલી. રસ્તામાં થયું કે લે ને પેટી ઉઘાડું, અંદર શું છે ? ઉઘાડે ત્યાં તો અંદરથી ટીડડાં જેવાં અપરંપાર નાનાં નાનાં માણસો નીકળી પડયાં. કોઇના હાથમાં ઇસરાજ, કોઇએ લીધેલી સારંગી, કોઇની પાસે સતાર, ને કોઇ વગાડે વાંસળી. નાચતાં નાચતાં ને ગાતાં ગાતાં બધાં નીકળતાં જ જાય. રાજકુમારીને તો ખુબ મઝા પડી. પણ થોડીવારે એને ભાન આવ્યું. હવે આ બધાંને પાછાં પૂરવા શી રીતે ? દડ દડ એની આંખમાંથી પાણી ઝરવા મંડયાં. એને પ્રતાપ સાંભર્યો. એ બોલાવવા લાગી "પ્રતાપ ! ઓ પ્રતાપ !" ત્યાં તો લીલા પોશાકવાળો પ્રતાપ હાજર થયો. પોતાની લાકડી અડકાડીને એણે બધાં ય નાનાં માણસોને પાછાં પેટીમાં પૂર્યાં.

ઘુરઘુરીનો લાગ કેમે ય કરીને ફાવે નહિ. એના મનમાં થયું કે ગમે તેમ કરીને આને મારી નાખવી જોઇએ. નોકરોને કહીને એણે બાગમાં એક કુવો કરાવ્યો ને એના ઉપર પત્થર

ઢાંકયો. ગૌરીને લઇને એ પત્થર આગળ આવી. પત્થર ઉંચો કરીને ગૌરીને ધકકો માર્યો. ગૌરી કુવામાં પડી, એટલે પાછો પત્થર ઢાંકી દીધો.

કુવામાં માટી પોચી હતી, એટલે ગૌરીને વાગ્યું નહિ પણ ચોમેર ઘોર અંધારૂં. એણે પોતાની દાઇમાને બૂમ પાડી. પણ કોણ સાંભળે ? રડતી રડતી રાજકુમારી જમીન પર જ ઉંઘી ગઇ. ઊંઘમાં એ સ્વપતું જોવા લાગી. જાણે પરીઓની રાણી આવીને એના કાનમાં કહે છે કે "આ જ તારી કબર, રાજકુમારી ! હવે તારૂં મન હોય તો અમારે દેશ તેડી જાઉં."

ગૌરી આ સાંભળીને ઝબકી ઉઠી. ચારે તરફ જાણે જમીન ધ્રૂજતી હતી, ધીરે ધીરે ભીંતમાં એક બાકોરૂં પડયું. એ બાકોરામાંથી ગૌરીએ જોયું તો પરીઓનો દેશ ! ચંદ્રમાનાં અજવાળાથી યે ઉજળું તેજ ચળકી રહ્યું છે એવો પહેલો કાચનો મહેલ—એ મહેલને દરવાજે પરીઓ હાથમાં ફુલની માળા લઇને ઉભેલ છે. બધીએ મળીને ગૌરીને ફુલથી શણગારી. પછી એ રાજકુમારીને રાણીજી પાસે તેડી ગઇ.

ચંદ્ર અને બુનો

ચીન દેશમાં એક રાજા રાજ કરે. તેને હતો એક પ્રધાન. આ પ્રધાન બહુ સેતાન. રાજાના રાજમાંથી ખૂબ ખાઇ જાય. રાજા ભોળો, એટલે પ્રધાનનું કપટ સમજે નહિ.

રાજાએ એક બીજા દેશના રાજાની કુંવરી સાથે લગ્ન કર્યાં, નવી રાણી જેવી સ્વરૂપવાન તેવી જ ચતુર. રાજાજીના રાજના કામકાજમાં પણ એનું ધ્યાન પડે. રાજની બધી યે વાત સમજે. એને પરણીને રાજા બહુ સુખમાં દિવસો ગુજારતા. પણ પ્રધાનની લુચ્ચાઇ હવે ચાલતી નહોતી, કેમકે રાણીની આંખમાં ધૂળ નાખીને કાંઇ થઇ શકે તેવું નહોતું.

પ્રધાને તો ખટપટ આદરી. રાજાજીના કાન ભંભેર્યા કે રાણી તમોને મારી નાખીને પોતાના ભાઇને રાજગાદીએ બેસાડશે. ખોટા સાક્ષી ઉભા કર્યા. બનાવટી કાગળીઆ બનાવ્યા અને ઝેરના લાડવા પણ તૈયાર કરાવ્યા.

ભોળો રાજા ભરમાઇ ગયો અને હુકમ કર્યો કે રાણીને વનમાં મુકી આવો.

રાણી તો ચોધાર આંસુ પાડતી વનમાં ચાલી, સાથે નાનાં બાળક અને નિમકહલાલ નોકર.

ઘોર જંગલ! રાત પણ પડી ગઇ.

નોકર કહે કે "માજી! તમે આંહી બેસો તો હું વનમાંથી થોડાં લાકડાં વીણી આવું. રાતે ટાઢ વાશે. વળી જંગલી જનાવર પણ આવે. લાકડાનું બળતું કરશું તો જ રાત નીકળશે." એમ કહીને નોકર ગયો વનમાં લાકડાં વીણવા.

રાજાની રાણી: ફુલ જેવા તો એના પગ: મહેલ બહાર કોઇ દિવસ પગ નથી મૂકયો. ટાઢ તડકો દેખેલ નથી. આજ આખો દિવસ ચાલી ચાલીને એ થાકી ગયેલી. એટલે ઉંઘ આવી ગઇ. પડખામાં બે બાળકો પણ ધાવતાં ધાવતાં સૂઇ ગયાં.

થોડી વારે રાણી જાગીને જુએ ત્યાં તો એણે ચીસ પાડી. એણે શું જોયું? એક મોટું રીંછ એના એક છોકરાને મોઢામાં પકડીને ઉપાડી જાય છે. ચીસો પાડતી પાડતી રાણી એ રીંછની પાછળ દોડી. દોડતાં દોડતાં કેટલેય આઘે નીકળી ગઇ.

આ તરફ એવું બન્યું કે એ જ રાણીના બાપનો દેશ નજીક હતો. ત્યાંથી એનો ભાઇ વનમાં શિકારે નીકળેલો. એ રાજા ત્યાં આવી પહોંચ્યો. ઝાડની નીચે જુએ ત્યાં તો એક સુંદર બાળક સૂતેલું. રાજાને થયું કે ઓહો ! આ તો કોઇ દેવાંગનાનો દીકરો લાગે છે. એમ કહીને એ છોકરાને પોતાને દેશ લઇ ગયો.

હવે રાણી તો ખૂબ ભટકી પણ રીંછ હાથ ન આવ્યું. ત્યાં તો એને સાંભર્યું કે અરેરે ! મારૂં બીજું બાળક એ ઝાડ નીચે પડી રહ્યું છે. વળી ત્યાંથી એ પાછી દોડી, અને આવી એ ઝાડ નીચે, ત્યાં તો બીજું બાળક પણ ન મળે. હાય હાય ! મારા બેય છોકરાને ઉપાડી ગયા ! એમ કહીને તે ખુબ રોઇ. એવી જુવાન સુકોમળ રાણીને છાતીફાટ રોતી સાંભળીને જંગલનાં ઝાડવાં પણ જાણે એની દયા ખાતાં હતાં. પવન પણ થંભી ગયો અને આકાશમાં પુનમનો ચંદ્રમા એક ટશે એની સામે જોઇ રહ્યો હતો.

નોકર પણ આવી પહોંચ્યો. એણે કહ્યું "માજી ! તમારા ભાઇનો દેશ આંહીથી આઘે નથી. ચાલો, ત્યાં જશું ?" રાણીએ કહ્યું 'ભલે.' પણ એના દુઃખનો પાર નહોતો. થોડીવારમાં તો એક લોઢાના દાંતવાળો ને લોઢાના હાથ-પગવાળો રાક્ષસ આવ્યો. તે નોકરને ગદાથી મારી રાણીને ઉપાડી ગયો.

હવે આ તરફ રીંછ એ છોકરાને પોતાની બખોલમાં

લઇ ગયું ત્યાં એના બચ્ચાંની પાસે એ બાળકને મુકયું. બચ્ચાં ભૂખ્યાં હતાં. પણ કોણ જાણે શું થયું કે બચ્ચાં એ બાળકને ખાય નહિ. ઉલટાં એને શરીરે ને મ્હોંયે ચાટવા મંડ્યાં. એ બાળકને પણ બહુ જ આનંદ થતો હતો એટલે તે હસવા લાગ્યો. હાથ લાંબા કરીને રીંછનાં બચ્ચાંની ડોકે વળગવા લાગ્યો. રીંછણને પણ બહુજ હેત ઉપજ્યું. પછી તે પોતાનાં બચ્ચાંની સાથે સાથે એ છોકરાને પણ રીંછણ ધવરાવવા લાગી, એ છોકરો મોટો થવા મંડયો.

ઓહો ! શું એ છોકરાનું જોર ! જંગલના કોઇ જનાવરને જુએ કે તે દોડીને એનો જીવ લ્યે. મોટાં મોટાં રીંછ સાથે કુસ્તી કરે. આખા જંગલનાં જનાવર એની પાસે ગરીબ ગાય જેવાં. એક તો રાજાનો છોકરો, તેમાં વળી રીંછણનું ધાવણ ધાવ્યો. દિવસ જતા ગયા તેમ એનો ત્રાસ વધતો ગયો. જંગલમાં કોઇ માણસ પગ મેલી ન શકે. એના લાંબા લાંબા વાળ : મોટી દાઢી : હાથપગના નહોર વધેલા : અને નાગોપુગો ! આખા વનને ધ્રુજાવે લોકોએ એનું નામ પાડયું બુનો.

બીજી તરફ એવું બન્યું કે બીજા છોકરાને રાજા ઉપાડી ગયો ને એનું નામ પાડયું ચંદ્ર, કેમકે તે દિવસ પૂનમની રાત હતી. ચંદ્રને રાજા પોતાના દીકરાની જેમ રાખે.

ચંદ્ર દિવસે ન વધે એવો રાતે વધે અને રાતે ન વધે એવો દિવસે વધે. એનું રૂપ તો કયાંય માય નહિ.

રાજાએ એને ભણાવ્યો. મહારથીનાં પણ માન મુકાવે એવો ચંદ્રકુમાર થયો.

દેશમાં પોકાર થયો કે જંગલમાં કોઇ માનવીના રૂપ-વાળું રીંછ રંઝાડ કરી રહ્યું છે. મોટા રસ્તા બંધ થયા છે, ગામડાં ઉજ્જડ થયાં છે ને માણસો ખોવાયાં છે.

રાજાજી સભા ભરીને કહે કે "આ રીંછને મારવા કોણ જાય છે?" સભામાં બધાયનાં મોઢાં ઉતરી ગયાં. કોઇ બીડું ઝડપે નહિ. ત્યારે પછી ચંદ્રકુમાર કહે કે "એ તો મારૂં કામ."

જંગલમાં ચંદ્રકુમાર એકલો ચાલ્યો. ઢાલ તરવાર બાંધેલી, એટલામાં તો "હુહુ" કરતો બુનો આવી પહોંચ્યો. કોણ જાણે કેમ ચંદ્રકુમારના મનમાં હેત ઉપજ્યું. એને થયું કે અહા! આ પ્રાણીને મારી નખાય નહિ, એને પકડીને રાજમાં લઇ જઇશ.

બુનોએ તરાપ મારી. ઘડી એક પલમાં તો ચન્દ્રકુમારના પ્રાણ જાત, પણ એ બહાદૂર કુમારે તુરત જ પોતાની ચક-ચકતી ઢાલ આડી ધરી. એકદમ બુનો પાછો હઠયો. એ ચકચકતી ઢાલમાં એણે પોતાનું રૂપ જોયું એને થયું કે 'ઓહો! શું હું માણસ જેવો છું?' એકદમ એનું ઝનૂન ઓછું થઇ ગયું. ચંદ્રકુમાર ફાવ્યો. એણે બુનોને તરવાર ભોંકી. થાકીને બુનો પડી ગયો. ચંદ્રકુમાર કહે કે, ચાલ,

મારી સાથે." બુનોના મનમાં માનવીના જેવી મમતા વછુટી. એ ચંદ્રકુમાર સાથે પાળેલા પ્રાણીની પેઠે ચાલ્યો ગયો.

રાજમાં આવ્યા ત્યાં તો લોકોની દોડાદોડ. મા છોકરૂં મુકીને ભાગે. ધણી બાયડી મુકીને પલાયન કરે, વેપારી દુકાન છોડી દોટ કાઢે. ચંદ્રકુમાર બુનોને લઈને જ્યાં રાજદરબારમાં જાય ત્યાં તો બૂમાબૂમ થઇ રહી. ચંદ્રકુમારે કહ્યું "બીશો નહિ, બુનો આપણો દોસ્ત બન્યો છે." પછી તો નાનાં નાનાં છોકરાં પણ બુનોની પાસે આવે ને એને પંપાળે. બુનો એના મોઢાં ચાટે. કોઇ નઠોર છોકરૂં વળી એને લાકડી પણ મારી જાય. પણ બુનો તો બોલે નહિ, ચાલે નહિ ને બેઠો બેઠો હસ્યા કરે.

આમ દિવસો સુખમાં કાઢે છે ત્યાં વળી માણસોનાં ટોળાં ને ટોળાં પોકાર કરતાં આવ્યાં કે "એક લોઢા રાક્ષસ આવીને માણસોને મારી જાય છે. કોઇ રક્ષા કરો ! રક્ષા કરો ! "

લોઢા રાક્ષસને કોણ મારવા જાય ? સહુએ કહે કે "મોકલો આ બુનોને. બેઠો બેઠો ખાધા જ કરે છે. અને આ રાજકુમારને પણ મોકલો. એને આવડો મોટો પગાર છે ને વળી પોતાના પરાક્રમનું એને બહુ જ ગુમાન છે. હવે જોઇ લેશું કે એનામાં કેટલું પાણી છે."

બુનો ને ચંદ્રકુમાર તૈયાર થયા. મંડ્યા ચાલવા. કેટલાં

કેટલાં વન વીંધ્યાં, કેટલા ડુંગરા ચડયા, કેટલીયે મોટી મોટી નદીઓ તર્યા. પછી આવ્યો એક લોઢાનો પહાડ. આખો પહાડ લોઢાનો. ઝાડનું એક તરણું યે નહિ. સૂરજના તાપમાં તપી તપીને પહાડ રાતોચોળ થયેલો. એ પહાડની અંદર લોહપૂરી નામે નગરી. નગરીને દરવાજે રાક્ષસોની ચોકી. અને મોટા મોટા ઘંટ બાંધેલા. આ બે ભાઇઓ પહોંચ્યા ત્યાં તો ઘંટ "ટણુણુ ટણુણુ" વગડવા લાગ્યા. ઘડી વારમાં તો લોઢા રાક્ષસ આવી પહોંચ્યો. આ બે જણાને જોઇને તે ખુબ હસ્યો, "હા! હા! હા! તમે મને મારવા આવ્યા છો? ઠીક, આ ઝાડ ઉપર મારી ઢાલ લટકે છે. એને જરા ઉપાડો તો! કેટલુંક જોર છે તમારામાં?"

ચંદ્રકુમાર ઢાલને ઉપાડવા ઉઠયો. પણ ઢાલ જરાયે ચસ્કે જ શેની! ભોંઠા પડીને ભાઇ સાહેબ પાછા વળ્યા. રાક્ષસે હસીને બુનોને કહ્યું, "આવો બેટાજી તમે."

બુનોએ આખાં ઝાડને ઝાલીને હલાવ્યું. કડકડ કરતું ઝાડ નીચે પડયું. ઢાલ નીચે પડી. આખો લોઢાનો પહાડ ધ્રુજી ઉઠયો, રાક્ષસના શરીરમાંથી જોર ચાલ્યું ગયું. રાક્ષસ મરવા જેવો થયો. મરતાં મરતાં બોલ્યો કે "મારૂં મોત આ ઢાલમાં હતું. આ ઢાલને ઉપાડનાર કોઇ જેવો તેવો ન હોય. મને વરદાન હતું કે જંગલના જનાવરને ધાવીને જે માણસ ઉછર્યો હશે તેને હાથે જ હું મરીશ."

રાક્ષસ મરી ગયો. ચંદ્રકુમાર અને બુનો એ નગરીમાં

ગયા. ત્યાં તો મોટાં મોટાં બંદીખાનામાં અપરંપાર માણસોને પૂરેલાં જોયાં. બધાને ચંદ્રકુમારે છોડયાં એક ઠેકાણે એક સુંદર બાઇ બેઠી બેઠી રડતી હતી. એના હાથ પગમાં બેડીઓ બાંધેલી. કુમારે એની બેડીઓ છોડીને પૂછ્યું કે "માડી! તમે કોણ છો ?"

બાઇએ કહ્યું કે "હું ચીન દેશના રાજાની રાણી છું, મારા પતિએ મને વનવાસ દીધો, મારાં છોકરાં જંગલમાં ખોવાણાં, આજ વીસ વરસ થયાં હું આંહે પડી પડી રડું છું. આંહી એક વામનજી પણ છે. તેને તમે છોડાવો."

આઘે એક પત્થરની મોટી મૂર્તિ ઉભી હતી. ત્યાં એક વામનજી બેઠેલા. એણે કહ્યું કે "તમે મને છોડાવો છો તેથી હું પણ તમને એનો બદલો દઇશ." એમ કહીને એણે પત્થરની મૂર્તિને ટકોરા માર્યા ને પૂછ્યું, "હે મૂર્તિ કહે આ કોણ છે ?"

મૂર્તિને વાચા થઇ, એણે ચન્દ્રકુમારને કહ્યું, "તને ખબર છે ! તારાં માબાપ કોણ ?"

ચન્દ્રકુમાર કહે, "ના, ઓ દેવી ! મને બધાં ય નમાયો કહે છે."

મૂર્તિ કહે, "આ સામે ઉભી એ તારી મા. તારો ભાઇ બતાવું ? આ સામે ઉભેલો બુનો તારો ભાઇ."

પેલી બાઇ કહે, "ઓ દૈવી મૂર્તિ ! મને બધો ભેદ સમજાવો."

પછી મૂર્તિએ બધી વાત કહી.

મા અને બે દીકરા ખૂબ ભેટયાં. ત્રણે જણાં રાજમાં ગયાં ત્યાં ખબર મળી કે આ તો આપણા મામાનું રાજ. મામા પણ બેઉ ભાણેજોને ખૂબ ભેટયા. બેય કુમારોને લઇને રાણી ચીનમાં ગયાં.

ચીનના રાજાએ પણ રાણીને વનવાસ કાઢયા પછી સાચી વાત જાણી પ્રધાનને દેશનિકાલ કર્યો હતો. તેણે તો પોતાની રાણીને મરી ગયેલી જ માનેલી. રાણી ! ઓ રાણી ! એવા પોકારો કરીને એ ઝુરતો હતો ત્યાં એને રાણી આવ્યાના સમાચાર મળ્યા. જઇને એ રાણીના પગમાં પડી ગયો. કુંવરોને રાજ સોંપીને પોતે ઇશ્વરનું ભજન કરવા મંડયો.

લક્ષ્મી

એક ગામમાં એક કજીઆળી બ્રાહ્મણી રહેતી. એને બે દીકરી. મોટીનું નામ રાણી. રાણી બહુ જ ખરાબ; એની મા જેવી કજીઆળી, નાનીનું નામ લક્ષ્મી. લક્ષ્મીનું જેવું નામ એવા જ એના ગુણ.

પણ મા તો લક્ષ્મીને દેખી જ શકે નહિ. રાણી પોતાના જેવી ખરી ને, એટલે એ માને વહાલી લાગે. લક્ષ્મી બિચારી કામ કરીને તૂટી મરે, રાણી કુભારજા જેવી, તદન કુબડી. આખો દિવસ પગ ઉપર પગ ચડાવીને ઘરને ખુણે બેઠી રહે. લક્ષ્મી નાની તોયે બહુ મહેનતુ છોડી રાંધણું કરે, સંજવારી કાઢે ને પરોઢીએ ઉઠીને એક મોટી ગાગર હાથમાં લઈને પાસેના ઝરણમાં પાણી ભરવા જાય.

એક દિવસ લક્ષ્મી પાણી ભરવા ગઈ હતી. ત્યાં એક ડોસી આવી. ડોસી કહે "બેટા! મને થોડુંક પાણી દઈશ? મને બહુ તરસ લાગી છે."

ડોશીનાં મેલા મેલાં લુગડાં; બિચારી વાંકી વળીને ચાલે;

લાકડીનો ટેકો દેતી જાય. એ જોઇને લક્ષ્મીને બહુ દયા આવી. ઝટ ઝટ જઇને સારૂં પાણી ભરી આવી. ને પાણી ડોશીને પાયું.

પણ એ કાંઇ ડોશી નહોતી. એ તો એક પરી હતી. પાણી પીને એણે કહ્યું, "માડી, તું બહુ ડાહી દીકરી છે. તને વરદાન આપું છું કે તું જ્યારે જ્યારે બોલીશ ત્યારે તારા મોઢામાંથી હીરા મોતી ઝરશે."

પાણી ભરીને લક્ષ્મી ઘેર આવી. મા એને વઢવા મંડી કે "નભાઇ! કયાં હતી અત્યાર સુધી?" લક્ષ્મી બોલી કે "મા! મા! એક ડોસી—" આટલું બોલતાં બોલતાં તો એના મોઢામાંથી ટપ ટપ કરતા હીરા મોતી ઝરવા લાગ્યા. બ્રાહ્મણી તો થંભી ગઇ. એકવાર લક્ષ્મી સામે જુએ ને બીજી વાર હીરા મોતી સામે ટાંપે એ તો બોલવા જ મંડી કે "ઓય, ઓય, ઓય!"

પછી લક્ષ્મીએ એ ડોશીની વાત કહી. એ સાંભળીને બ્રાહ્મણી બોલી, "માડી રે! સાચે સાચ શું એવું? તો રાણીને કાલ મોકલીએ. રાણી! એ બેટા રાણી! ઝટ ચાલ તો! આમ તો જો!"

ત્યાં તો રાણી આવી. મા કહે "કાલ તું પાણી ભરવા જાજે. જોજે હો, એ ડોશીની સાથે કજીઓ કરતી નહિ."

બીજે દિવસે પરોઢીયું થયું નહિ ત્યાં તો રાણીને ગાગર આપીને ઝરણામાં મોકલી. રાણીતો તદ્દન માંદા જેવી, એને કાંઇ પાણી ભરવાનું મન નહોતું. એને તો હીરામોતી જોઇતાં હતાં. જઇને જ્યાં ગાગર ભરે, ત્યાં તો પેલી ડોશી આવીને ઉભી. ડોશી બિચારી હાંફતી હાંફતી કહે કે "માડી! થોડુંક પાણી દઇશ?"

રાણી તો ખીજાઇને બોલી, "તારા બાપનું કાંઇ માગે છે? આઘી જા, ડોકરી!"

પેલી તો ડોશી નહોતી, પરી હતી. એણે રાણીને વરદાન દીધું કે, "જા, તું બોલીશ ત્યારે તારે મોઢેથી એરૂ ને વીંછી ઝરશે!"

રાણી ઘેર ગઇ ત્યાં તો મા દોડતી દોડતી આવી. કહે કે "બેટા, શું થયું?"

રાણી તો ખીજમાં ને ખીજમાં કહે કે "શું રાખ થાય?"

આટલું બોલી ત્યાં તો કાળા કાળા એરૂ વીંછી એના મોઢામાંથી ખરવા લાગ્યા. જરાક બોલે ત્યાં એરૂ વીંછી ખરે.

મા દીકરીએ નક્કી કર્યું કે આ લક્ષ્મીનાં જ કામાં.

બેય જણી લક્ષ્મીને મારવા જાય ત્યાં તો આડી આવીને પરી ઉભી રહી. પરી કહે કે "હું જ એ ડોશી! આ બેય છોડીઓને તેમની પોતાની કરણીનાં ફળ મળ્યાં છે. તમારે ઘેર કાંઇ લક્ષ્મી શોભે? એમ કહીને તે લક્ષ્મીને પોતાને દેશ તેડી ગઇ.

[સમાપ્ત]